# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

25 DECEMBER-2025 THURSDAY

વર્ષ-15 । અંક-044 । વિક્રમ સંવત-2082 । પોષ સુદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

કોલ્ડપ્લે પછી હવે શકીરાનો વારો...? ગુજરાત 'પોપ ક્વીન'નું સ્વાગત કરવા આતુર





પેજ-09

14 છગ્ગા, 33 બોલમાં તોફાની સદી, સ્ટાર બેટર ઈશાન કિશને બતાવ્યો 'પાવર'


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 17.00 |
| વડોદરા | 29.00 | 16.00 |
| સુરત | 30.00 | 18.00 |




પેજ 5

સોનાના ભાવ વધતાં સામાજિક રિવાજો પણ બદલાયા, બીજી તરફ ફિઝિકલ





પેજ 10

લીબિયાના આર્મી પ્રમુખ અલી અહેમદ અલ-હદ્દાદનું વિમાન દુર્ઘટનામાં મોત


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 85408.70 | ▼ | 116.14 |
| નિફ્ટી | 26142.10 | ▼ | 035.05 |
| સોનું | 138200.00 | ▲ | 315.00 |
| ચાંદી | 223325.00 | ▲ | 3672.00 |






### 'ઘાયલ' અરવલ્લીને બચાવવા માટે સરકારનો મોટો આદેશ, હવે કોઈ નવા ખાણકામની મંજૂરી નહીં

# અરવલ્લીમાં માઈનિંગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ

### ગુજરાતથી દિલ્હી સુધી નવી ખાણકામ લીઝ પર પ્રતિબંધ મૂકાયો




(એજન્સી) નવી દિલ્હી | તા.24

દિલ્હીથી ગુજરાત સુધી ફેલાયેલી સમગ્ર અરવલ્લી પર્વતમાળાને ગેરકાયદેસર ખાણકામથી બચાવવા અને સંવર્ધન કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEF&CC) એ રાજ્યોને અરવલ્લીમાં કોઈપણ નવા ખાણકામ લીઝ આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદતા નિર્દેશો જારી કર્યા છે. આ પ્રતિબંધ સમગ્ર અરવલ્લી લેન્ડસ્કેપમાં સમાન રીતે લાગુ પડે છે અને શ્રેણીની અખંડિતતા જાળવવાનો હેતુ ધરાવે છે. આ નિર્દેશોનો ઉદ્દેશ્ય અરવલ્લી પર્વતમાળાને ગુજરાતથી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર સુધી ફેલાયેલી સતત ભૂસ્તરશાસ્ત્રીય સાંકળ તરીકે સુરક્ષિત કરવાનો અને બધી અનિયંત્રિત ખાણકામ પ્રવૃત્તિઓને રોકવાનો છે.

વધુમાં, MoEF&CC એ ભારતીય વન સંશોધન અને શિક્ષણ પરિષદ (ICFRE) ને કેન્દ્ર દ્વારા ખાણકામ માટે પહેલાથી જ પ્રતિબંધિત વિસ્તારો ઉપરાંત, પર્યાવરણીય, ભૂસ્તરશાસ્ત્રીય અને લેન્ડસ્કેપ વિચારણાઓના આધારે અરવલ્લી પર્વતમાળામાં વધારાના વિસ્તારો/ઝોન ઓળખવાનો નિર્દેશ આપ્યો છે.

### વૈજ્ઞાનિક અને વ્યાપક ટકાઉ ખાણકામ વ્યવસ્થાપન યોજના

ICFRE સમગ્ર અરવલ્લી પ્રદેશ માટે એક વૈજ્ઞાનિક અને વ્યાપક ટકાઉ ખાણકામ વ્યવસ્થાપન યોજના (MPSM) તૈયાર કરશે. આ યોજનામાં કુલ પર્યાવરણીય અસર મૂલ્યાંકન, સંવેદનશીલ વિસ્તારોની ઓળખ, પુનઃસ્થાપન પગલાં અને ખાણકામ વહન ક્ષમતા અભ્યાસનો સમાવેશ થશે. એકવાર યોજના પૂર્ણ થઈ જાય, પછી તેને હિસ્સેદારો પાસેથી ઈનપુટ મેળવવા માટે જાહેર કરાશે. આનાથી અરવલ્લી પ્રદેશમાં સંરક્ષિત વિસ્તારનો વધુ વિસ્તાર થશે, ખાસ કરીને સ્થાનિક ભૂગોળ, ઈકોલોજી અને જૈવવિવિધતાને ધ્યાનમાં રાખીને.

### પર્વતમાળાનું સંરક્ષણ જરૂરી

કેન્દ્ર સરકારનું માનવું છે કે જૈવવિવિધતાનું રક્ષણ કરવા, ભૂગર્ભજળના સ્તરને જાળવવા અને પ્રદેશને પર્યાવરણીય સેવાઓ પૂરી પાડવા માટે અરવલ્લી પર્વતમાળાનું સંરક્ષણ જરૂરી છે. આ નિર્ણય લાંબા સમયથી ચાલી આવતી અરવલ્લી સંરક્ષણ ચર્ચામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તે ભવિષ્યમાં ટેકરીઓનું વધુ સારું રક્ષણ સુનિશ્ચિત કરશે.



### હાલની ખાણોનું કડક નિરીક્ષણ

- **નવી ખાણો પર સંપૂર્ણ પ્રતિબંધ**

સમગ્ર અરવલ્લી પ્રદેશમાં કોઈ નવી ખાણકામ લીઝ આપવામાં આવશે નહીં. ગેરકાયદેસર ખાણકામની વધતી જતી સમસ્યાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અરવલ્લીની કુદરતી રચનાને જાળવી રાખશે અને પર્યાવરણીય નુકસાનને અટકાવશે.

- **સંરક્ષિત વિસ્તાર વધુ વિસ્તરશે**

કેન્દ્રએ ભારતીય વન સંશોધન અને શિક્ષણ પરિષદ (ICFRE) ને અરવલ્લી પ્રદેશમાં વધારાના વિસ્તારો ઓળખવા નિર્દેશ આપ્યો છે જ્યાં ખાણકામ સંપૂર્ણપણે પ્રતિબંધિત રહેશે. આ કાર્ય પહેલાથી જ પ્રતિબંધિત વિસ્તારો ઉપરાંત હશે અને ઈકોલોજીકલ, ભૂસ્તરશાસ્ત્રીય અને લેન્ડસ્કેપ વિચારણાઓ પર આધારિત હશે.

# દેશમાં શરૂ થશે 2 નવી એરલાઈન્સ

### બદલાશે હવા...ઈન્ડિગોની મનમાની પર સરકારની બ્રેક

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ભારતીય એવિએશન સેક્ટરમાં અત્યાર સુધી ગણ્યા-ગાંઠ્યા ખેલાડીઓનું વર્ચસ્વ હતું, જેના કારણે મુસાફરોએ ઘણીવાર ઊંચા ભાડા અને મનમાનીનો સામનો કરવો પડતો હતો. જોકે, હવે આ એકહથ્થુ શાસન તોડવા માટે કેન્દ્ર સરકારે કમર કસી છે. સરકારે હવે ઈન્ડિગોની મનમાની નહીં ચાલે ! તેવા મક્કમ સંકેત આપતા ‘અલ હિંદ એર’ અને ‘ફ્લાય એક્સપ્રેસ’ નામની બે નવી એરલાઈન્સને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) આપી દીધું છે. આ નિર્ણયથી આગામી સમયમાં હવાઈ મુસાફરોને વધુ વિકલ્પો અને સસ્તી ટિકિટો મળવાની આશા જાગી છે.

**બજારમાં સ્પર્ધા વધારવા સરકારનો એક્શન પ્લાન**

હાલમાં ઈન્ડિગો અને ટાટા ગ્રુપની એર ઈન્ડિયાનો દબદબો છે. દેશના લગભગ 90 ટકા મુસાફરો આ બે કંપનીઓની સેવાનો ઉપયોગ કરે છે. તાજેતરમાં ઈન્ડિગોની સિસ્ટમ ખોરવાતા હજારો મુસાફરો હેરાન-પરેશાન થઈ ગયા હતા, ત્યારથી આ સેક્ટરમાં વધુ એરલાઈન્સની જરૂર હોવાનું લાગી રહ્યું છે.

**નાના શહેરોને મળશે ફાયદો :** ‘ઉડાન’ યોજના હેઠળ સ્ટાર એર અને ફ્લાય91 જેવી કંપનીઓ પહેલેથી કાર્યરત છે. હવે આ નવી એરલાઈન્સ આવવાથી ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં કનેક્ટિવિટી વધશે. આ પગલાથી માત્ર મોટા શહેરો જ નહીં પરંતુ નાના શહેરોના મુસાફરો માટે પણ વિમાન મુસાફરી વધુ સરળ અને સસ્તી બનશે.




### બંને નવી એરલાઈન્સની વિગતો

‘અલ હિંદ એર’ એરલાઈન્સ (Al Hind Air Airlines) કેરળ સ્થિત અલહિંદ ગ્રુપની છે, જે ટ્રાવેલ અને ટુરિઝમ સેક્ટરમાં જાણીતું નામ છે. જ્યારે હૈદરાબાદની ‘ફ્લાય એક્સપ્રેસ’ (Fly Express Airlines) કંપની અત્યાર સુધી કુરિયર અને કાર્ગો સેવાઓમાં સક્રિય હતી, જે હવે પેસેન્જર સેવાઓમાં પણ ઝંપલાવશે. આ ઉપરાંત, ‘શંખ એર’ને પણ અગાઉ મંજૂરી મળી ચૂકી છે, જે ઉત્તર પ્રદેશના મુખ્ય શહેરોને જોડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# દિલ્હીની હવાની ગુણવત્તામાં સુધારો

### GRAP-4 પ્રતિબંધો હટાવાયા

(એજન્સી) નવી દિલ્હી | તા.24

દિલ્હીમાં હવાની ગુણવત્તામાં સુધારો થયા બાદ, GRAP-4 પ્રતિબંધો હટાવી લેવાયા છે. વધતી જતી હવાના પ્રદૂષણને પગલે લાદવામાં આવેલા GRAP-4 વાયુ પ્રદૂષણ નિયંત્રણ પ્રતિબંધો એક અઠવાડિયા પછી હટાવી લેવામાં આવ્યા છે. ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) સબ-કમિટીએ આજે એક બેઠકમાં જણાવ્યું હતું કે દિલ્હીમાં હવાની ગુણવત્તામાં સુધારો થયો છે. એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશને આજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગઈકાલે રાતથી ભારે પવન અને અનુકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે દિલ્હીના એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI)માં નોંધપાત્ર સુધારો થયો છે. CAQM એ જણાવ્યું હતું કે GRAP 1 થી 3 હેઠળના તમામ પગલાં અમલમાં રહેશે.

# ભારતમાં અમેરિકન એમ્બેસી 3 દિવસ માટે બંધ : વિઝા જેવી સેવાઓ નહીં મળે

(એજન્સી) નવી દિલ્હી | તા.24

જો તમે અમેરિકન વિઝા, પાસપોર્ટ અપોઈન્ટમેન્ટ કે અન્ય કોઈ કાઉન્સિલર કામકાજ માટે 24થી 26 ડિસેમ્બરના દિવસોમાં દૂતાવાસ જવાનો પ્લાન બનાવ્યો હોય તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્ત્વના છે. કારણ કે આ ત્રણ દિવસ સુધી દિલ્હી સ્થિત અમેરિકન દૂતાવાસ અને તમામ વાણિજ્ય દૂતાવાસ ત્રણ દિવસ માટે બંધ રહેવાના છે.

### દૂતાવાસ બંધ થવાનું સાચું કારણ શું?




વાસ્તવમાં, 18 ડિસેમ્બરે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા. આ ઓર્ડર મુજબ, યુએસ ફેડરલ સરકારના તમામ એક્ઝિક્યુટિવ વિભાગો અને એજન્સીઓ 24 અને 26 ડિસેમ્બરે સંપૂર્ણપણે બંધ રહેશે, અને કર્મચારીઓને વિરામ આપવામાં આવશે. કારણ કે યુએસ એમ્બેસી પણ ફેડરલ સરકાર હેઠળ આવે છે.

### સેવાઓ કઈ તારીખે બંધ?

- 24 ડિસેમ્બર, 2025 (બુધવાર)
- 25 ડિસેમ્બર, 2025 (નાતાલ દિવસ)
- 26 ડિસેમ્બર, 2025 (શુક્રવાર)

### આ ત્રણ દિવસોમાં

- વિઝા ઈન્ટરવ્યુ
- પાસપોર્ટ સંબંધિત સેવાઓ
- OCI, નાગરિકતા અને કોન્સ્યુલર કાર્ય
- સંપૂર્ણપણે બંધ રહેશે.

# અંતિમ શ્વાસ સુધી જેલ..., MPમાં સગીરા સાથે ગેંગરેપ કેસમાં મહંત સહિત 5 દોષિત

(એજન્સી) નવી દિલ્હી | તા.24

મધ્યપ્રદેશના રીવા જિલ્લાની વિશેષ અદાલતે રાજનિવાસ ગેંગરેપ કેસમાં મહત્વનો નિર્ણય સંભળાવતા મુખ્ય આરોપી મહંત સીતારામ દાસ ઉર્ફે સમર્થ ત્રિપાઠી સહિત પાંચ આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. ન્યાયાધીશ પદ્મા જાટવની કોર્ટે આ પાંચેય આરોપીઓને તેમના અંતિમ શ્વાસ સુધી આજીવન કેદની સજા ફટકારી છે અને દરેક દોષિત પર એક-એક લાખ રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે. આ ચકચારી ઘટના 28 માર્ચ-2022ના રોજ બની હતી.



### પાંચ દોષિત, ચાર નિર્દોષ, 22 સાક્ષીઓના નિવેદન લેવાયા

કોર્ટે આ મામલે મહંત સીતારામ દાસ, વિનોદ પાંડે, ધીરેન્દ્ર મિશ્રા, અંશુલ મિશ્રા અને મોનુ પ્યાસીને કડક સજા સંભળાવી છે. જ્યારે પુરાવાઓના અભાવે સંજય ત્રિપાઠી, રવિશંકર શુક્લા, જાનવી દુબે અને તૌસીદ અંસારી એમ ચાર આરોપીઓને નિર્દોષ જાહેર કરી મુક્ત કર્યા છે. પોલીસે આ કેસમાં 22 સાક્ષીઓના નિવેદન અને 140 જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા.

# શાહજહાંપુરમાં ટ્રેનની અડફેટે આવતા 5 લોકોના મોત

### રેલ્વે ટ્રેક ક્રોસ કરી રહ્યા હતા

(એજન્સી) શાહજહાંપુર | ઉત્તર પ્રદેશના શાહજહાંપુર જિલ્લાના રોઝા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બુધવારે એક મોટો રેલ અકસ્માત થયો. રોઝામાં રેલ્વે કેબિન પાસે પાટા ઓળંગી રહેલા લોકોને લખનૌથી આવતી હાઈસ્પીડ ટ્રેને ટક્કર મારી હતી. આ દુઃખદ અકસ્માતમાં 5 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ઘટનાની માહિતી મળતા જ રેલ્વે પોલીસ અને સિવિલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે પાંચેય મૃતદેહોને કબજે લીધા હતા અને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી, મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકઠા થઈ હતા. રેલ્વે પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત અતસાલિયા રેલ્વે ક્રોસિંગથી થોડે દૂર રોઝામાં રેલ્વે કેબિન પાસે થયો હતો.



### ઉન્નાવ રેપ પીડિતાએ રાહુલને મળી


નવી દિલ્હી | પીડિતા અને તેના પરિવારે બુધવારે સોનિયા ગાંધીના નિવાસસ્થાન, 10 જનપથ ખાતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી. મુલાકાત દરમિયાન પીડિતાએ પોતાનું દુઃખ વ્યક્ત કર્યું અને મદદ માટે વિનંતી કરી. અહેવાલો અનુસાર, પીડિતા અને તેના પરિવારે રાહુલ ગાંધીને ત્રણ મુખ્ય વિનંતીઓ કરી. તેમણે સુપ્રીમ કોર્ટમાં કુલદીપ સેંગરનો કેસ લડવા માટે વકીલ મેળવવામાં મદદની વિનંતી કરી. રાહુલે તેમને ખાતરી આપી કે તેઓ તેમને મદદ કરશે.

### 20 વર્ષ પછી ઉદ્ધવ-રાજ ઠાકરેની પાર્ટીમાં ગઠબંધન

(એજન્સી) મુંબઈ | મહારાષ્ટ્રમાં ઉદ્ધવ અને રાજ ઠાકરે 20 વર્ષ પછી એકસાથે ચૂંટણી લડવા જઈ રહ્યા છે. શિવસેના (યુબીટી) અને મનસે મળીને બીએમસી ચૂંટણી લડશે. બુધવારે બંને ભાઈઓએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને તેની જાહેરાત કરી. ગઠબંધન અંગે ઉદ્ધવે કહ્યું કે અમારી વિચારસરણી એક છે, જો વહેંચાઈશું તો વિખેરાઈ જઈશું. મહારાષ્ટ્ર માટે આપણે બધા એક છીએ. આ પહેલા બંને નેતાઓ શિવાજી પાર્ક સ્થિત બાળાસાહેબના સ્મારક પહોંચ્યા અને શ્રદ્ધાંજલિ આપી. છેલ્લા પાંચ મહિનામાં આ બીજી વખત છે જ્યારે ઠાકરે ભાઈઓએ મંચ શેર કર્યો. 2006માં બાળાસાહેબની રેલીમાં સાથે જોવા મળ્યા હતા.

### ગડકરીનો ચોંકાવનારો ખુલાસો

નિતિન ગડકરીએ એક પુસ્તક વિમોચન પ્રસંગે ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે, હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયેહની હત્યાના ગણતરીના કલાકો પહેલા જ તેમની મુલાકાત થઈ હતી. ગડકરી ઈરાનના નવા પ્રમુખ મસૂદ પેઝેશ્કિયનના શપથ ગ્રહણ સમારોહમાં તેહરાન ગયા હતા. ગડકરીએ કહ્યું કે, શપથ ગ્રહણ બાદ ગડકરી પોતાની હોટલ પર પરત ફર્યા હતા, પરંતુ રાત્રે લગભગ 4 વાગ્યે ભારતીય રાજદૂતે તેમને તાત્કાલિક હોટલ છોડવા જણાવ્યું હતું



# ભારતમાંથી દર વર્ષે બે લાખ લોકો કેમ છોડી રહ્યા છે નાગરિકતા?




(એજન્સી) દિલ્હી | જેતરમાં સંસદમાં રજૂ કરાયેલી માહિતી પ્રમાણે, દર વર્ષે 2 લાખથી વધુ ભારતીયો ભારતીય નાગરિકતાનો ત્યાગ કરી રહ્યાં છે. વર્ષ 2011થી 2024 સુધીમાં 20.6 લાખ ભારતીયએ બીજા દેશમાં સ્થાયી થવા માટે ભારતીય નાગરિકત્વ છોડી દીધું હતું. આ પૈકી અડધા લોકો તો છેલ્લા પાંચ વર્ષમાં જ દેશ છોડીને જતા રહ્યા છે. વળી, વર્ષ 2020ની કોવિડ 19 મહામારી પછી આ ટ્રેન્ડમાં નોંધપાત્ર વધારો થયો છે.

### ‘વ્યક્તિગત કારણો’ અને બેવડી નાગરિકતાનો પ્રશ્ન

વિદેશ મંત્રાલયે લોકસભામાં જણાવ્યું હતું કે, નાગરિકતા ત્યાગના કારણો દરેક વ્યક્તિ માટે અલગ અને વ્યક્તિગત છે. ઘણાં ભારતીયો ‘વ્યક્તિગત સુવિધા’ માટે વિદેશી નાગરિકતા અપનાવે છે. ભારત બેવડી નાગરિકતાની મંજૂરી આપતું નથી, એ પણ એક મુખ્ય કારણ છે. ભારતીય નાગરિકતા અધિનિયમ 1955ની કલમ 9 મુજબ, જો કોઈ ભારતીય સ્વેચ્છાથી બીજા દેશની નાગરિકતા લે છે, તો તેની ભારતીય નાગરિકતા આપમેળે રદ થઈ જાય છે. તેથી વિદેશમાં સ્થાયી થવા ઈચ્છતા લોકોએ નાગરિકત્વ છોડવું પડે છે. દેશમાં વર્ષ 1970થી ચાલી રહેલું ‘બ્રેઈન ડ્રેઈન’ હવે નવા સ્વરૂપમાં દેખાઈ રહ્યું છે.

# શાહીન મલિક એસિડ એટેક કેસના તમામ આરોપીઓ નિર્દોષ જાહેર થયા

(એજન્સી) દિલ્હી | બુધવારે (24 ડિસેમ્બર) દિલ્હીની રોહિણી કોર્ટે હરિયાણાના પાણીપતમાં એમબીએ વિદ્યાર્થી શાહીન મલિક સામે એસિડ એટેક કેસમાં પોતાનો ચુકાદો આપ્યો. પુરાવાના અભાવે કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. એડિશનલ સેશન્સ જજ જગમોહન સિંહે ચુકાદો આપતા જણાવ્યું હતું કે પોલીસ તપાસમાં ગંભીર ખામીઓ હતી, જેના કારણે આરોપો સાબિત કરવામાં અસમર્થતા રહી. એડિશનલ સેશન્સ જજ જગમોહન સિંહે પુરાવાના અભાવે ચુકાદો આપ્યો. શાહીન મલિક પર એસિડ ફેંકવાનો આરોપ ત્રણ લોકો પર હતો.

**16 વર્ષ પહેલા બનેલી આ ભયાનક ઘટના**

# News Brief

## વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેનોનું ભારણ ઘટશે પ્લેટફોર્મ 4,5 અને છ પર ડાયવર્ઝન આપવા માગ



વડોદરા | ગુજરાતના સૌથી વ્યસ્ત રેલવે જંક્શનોમાંના એક એવા વડોદરા રેલવે સ્ટેશન પર ટ્રેનોની અવરજવરને વધુ સુવ્યવસ્થિત કરવા માટે રેલવે સ્ટાફ દ્વારા એક મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે. હાલમાં સ્ટેશન પર પ્લેટફોર્મની અછત અને ટ્રેનોના વધતા ભારણને કારણે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સુરત તરફથી આવતી ટ્રેનોને પ્લેટફોર્મ નંબર ૪, ૫ અને ૬ પર ડાયવર્ટ કરવા માટે માગણી તેજ બની છે, જેથી પ્લેટફોર્મ નંબર ૨ અને ૩ પરનું દબાણ ઘટાડી શકાય. સ્ટેશન પર દરરોજ સેંકડો ટ્રેનોની અવરજવર રહે છે. ઘણી ટ્રેનો નિર્ધારિત સમય મુજબ ચાલતી હોવા છતાં, જ્યારે તે વડોદરા સ્ટેશનની આસપાસ પહોંચે છે ત્યારે પ્લેટફોર્મ ખાલી ન હોવાને કારણે આઉટરમાં ઊભી રાખવી પડે છે. અત્યારે મોટાભાગની અપ અને ડાઉન ટ્રેનોને પ્લેટફોર્મ નંબર ૨ અને ૩ પર લેવામાં આવતી હોવાથી ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાય છે. આ અનાવશ્યક વિલંબને કારણે હજારો મુસાફરોનો કિંમતી સમય વેડફાઈ રહ્યો છે.

## ડૉ ઉદય ટીલાવત દ્વારા ટાઈપ-1 ડાયાબિટીસ (જુવેનાઈલ ડાયાબિટીસ) કાર્યક્રમનો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રેંટિયા ખાતેથી શુભારંભ

દિપક રાવલ | દાહોદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, જીલ્લા પંચાયત દાહોદ હસ્તક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રેંટિયા ખાતેથી મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ઉદય ટીલાવતના વરદ હસ્તે ટાઈપ-1 ડાયાબિટીસ (જુવેનાઈલ ડાયાબિટીસ) કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.આ ઉદ્ઘાટન સમારોહ દરમિયાન ટાઈપ-1 ડાયાબિટીસ ધરાવતા જીલ્લાના બાળકોના વાલીઓને એક માસ માટે જરૂરી સારવાર કીટ (ગ્લુકોમીટર, ગ્લુકોસ્ટ્રીપ, લેન્સેટ, કીટોન બોડી તથા યુરિન સ્ટ્રીપ તેમજ જરૂરી ઈન્સ્યુલિન બેઝલ-બોલસ) પ્રતીકરૂપે અર્પણ કરવામાં આવી હતી જેમાં કુલ 15 બાળકોને જુવેનાઈલ ડાયાબિટીસ કીટ આપવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન ટાઈપ-1 ડાયાબિટીસ અંગે માહિતી આપવામાં આવી હતી કે, આ એક કાયમી રોગ છે, જે કોઈપણ ઉંમરે થઈ શકે છે, ખાસ કરીને 5થી 7 વર્ષની ઉંમર અને કિશોરાવસ્થામાં વધુ જોવા મળે છે.

## લીમખેડા તાલુકા કક્ષાનુ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન મોટા હાથીધરા શાળામાં યોજાયું

દિપક રાવલ | લીમખેડા GCERT ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ માર્ગદર્શિત તથા તાલુકા શિક્ષણ સમિતિ,લીમખેડા અને બી. આર.સી.ભવન,લીમખેડા દ્વારા આયોજિત લીમખેડા તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન દાહોદ જિલ્લાના લોકલાડીલા સાંસદ શ્રી માનનીય જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં મોટા હાથીધરા ખાતે યોજાયું.બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનો મુખ્ય વિષય: આત્મનિર્ભર અને વિકસિત ભારત માટે STEM અંતર્ગત મુખ્ય પાંચ વિભાગોમાં કુલ 85 જેટલી શાળાઓમાંથી 85 કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં લીમખેડા ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર હાજર રહ્યા હતા.સાથે જિલ્લા પંચાયતના સભ્યો,તાલુકા પંચાયતના સભ્યો,સંગઠનના વિવિધ હોદ્દેદારો, સરપંચ શ્રી,તાલુકા પ્રા. શિક્ષણાધિકારી,પ્રાથમિક શિક્ષક સંઘના જિલ્લાના અને તાલુકાના હોદ્દેદારો, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના જિલ્લના અધ્યક્ષ શ્રી દેશીગભાઈ તડવી,TPEO લીમખેડા શ્રી અરવિંદભાઈ પરમાર,પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ તાલુકા ટીમના હોદ્દેદારો,BRC.Co. ઓર્ડીનેટર શ્રી ઋષિભાઈ સલાણીયા,પગાર કેન્દ્રના આચાર્યો, CRC.CO.ઓર્ડીનેટર મિત્રો,BRP.Co. ઓર્ડીનેટર મિત્રો,લીમખેડા તાલુકાની વિવિધ શાળાઓમાંથી સારસ્વત શિક્ષક ભાઈઓ-બહેનો,બાળ વૈજ્ઞાનિકો,માર્ગદર્શક શિક્ષકો,ગામમાંથી ગ્રામજનો,તથા બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## બાલાસિનોરમાં વધતા હિપેટાઈટિસ A (કમળા)ના કેસો મામલે જિલ્લા કલેક્ટર એક્શન મોડમા

જગદીશ ત્રિવેદી | મહીસાગર જિલ્લાના બાલાસિનોર પ્રાંતમાં છેલ્લા કેટલાક સમયથી હિપેટાઈટિસ A (કમળા)ના કેસોમાં વધારો જોવા મળતા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને મહીસાગર જિલ્લા કલેક્ટર દ્વારા આજે બાલાસિનોર રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. કલેક્ટરની આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય દર્દીઓને મળી રહેલી સારવારની સમીક્ષા કરવાનો અને રોગચાળાને ફેલાતો અટકાવવાનો હતો. હોસ્પિટલની મુલાકાત દરમિયાન કલેક્ટર શ્રીએ કમળાના વોર્ડમાં જઈને સારવાર લઈ રહેલા દર્દીઓના ખબર-અંતર પૂછ્યા હતા.

**મિલકત દસ્તાવેજ કિંમત વધારો થશે, સબ રજિસ્ટ્રાર કચેરી વિરોધ શરૂ થયો**

# રાજ્યમાં મિલકત ખરીદવી હવે આકરી બનશે દસ્તાવેજની કિંમતમાં ત્રીસથી ચાલીસ ટકાનો તોતિંગ વધારો

(એજન્સી) સુરત । તા. 24

ગુજરાત સરકાર દ્વારા રિયલ એસ્ટેટ ક્ષેત્રે લેવાયેલા એક વિવાદાસ્પદ નિર્ણયને કારણે રાજ્યભરમાં મિલકત ખરીદનારાઓ અને કાયદાકીય નિષ્ણાતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી મિલકતની જંત્રી અને સ્ટેમ્પ ડ્યુટીની ગણતરી માત્ર બાંધકામ કે વપરાશના એરિયા પર થતી હતી, પરંતુ હવે સરકારે સુપર બિલ્ટઅપ એરિયા એટલે કે રોડ-રસ્તા અને કોમન પ્લોટની જમીનને પણ ગણતરીમાં લેવાનો આદેશ આપતા દસ્તાવેજની કિંમતમાં ૩૦ થી ૪૦ ટકાનો ધરખમ વધારો ઝીંકાયો છે. આ નવા નિયમના અમલીકરણ સાથે જ મિલકતદારો પર આર્થિક બોજ વધતા વિરોધના સૂર તેજ બન્યા છે.

### વકીલો દ્વારા કલેક્ટર કચેરીએ ઉગ્ર રજૂઆત

આ નવા પરિપત્રનો અમલ શરૂ થતાની સાથે જ સુરત શહેરના વકીલોએ મંગળવારે ૨૩ ડિસેમ્બરના રોજ કલેક્ટર ઓફિસ ખાતે એકત્ર થઈને વિરોધ



પ્રદર્શન કર્યું હતું. વકીલ મંડળ દ્વારા અધિક કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી હતી કે, આ કાયદો મિલકત ખરીદનારાઓ માટે આર્થિક રીતે નુકસાનકારક છે. સબ રજિસ્ટ્રાર કચેરીમાં નવા નિયમ મુજબ કામગીરી શરૂ કરી દેવામાં આવતા સામાન્ય નાગરિકો મૂંઝવણમાં મુકાયા છે. વકીલોએ આ પરિપત્રને તાત્કાલિક અસરથી રદ કરવા અથવા મોકૂફ રાખવાની ઉગ્ર માંગ કરી છે.

રાજ્યમાં મિલકત વેચાણના ક્ષેત્રફળ નક્કી કરવાની પદ્ધતિમાં આ ત્રીજો મોટો ફેરફાર છે. શરૂઆતના તબક્કે માત્ર 'કાર્પેટ એરિયા' એટલે કે ઘરની અંદરના ચોખ્ખા માપ પર સ્ટેમ્પ ડ્યુટી લેવાતી હતી. ત્યારબાદ દીવાલો સાથેના 'બિલ્ટઅપ એરિયા' પર ટેક્સ લેવાનું શરૂ કરાયું. હવે નવી જોગવાઈ મુજબ, સોસાયટી કે ફ્લેટના રસ્તા અને કોમન પ્લોટનો પણ રહેવાસીઓ ઉપયોગ કરતા હોવાનું તર્ક આપીને તેને પણ સ્ટેમ્પ ડ્યુટીના દાયરામાં લાવી દેવાયા છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ ફેરફારથી મિલકતની કુલ જંત્રી કિંમત અને પરિણામે નોંધણી ફીમાં મોટો ઉછાળો આવ્યો છે.

મીડિયા અહેવાલ મુજબ, આ નિર્ણયના અમલથી સુરત સહિત રાજ્યના અન્ય મોટા શહેરોમાં દસ્તાવેજ કરાવવો ૩૦ થી ૪૦ ટકા મોંઘો બનશે. દાખલા તરીકે, જો કોઈ મિલકતનો દસ્તાવેજ અગાઉ પાંચ લાખ રૂપિયામાં થતો હોય, તો હવે તે જ દસ્તાવેજ માટે સાત થી આઠ લાખ રૂપિયા ચૂકવવા પડી શકે છે. મિલકત ખરીદનારાઓ માટે આ વધારાનો ખર્ચ અણધાર્યો આર્થિક ફટકો સાબિત થઈ રહ્યો છે, જેના કારણે રિયલ એસ્ટેટ માર્કેટમાં પણ મંદીનો ભય સેવાઈ રહ્યો છે.

**અસામાજિક તત્વો સામે કાર્યવાહી વધુ તેજ બની**

# સયાજીગંજ મારામારી કેસમાં મોટી કાર્યવાહી

(એજન્સી) વડોદરા । તા. 24

સંસ્કારી નગરી વડોદરામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા માટે શહેર પોલીસ વિભાગ હવે એક્શન મોડમાં જોવા મળી રહ્યો છે. શહેરમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા અને અવારનવાર મારામારી જેવી ગંભીર ઘટનાઓમાં સંડોવાયેલા અસામાજિક તત્વો સામે પોલીસે કડક વલણ અખત્યાર કર્યું છે. આ કડીમાં સયાજીગંજ વિસ્તારમાં આતંક મચાવનારા એક શખ્સ સામે તડીપારનો હુકમ કરીને પોલીસે ગુનેગારોને સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે. આ કાર્યવાહીને પગલે સ્થાનિક ગુનેગારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

વિગતો મુજબ, શહેરના સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારીના જુદા જુદા બે ગંભીર ગુનાઓમાં પ્રિય લક્ષ્મી ચાલી પાસે રહેતા હાફિઝ સલીમભાઈ શેખની સંડોવણી સામે આવી હતી. આ શખ્સ સતત કાયદાનું ઉલ્લંઘન કરી જાહેર જનતાની સુખાકારીમાં ખલેલ પહોંચાડતો હોવાનું જણાતા પોલીસે તેની સામે અટકાયતી પગલાંના ભાગરૂપે તડીપારની દરખાસ્ત તૈયાર કરી હતી. પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ મામલે ગંભીરતાથી સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

**સુશાસન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે દોલતગંજ બજાર**

## ડબગર સમાજવાડી દાહોદ ખાતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દાહોદ તથા MSME અમદાવાદ દ્વારા પીએમ વિશ્વકર્મા યોજનાના લાભાર્થીઓને અપાઇ તાલીમ



દિપક રાવલ | દાહોદ સુશાસન સપ્તાહ 2025ના ઉજવણીના ભાગરૂપે દોલતગંજ બજાર, ડબ્ગર સમાજવાડી ખાતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,દાહોદ તથા MSME, અમદાવાદ દ્વારા પીએમ વિશ્વકર્મા યોજનાના લાભાર્થીઓને તાલીમ લીધા પછી વિશ્વકર્મા યોજના અંતર્ગત અન્ય લાભો કઈ રીતે મળી શકે તેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા અમલીકૃત રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો પણ લાભ કઈ રીતે લઈ શકે તે અંગેના સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મદદનીશ કમિશનર શ્રી વી.પી. રાઠોડ તથા MSME,અમદાવાદ તરફથી આસિસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી રાજેશકુમાર સાથે પીએમ વિશ્વકર્મા યોજનાના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

**ગુડ ગવર્નન્સ વીક**

## જિલ્લા આયુર્વેદ અધિકારી દાહોદ દ્વારા સરકારી મહિલા આઈ.ટી.આઈ કોલેજ, દાહોદ ખાતે યોજાયો સેમિનાર

દિપક રાવલ | દાહોદ નિયામકશ્રી આયુષ કચેરી, ગાંધીનગરના નિર્દેશનમાં અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દાહોદના માર્ગદર્શનમાં જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી દાહોદ ડો.સુધીર જોશી દ્વારા સરકારી મહિલા આઈ.ટી.આઈ કોલેજ દાહોદ ખાતે ગુડ ગવર્નન્સ વીક (સુશાસન સપ્તાહ) ઉજવણી અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.ડો.સુધીર જોશી દ્વારા વિધાર્થીઓને ગવર્મેન્ટ અને ગવર્નન્સ વચ્ચેનો ફરક સમજાવી સુશાસન કોને કેહવાય તેના પાયાના સિદ્ધાંતો કયા છે અને તેનું મહત્વનું પ્રેઝેન્ટેશન દ્વારા નિદર્શન કરવામાં આવ્યું અને નવી પેઢીના યુવાનોમાં એકાઉટીબીલીટી, ટ્રાન્સપરન્સી, રિસ્પોન્સીવનેસ, રૂલ ઓફ લો તેમજ પબ્લીક ગ્રીવેયન્સ આદિ બાબત વિસ્તૃત જાણકારી આપી. છેવાડાના માનવી સુધી કેવી રીતે સુશાસન પહોંચી અને સર્વાંગીણ વિકાસ કરી શકે તે સમજાવ્યું હતુ. વિધાર્થીનીઓ દ્વારા ગુડ ગવર્નસ બાબત સુંદર પ્રતિભાવો આપવામાં આવેલ તેમજ ગુડ ગવર્નસ દ્વારા મહિલાઓમાં જવાબદારી અને સશક્તિકરણ કેવી રીતે વધી શકે તે બાબત માહિતિ મેળવી હતી. જિલ્લા સ્તરે - રાજ્ય સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે આ બાબત અમલમાં આવેલ. નવીન પહેલની જાણકારી આપવામાં આવી હતી.

### બાંગલાદેશના પૂતળા ને લાતો મારી...



દિપક રાવલ | દાહોદ આજ રોજ દાહોદ ખાતતે બાંગ્લાદેશ માં હિન્દુ બહેનો/યુવાનો પર ના અધમ અત્યાચાર જે હિન્દુ વિરોધી જેહાદી માનસિકતા સ્પષ્ટ થાય છે. થોડાક દિવસ પહેલા હિન્દુ યુવક દીપુ ચંદ્રદાસ પર ષડયંત્ર કરી હિન્દુ ને પ્રતાડિત કરવા ઈશનિંદા નો આરોપ લગાવી જે અમાનવીય કૃત્ય કરી મારીને લટકાવી જાહેરમાં સળગાવવામાં આવ્યો, બાંગ્લાદેશ માં હિન્દુ અલ્પસંખ્યામાં છે એમની સુરક્ષા થવી જોઈએ ત્યાંની સરકાર અને પ્રશાસન ભારત વિરોધી ષડયંત્ર ના હાથે છે.

**સુરત એરપોર્ટ પોલીસની સર્જિકલ સ્ટ્રાઈક, છ કરોડનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો**

# સ્મગલરોએ બદલ્યો પેંતરો: સુરત બન્યું ટ્રાન્ઝિટ પોઈન્ટ

(એજન્સી) સુરત । તા. 24

ગુજરાતના એરપોર્ટ્સ હવે આંતરરાષ્ટ્રીય સ્મગલરો અને ડ્રગ્સ માફિયાઓ માટે પસંદગીનું કેન્દ્ર બની રહ્યા હોય તેવા ચિંતાજનક દ્રશ્યો સામે આવી રહ્યા છે. અમદાવાદ બાદ હવે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી નશીલા પદાર્થોની હેરાફેરીનો મસમોટો પર્દાફાશ થયો છે. સુરત પોલીસે એક સચોટ બાતમીના આધારે ઓપરેશન પાર પાડીને અંદાજે ૬ કરોડ રૂપિયાની કિંમતનો 'હાઈબ્રીડ ગાંજો' ઝડપી પાડીને ડ્રગ્સ માફિયાઓના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. આ ઘટનાએ સુરક્ષા એજન્સીઓને પણ દોડતી કરી દીધી છે.

સુરત પોલીસને અગાઉથી જ નશીલા પદાર્થોના જથ્થા અંગે ખાનગી સૂત્રો દ્વારા સચોટ માહિતી મળી હતી. આ માહિતીના આધારે પોલીસની ટીમે એરપોર્ટ



પરિસરમાં ગુપ્ત રીતે વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન બે શંકાસ્પદ ઈસમો પોલીસની નજરે ચડ્યા હતા. તેમની કડકાઈથી પૂછપરછ અને સામાનની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ શખ્સો પાસેથી કુલ ૧૭ કિલો અને ૭૦૦ ગ્રામ હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. આ ઉચ્ચ ગુણવત્તાના નશાના જથ્થાની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત કરોડોમાં અંકાય રહી છે.

છેલ્લા કેટલાક સમયથી રાજ્યના મુખ્ય એરપોર્ટ્સ પર સોના અને ડ્રગ્સની હેરાફેરીની ઘટનાઓ સતત વધી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, તપાસ એજન્સીઓની વધતી ભીંસને કારણે ડ્રગ્સ પેડલરોએ હવે પોતાનો રૂટ બદલ્યો છે. મોટા મેટ્રો શહેરોના એરપોર્ટ પર કડક તપાસ હોવાથી હવે સુરત જેવા ઉભરતા આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો ઉપયોગ 'ટ્રાન્ઝિટ પોઈન્ટ' તરીકે કરવામાં આવી રહ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીઓ આ જથ્થો અન્ય શહેરોમાં સપ્લાય કરવાના ફિરાકમાં હતા. સામાન્ય ગાંજા કરતા હાઈબ્રીડ ગાંજો વધુ નશીલો અને મોંઘો હોય છે, જેની માંગ મોટા શહેરોની હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓમાં વધુ જોવા મળે છે.

### શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે તુલસી પૂજન



દિપક રાવલ | દાહોદ શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે તુલસી પૂજન દિવસ ની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી. લીમખેડા ની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે તુલસી પૂજન દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળા ના બાળકો દ્વારા તુલસીજી નું મહત્વ સમજાવતા વિવિધ સ્પીચ રજૂ કરી હતી અને તુલસીજીના ગીતો પર ડાન્સ રજૂ કરી સમગ્ર વાતાવરણ નર ભક્તિમય બનાવી દીધું હતું.

**એક્સપ્રેસ હાઈવે** **સયાજી હોસ્પિટલ ઈજાગ્રસ્ત સારવાર હેઠળ**

# વડોદરા બસમાં ટ્રક ઘૂસી જતા ડ્રાઈવરનું મોત

(એજન્સી) વડોદરા । તા. 24

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર મહીસાગર નદીના બ્રિજ નજીક મોડી રાત્રે એક કાળજું કંપાવનારો અકસ્માત સર્જાયો છે. રાજસ્થાનથી મહારાષ્ટ્ર જઈ રહેલી એક લક્ઝરી બસમાં યાંત્રિક ખામી સર્જાતા રોડની સાઈડમાં ઉભી રાખવામાં આવી હતી. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલી એક ટ્રકે ઉભેલી બસને જોરદાર ટક્કર મારતા બસના ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ભયાનક ટક્કરમાં બસમાં સવાર પાંચ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેમને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. રાજસ્થાનના ઝાલોર જિલ્લાના આહોર ગામની રમેશભાઈ ચૌધરીની ટ્રાવેલ્સની લક્ઝરી બસ મુસાફરોને લઈને મહારાષ્ટ્ર જઈ રહી હતી. ડ્રાઈવર વલીમોહંમદ જહાંગીર ખાન બસ ચલાવી રહ્યા હતા ત્યારે મોડી રાત્રે અચાનક બસની લાઈટો બંધ થઈ ગઈ હતી. સલામતીના ભાગરૂપે ડ્રાઈવરે બસને હાઈવેની સાઈડમાં ઉભી રાખી હતી અને પાછળના ભાગે પથ્થર તેમજ ઝાડીઓની આડશ મૂકી હતી. જ્યારે ડ્રાઈવર આગળના ભાગે જઈને લાઈટો રિપેર કરી રહ્યો હતો, ત્યારે પાછળથી આવેલી એક બેફામ ટ્રકે બસને પાછળથી ઉડાવી હતી.

### ડ્રાઈવરનું કમકમાટીભર્યું મોત અને મુસાફરોની હાલત નાજુક

આ જોરદાર ટક્કરને કારણે આગળ રિપેરિંગ કરી રહેલા ડ્રાઈવર વલીમોહંમદ બસની સાથે ઢસડાયા હતા, જેના કારણે તેમને માથા અને પેટના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આ અકસ્માત એટલો ભયાનક હતો કે બસમાં બેઠેલા બે મુસાફરોના ઘૂંટણની નીચેના ભાગેથી પગ કપાઈ ગયા છે. ઈજાગ્રસ્તોમાં બાબુસીંગ રાજપૂત અને ભવરસિંગ રાઠોડની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. તમામ ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

### પોલીસ કાર્યવાહી અને ફરાર ટ્રક ચાલક

ઘટના બાદ ટ્રક ચાલક પોતાની ટ્રક સ્થળ પર જ મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. ભાદરવા પોલીસે આ મામલે ગુનો નોંધીને ફરાર ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી છે. તથ્યો મુજબ, એક્સપ્રેસ હાઈવે પર વાહનોની વધુ ઝડપ અવારનવાર આવી જીવલેણ દુર્ઘટનાઓનું કારણ બને છે. હાલમાં પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને હટાવી હાઈવે પરનો ટ્રાફિક પૂર્વવત કર્યો છે અને મૃતક ડ્રાઈવરના પરિવારજનોને જાણ કરવાની તજવીજ હાથ ધરી છે.

**વડોદરા પોલીસ લૂંટારુ ધરપકડ સફળ, ફતેગંજ પોલીસ વાહન અકસ્માતથી હોબાળો**

# બગોદરા હાઈવે પર દંપતીને લૂંટનાર શખ્સ વડોદરામાંથી ઝડપાયો પકડાયેલી કારે ફતેગંજમાં સર્જ્યો અકસ્માત

(એજન્સી) વડોદરા । તા. 24

અમદાવાદ-રાજકોટ હાઈવે પર બગોદરા પાસે વડોદરાના એક દંપતીને આંતરીને કાર અને રોકડની લૂંટ ચલાવનાર રીઢા ગુનેગારને પકડવામાં બગોદરા પોલીસને મોટી સફળતા મળી છે. વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા દંપતી સાથે થયેલી આ હિંસક લૂંટના કેસમાં પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીને વડોદરામાંથી જ દબોચી લીધો હતો. જોકે, ધરપકડ બાદ લૂંટમાં વપરાયેલી કાર લઈને પરત ફરતી વખતે વડોદરાના ફતેગંજ વિસ્તારમાં અકસ્માત સર્જાતા પોલીસ અને સ્થાનિક લોકો વચ્ચે ઉગ્ર બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા.

ગત ૨૧મી તારીખે વડોદરાના ગોત્રી વિસ્તારના રહેવાસી જય પરેશભાઈ પોતાની પત્ની સાથે કારમાં સુરેન્દ્રનગર જઈ રહ્યા હતા. રાત્રિના આઠ વાગ્યાના



સુમારે બગોદરાથી માત્ર બે કિલોમીટર પહેલા એક કાળા રંગની સ્કોર્પિઓ કારમાં આવેલા બે થી ત્રણ લૂંટારુઓએ તેમની કારને આંતરવાનો પ્રયાસ કર્યો હતો. લૂંટારુઓએ જાણીજોઈને સ્કોર્પિઓ જયભાઈની કાર સાથે અથડાવી હતી અને ત્યારબાદ 'ગાડી કેમ અથડાવી' તેમ કહી જયભાઈને માર મારી લૂંટ ચલાવી હતી. લૂંટારુઓ દંપતીની કાર, બે મોબાઈલ અને ૮ હજાર રોકડા લઈને ફરાર થઈ ગયા હતા.

બગોદરા પોલીસ સ્ટેશનના પીઆઈ ઉપેન્દ્ર જોગરાણાના માર્ગદર્શન હેઠળ પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસીને આરોપીનું લોકેશન વડોદરામાં ટ્રેસ કર્યું હતું. પોલીસે ગઈકાલે રાત્રે વડોદરામાં દરોડો પાડીને મુખ્ય આરોપીને ઝડપી લીધો હતો. પોલીસ જ્યારે લૂંટમાં વપરાયેલી સ્કોર્પિઓ કાર લઈને પરત ફરી રહી હતી, ત્યારે ફતેગંજ પાસે કારની બ્રેક ન હોવાથી ચાલક પોલીસે બે અન્ય વાહનોને ટક્કર મારી હતી. આ અકસ્માતને કારણે રસ્તા પર મોટું ટોળું એકઠું થઈ ગયું હતું અને વાતાવરણ તંગ બન્યું હતું. અકસ્માત બાદ ભેગા થયેલા લોકોએ પોલીસ કર્મીઓ સાથે ઉગ્ર દલીલો કરી હતી અને તેમની પાસે આઈકાર્ડની માંગણી કરી હતી.

**નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં**

## બેરોકટોક ધર્માંતરણ ચાલતું હોવાનો આદિવાસી મંચનો આક્ષેપ : 212 લોકોનું ધર્માંતરણ થયું..

ભરત શાહ | નર્મદા : તા. ૨૪ આગામી 25 મી ડિસેમ્બરે નાતાલ પર્વની ઉજવણી થવાની છે તો બીજી બાજુ નર્મદા જિલ્લા સહિત રાજ્યના આદિવાસી જિલ્લાઓના અંતરિયાળ વિસ્તારમાં આદિવાસીઓને ધર્માંતરણ કરાવી ખ્રિસ્તી બનાવી દેવાતા હોવાના ગંભીર આક્ષેપો ગુજરાત આદિવાસી મંચ દ્વારા લગાવાયા છે.બિલ ત્યારે નર્મદા જિલ્લામાં ધર્માંતરણ રોકવા રાષ્ટ્રીય આદિજાતિ મંચ ગુજરાત દ્વારા ડેડિયાપાડા પ્રાંત અધિકારીને રજુઆત કરવામાં આવી છે. જ્યારે સામે ખ્રિસ્તી સમુદાય દ્વારા પણ નાતાલ ના આ પર્વને શાંતિપૂર્ણ રીતે કરવા દે કોઈ વિરોધ ના થાય એ માટે રક્ષણ પણ માંગવામાં આવ્યું છે. નર્મદા જિલ્લાના ડેડિયાપાડા, સાગબારા અને ચિકદા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આદિવાસીઓને ધર્માંતરણ કરાવી ખ્રિસ્તી બનાવી દેવાતા હોવાના ગંભીર આક્ષેપ સાથે હિન્દુ ધર્મના સંતો, રાષ્ટ્રીય આદિવાસી મંચના આગેવાનો અને હોદ્દેદારો ભેગા થયા હતા અને એનો વિરોધ નોંધાવી ધર્માંતરણ રોકવા ડેડિયાપાડા પ્રાંત અધિકારીને લેખિત રજુઆત કરી હતી.રાષ્ટ્રીય આદિવાસી મંચ ગુજરાત પ્રાંતના સંગઠન મંત્રી સોનજીભાઈ વસાવાએ જણાવ્યું હતુ કે ડેડિયાપાડા, સાગબારા અને ચિકદા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કાચા કે પાકા ચર્ચો બનાવી ખ્રિસ્તી (હાલેલુયા), પાસ્ટરો દ્વારા આદિવાસી સમાજનુ મોટા પ્રમાણમાં ધર્માંતરણ કરવામાં આવી રહ્યું છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654


# બોર્ડ પરીક્ષાના ટેન્શનમાં જૂનાગઢની સગીરાએ ગળેફાંસો ખાધો

## અભ્યાસમાં થોડી નબળી હોવાથી તણાવમાં રહેતી; પરિવાર સહિત સમગ્ર ભેસાણમાં શોક

(એજન્સી) જૂનાગઢ | તા. 23

જૂનાગઢના ભેસાણ તાલુકાના મેંદપરા ગામમાં ધોરણ-12ની બોર્ડની આગામી પરીક્ષાના ડર અને ટેન્શનને કારણે એક સગીરાએ ગળેફાંસો ખાઈ પોતાની જીવનનો અંત આણ્યો છે. મૃતક વિદ્યાર્થીની અભ્યાસમાં થોડી નબળી હોવાથી તે છેલ્લા કેટલાક સમયથી સતત માનસિક તણાવમાં રહેતી હતી, જેના પરિણામે તેણે આ અત્યંત આઘાતજનક પગલું ભર્યું હોવાનું પિતાનું કહેવું છે.

એક દીકરીના આવા કરુણ અંતથી તેના પિતા અને પરિવાર પર આભ તૂટી પડ્યું છે, જ્યારે સમગ્ર મેંદપરા પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. મૃતક સગીરાના પિતાએ ભેસાણ પોલીસ સ્ટેશનમાં પોતાની વ્હાલસોયી દીકરીના અપમૃત્યુ અંગેની જાણ કરી છે. મૃતક સગીરાના પિતાએ પોલીસમાં



નોંધાવેલી વિગત મુજબ સગીરા ધોરણ-12 માં અભ્યાસ કરતી હતી. માર્ચ મહિનામાં આવતી બોર્ડની પરીક્ષા હવે નજીક હતી. પરંતુ દીકરી અભ્યાસમાં થોડી નબળી હોવાથી તે સતત તણાવમાં રહેતી હતી. 'પોતે બોર્ડની પરીક્ષામાં પાસ થશે કે કેમ?' તેવા ડર અને માનસિક ટેન્શનના કારણે તેણે 23 ડિસેમ્બરના રોજ સવારે પોતાના ઘરે છત સાથે સાડી વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પોલીસને જાણ કરાય હતી અને પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે.

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં સગીર વયના બાળકોમાં આત્મહત્યાના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. નાની ઉંમરમાં ભણતરનો બોજ, વાલીઓની અપેક્ષાઓ અને માનસિક રીતે નબળા પડતા બાળકો જિંદગી સામે હાર માની લે છે. પીપળીયા ગામના આ કિસ્સો પણ એક લાલબત્તી સમાન છે. નિષ્ણાંતોના મતે, જ્યારે બાળક અભ્યાસમાં નબળું હોય કે ટેન્શનમાં હોય ત્યારે તેને ડર બતાવવાને બદલે પ્રેમ અને હુંફની જરૂર હોય છે. બોર્ડની પરીક્ષા એ જીવનની અંતિમ પરીક્ષા નથી તે સમજાવવામાં ક્યાંક આપણે ઉણા ઉતરી રહ્યા છીએ.

આ ઘટના બાદ મનોચિકિત્સકો અને સામાજિક કાર્યકરો અપીલ કરી રહ્યા છે કે, વાલીઓએ પોતાના બાળકો સાથે મિત્રતાભર્યું વર્તન રાખવું જોઈએ. જો બાળક ગુમસુમ રહેતું હોય કે અભ્યાસના કારણે સતત ચિંતિત હોય, તો તેની સાથે સંવાદ સાધવો અનિવાર્ય છે. નાની ઉંમરે બાળકો જે રીતે આત્મઘાતી પગલાં ભરી રહ્યા છે, તે સમાજ માટે ચેતવણીરૂપ છે. ભેસાણ પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## કોલસો ભરેલી બોટ જેટી તરફ આવતાં અચાનક પલટી, 5 કામદારે દરિયામાં ફેંકાતાં જીવ બચાવવા વલખાં માર્યાં

# સુરતના મગદલ્લા દરિયાકિનારે 5 સેકન્ડમાં બોટની જળસમાધિ



(એજન્સી) સુરત | તા. 24

શહેરના મગદલ્લા દરિયાકિનારે એક મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ હતી. વિદેશથી આવેલા મોટા વેસેલ જહાજમાંથી કોલસો ભરીને જેટી તરફ આવી રહેલી એક નાની બોટ અચાનક મધદરિયે પલટી ગઈ હતી. આ સમગ્ર ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે, જેમાં જોઈ શકાય છે કે દરિયાનાં મોજાં વચ્ચે કેવી રીતે કોલસાથી લથબથ બોટ 5 સેકન્ડમાં જ પલટી ગઈ હતી.

સામાન્ય રીતે વિદેશી કોલસો લાવતાં મોટાં જહાજો મધદરિયે લાંગરવામાં આવે છે અને ત્યાંથી નાની બોટો દ્વારા કોલસો કિનારા સુધી પહોંચાડવામાં આવે છે. મંગળવારે બપોરે પણ આ રૂટિન કામગીરી ચાલી રહી હતી, જોકે બોટમાં કોલસાનો ભાર વધારે હોવાથી અથવા દરિયામાં કરંટને કારણે સંતુલન બગડતાં બોટ એકાએક પલટી ગઈ હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે બોટ પલટતાં જ એમાં સવાર 5 જેટલા શ્રમિક દરિયાના પાણીમાં ફેંકાયા હતા અને જીવ બચાવવા વલખાં મારવા લાગ્યા હતા.

આ ઘટના સમયે સદનસીબે અન્ય કોલસા ભરેલી બોટો પણ નજીકમાંથી પસાર થઈ રહી હતી. બોટ પલટી જવાની ઘટના નજરે જોતાં જ અન્ય બોટના ચાલકોએ સમયસૂચકતા વાપરી હતી. ડૂબી રહેલી પાંચેય વ્યક્તિને તાત્કાલિક અન્ય બોટમાં ખેંચી લેવામાં આવી હતી. જો થોડી પણ સેકન્ડોનું મોડું થયું હોત તો મોટી જાનહાનિ થઈ શકી હોત. લોકોના જીવ બચી જતાં ઘટનાસ્થળે હાજર શ્રમિકો અને અધિકારીઓએ હાશકારો અનુભવ્યો હતો, પરંતુ પાણીમાં ડૂબતી બોટનાં દૃશ્યો હજુ પણ ભય પેદા કરી રહ્યા છે.

આ અકસ્માતમાં મોટી જાનહાનિ ટળી છે, પરંતુ આર્થિક નુકસાન મોટે પાયે થયું હોવાનું જાણવા મળ્યું છે. બોટમાં લાદવામાં આવેલો કીમતી કોલસો અને અન્ય સામાન દરિયાના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પલટી ગયેલી બોટને કિનારે લાવવામાં આવી હતી. આ લાઈવ ફૂટેજ સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં દરિયાઈ કામગીરી દરમિયાન રાખવામાં આવતી સુરક્ષા અને લાઈફ જેકેટ જેવાં સાધનોની ઉપલબ્ધતા સામે પણ સવાલો ઊભા થયા છે.

### ઓવરલોડિંગથી બોટ પલટી હોવાની શક્યતા

ઘટનાની જાણ થતાં જ ગુજરાત મેરીટાઈમ બોર્ડ (GMB)ના અધિકારીઓ પણ દોડતા થયા હતા. મેરીટાઈમ અધિકારીઓને જાણ કરવામાં આવતાં પલટી ગયેલી બોટને રેસ્ક્યૂ કરવાની અને દરિયાકિનારે લાવવાની તજવીજ શરૂ કરી હતી. આવી કામગીરીમાં અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા હોય છે, પરંતુ આજના લાઈવ વીડિયોએ દરિયામાં થતાં જોખમી કામની ગંભીરતા સૌની સામે લાવી દીધી છે. હાલ બોટ પલટવાનું મુખ્ય કારણ ઓવરલોડિંગ હતું કે કુદરતી મોજાં એ દિશામાં તપાસ થઈ રહી છે.

## ન્યૂઝ ફ્લેશ

### અમરોલીમાં કોલેજ બહાર અસમાજિક તત્વોની દાદાગીરી

સુરત | સુરતના શૈક્ષણિક ધામ ગણાતા અમરોલી વિસ્તારની એક કોલેજ બહાર અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો હતો. ખુલ્લેઆમ દાદાગીરી કરતા અને વિદ્યાર્થીઓ પર રોફ જમાવતા લુખ્ખા બે તત્વોનો વીડિયો વાઈરલ થયા બાદ અમરોલી પોલીસે ત્વરિત કાર્યવાહી કરી હતી. માત્ર એટલું જ નહીં, બન્નેને કાન પકડાવીને માફી મગાવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમરોલી કોલેજ બહાર વિદ્યાર્થીઓ શાંતિથી ઉભા હતા. તે સમયે એક બાઈક પર બે યુવક ધસી આવ્યા હતા. આ અસામાજિક તત્વો પૈકી એકના હાથમાં પોલીસ જેવો દેખાતો ડંડો હતો. કંઈ પણ સમજ્યા કે વિચાર્યા વિના, આ શખ્સોએ કોલેજ બહાર બેસેલા વિદ્યાર્થીઓ પર દાદાગીરી શરૂ કરી દીધી હતી. હાથમાં દંડો લઈને આવેલા યુવકે ત્યાં ઉભેલા બે નિર્દોષ વિદ્યાર્થીઓને તમાચા મારી દીધા હતા. એટલું જ નહીં, રોફ જમાવવાના નશામાં હોય તેમ એક વિદ્યાર્થીની તો બોચી પકડીને નીચે ફેંકી દીધો હતો. બાઈક પર બેસેલા વિદ્યાર્થીઓને પણ ડરાવી-ધમકાવીને ભયનો માહોલ ઉભો કર્યો હતો.

દાદાગીરીની આ સમગ્ર ઘટના કોલેજની બહાર લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાતું હતું કે કેવી રીતે કોઈ પણ વાંક ગુના વગર વિદ્યાર્થીઓને માર મારી ધમકાવવામાં આવી રહ્યા હતા. આ CCTV ફૂટેજ ગણતરીના સમયમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં લોકોમાં અને વિદ્યાર્થી આલમમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

### મોરબીમાં 15 કાચા-પાકા દબાણો તોડાયા



મોરબી | મોરબી મહાપાલિકા દ્વારા પંચાસર ચોકડી પાસે દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રોડની બંને બાજુએ આવેલા આશરે 15 જેટલા કાચા-પાકા દબાણો પર બુલડોઝર ફેરવીને દૂર કરવામાં આવ્યા હતા. મહાપાલિકા દ્વારા 'વન વીક વન રોડ' અભિયાન અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ પરના દબાણો દૂર કરવામાં આવે છે. આ કાર્યવાહી પંચાસર ચોકડીથી પંચાસર ગામ તરફ જતા રસ્તા પર કરવામાં આવી હતી. અહીં રોડની બંને બાજુએ ઓરડીઓ અને દુકાનો જેવા કાચા-પાકા દબાણો ઊભા કરવામાં આવ્યા હતા.

દબાણો હટાવવા માટે બે સરકારી જેસીબી મશીનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પાલિકાના ટાઉન પ્લાનર શુભમ પટેલે જણાવ્યું હતું કે, રોડ રસ્તાની સાઈડમાં થયેલા દબાણોને દર સપ્તાહે દૂર કરવાની કામગીરી ચાલુ રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, આગામી સમયમાં પણ મોરબી શહેરના અન્ય વિસ્તારોમાં ધ્યાન પર આવતા દબાણો સામે કાર્યવાહી કરવામાં આવશે.

# આ તે કેવા વિધિના લેખ...!

## કડીની કંપનીમાં પિતાએ ટ્રક રિવર્સ લેતા લોખંડના ટેબલ સાથે દીવાલ વચ્ચે પુત્ર કચડાયો, લોડિંગ સમયે સાઈડમાં ઈશારો કરતો હતો

**પુત્રની મરણતોલ ચીસો સાંભળી પિતાએ તુરંત ટ્રક રોકી નીચે ઉતરીને જોયું તો તેમનો લાડકવાયો લોહીલુહાણ હાલતમાં ફસાયેલો હતો.** કંપનીના સ્ટાફ અને પિતાએ ભારે જહેમત બાદ તેને બહાર કાઢી 108 એમ્બ્યુલન્સ મારફતે કડીની કુંડાળ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જોકે, ત્યાં સુધી મોડું થઈ ગયું હતું. હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા અને તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

કડી | કડી તાલુકાના ઈન્દ્રાડ ગામની સીમમાં આવેલી એક કંપનીમાં પિતાની નજર સામે જ પુત્રનું કાળજું કંપાવી દે તેવું મોત નીપજ્યું છે. આ તે વિધિના કેવા લેખ કે જે પિતાએ પુત્રને પગભર કરવા પોતાની સાથે રાખ્યો હતો, તે જ પિતાના હાથે અજાણતા ટ્રક રિવર્સ લેતી વખતે પુત્ર કચડાઈ ગયો. પોતાની નજર સામે જ વ્હાલસોયા દીકરાને તડપતા જોઈ પિતા ભાંગી પડ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં 19 વર્ષીય યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ સમગ્ર ઘટનાક્રમ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો.

મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાના વતની દેવારામ કુંભારામ ચૌધરી ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમનો 19 વર્ષીય પુત્ર મુકનારામ પણ પિતાને કામમાં ટેકો કરાવવા માટે તેમની સાથે જ રહેતો હતો. ગત 23 ડિસેમ્બરના રોજ પિતા-પુત્ર રાજસ્થાનના જેસલમેરથી ટ્રક (નંબર RJ-19-GE-3165) માં માલ ભરીને ઈન્દ્રાડ ગામની 'ગ્રીનફિલ્ડ ડેરિવેટિઝ પ્રાઈવેટ લિમિટેડ' કંપનીમાં આવ્યા હતા.



સવારે સાત વાગ્યાના અરસામાં જ્યારે ટ્રક અનલોડ કરવાની પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે મુકનારામ પિતાને ટ્રક રિવર્સ લેવડાવવા માટે પાછળ રહીને સાઈડ આપી રહ્યો હતો. આ દરમિયાન દીવાલ અને અનલોડિંગ સ્ટેન્ડ વચ્ચે પડેલા એક લોખંડના ટેબલને ખસેડવા માટે મુકનારામ જેવો વચ્ચે ગયો, તે જ સમયે પિતાનું ધ્યાન ન રહેતા ટ્રક પાછળ આવી ગઈ હતી. પળવારમાં જ મુકનારામ દીવાલ અને લોખંડના સ્ટેન્ડ વચ્ચે દબાઈ ગયો હતો.

પુત્રની મરણતોલ ચીસો સાંભળી પિતાએ તુરંત ટ્રક રોકી નીચે ઉતરીને જોયું તો તેમનો લાડકવાયો લોહીલુહાણ હાલતમાં ફસાયેલો હતો. કંપનીના સ્ટાફ અને પિતાએ ભારે જહેમત બાદ તેને બહાર કાઢી 108 એમ્બ્યુલન્સ મારફતે કડીની કુંડાળ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જોકે, ત્યાં સુધી મોડું થઈ ગયું હતું. હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા અને તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે નંદાસણ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કરુણતા એ છે કે આ અકસ્માતમાં પિતા જ ફરિયાદી બન્યા છે અને પિતા વિરુદ્ધ જ બેદરકારીનો ગુનો નોંધાયો છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ 281, 106(1) તથા મોટર વાહન અધિનિયમની કલમ 177 અને 184 મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટના ભારે વાહનો ચલાવતા ડ્રાઈવરો માટે ચેતવણીરૂપ છે. રિવર્સ લેતી વખતે કે વાહન ચલાવતી વખતે રાખેલી એક ક્ષણની બેદરકારી કેવી મોટી પાયમાલી સર્જી શકે છે, તે આ કિસ્સા પરથી સમજાય છે.

## દારૂના ધંધાને લઈ ઉનાના MLA પર આક્ષેપ કરનારા આરોપીનું મોત...

(એજન્સી) જુનાગઢ | તા. 24

જૂનાગઢ જેલમાં ગંભીર ગુના હેઠળ બંધ અને દારૂના ધંધાને લઈ ઉનાના MLA કે.સી. રાઠોડ પર આક્ષેપ કરનારા આરોપીનું હાર્ટ એટેકના કારણે મોત નીપજતા જેલ વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે. ઉના પંથકનો કુખ્યાત બુટલેગર અને ગુજસીટોકના ગુનામાં જેલમાં સજા કાપી રહેલા ભગા ઉકા જાદવને મધરાતે હાર્ટ એટેક આવતા તેનું મૃત્યુ થયું છે. આ મામલે જૂનાગઢ જેલ અધિક્ષક ડી. એમ. ગોહિલે જણાવ્યું હતું કે પ્રાથમિક દ્રષ્ટિએ હાર્ટ એટેકના કારણે તેનું મોત થયું હોવાનું સામે આવ્યું છે.

મૃતક ભગા જાદવ છેલ્લા કેટલાક સમયથી તેના એક વિવાદાસ્પદ પત્રને કારણે રાજ્યભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. થોડા દિવસો પહેલા જ તેણે જેલમાંથી ઉનાના ધારાસભ્ય કાળુ ચનાભાઈ રાઠોડ (કે.સી. રાઠોડ)ને સંબોધીને એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં તેણે ધારાસભ્ય પર ગંભીર આક્ષેપ કરતા લખ્યું હતું કે, તેઓ દારૂના ગેરકાયદેસર ધંધામાં તેના બરાબરના ભાગીદાર હતા. પત્રમાં દાવો કરાયો હતો કે ધારાસભ્યના કહેવાથી અને તેમના વિશ્વાસ પર જ તેણે દારૂનો મોટો કારોબાર કર્યો હતો. આ પત્રથી રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો હતો અને જેલ તંત્રએ પણ તપાસ શરૂ કરી હતી. ભગા જાદવે પત્રમાં સ્પષ્ટતા કરી હતી કે, સ્ટેટ મોનિટરીંગ સેલ (SMC) દ્વારા ગીર ગઢડાના બેડીયા ગામે જે દારૂની રેડ પાડવામાં આવી હતી.

# પોલીસનું ડ્રોન આવતાં જુગારીઓ ઊભી પૂંછડીએ ભાગ્યા, પકડાઈ જવાની બીકે પાણીમાં કૂદ્યા તો કોઈ પાળી પર દોડ્યા, 3 પકડાયા

(એજન્સી) ભાવનગર | તા. 24

આજના ટેક્નોલોજીના યુગમાં ગુનેગારો માટે બચવું મુશ્કેલ બન્યું છે, જેનો જીવંત પુરાવો ભાવનગરના મોતીતળાવ વિસ્તારમાં જોવા મળ્યો હતો. ભાવનગર LCBએ બાતમીના આધારે મોતીતળાવ ગ્રાઉન્ડ પાછળ ખાર વિસ્તારમાં જુગાર રમતા શખસોને પકડવા માટે ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. જેવો ડ્રોન જુગારીઓ પર મંડાયો કે તરત જ ત્યાં ફિલ્મી સ્ટાઈલમાં નાસભાગ મચી.

કેટલાક જુગારીઓ પાળા પર દોડવા લાગ્યા તો કેટલાક પકડાઈ જવાની બીકે સીધા પાણીમાં કૂદી પડ્યા હતા. પોલીસે આ હાઈટેક ઓપરેશનમાં ત્રણ ઈસમને રૂ. 37,900ની રોકડ સાથે ઝડપી લીધા હતા, જ્યારે અન્ય પાંચ શખસો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. હાલ પોલીસે તમામ વિરુદ્ધ ગુનો દાખલ કરી ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે. ગત તા. 22 ડિસેમ્બર, 2025ના રોજ ભાવનગર LCBનો સ્ટાફ શહેરના



વિસ્તારોમાં નાઈટ પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે મોતીતળાવ ગ્રાઉન્ડની પાછળ આવેલી દીવાલ પાસેના ખાર વિસ્તારમાં રેડ કરવામાં આવી હતી. અહીં કેટલાક ઈસમો ગંજીફાનાં પાનાં-પૈસા વડે 'હાર-જીત'નો હાથકાંપનો જુગાર રમી રહ્યા હતા. પોલીસે સીધી રેડ કરવાને બદલે નજર રાખવા માટે આકાશમાં ડ્રોન વહેતું કર્યું હતું.

જેવો આકાશી કેમેરો જુગારીઓ પર મંડાયો કે તરત જ ત્યાં નાસભાગ મચી ગઈ હતી. ફિલ્મી સીન જેવો નજારો ત્યારે જોવા મળ્યો જ્યારે કેટલાક જુગારીઓ ઊભી પૂંછડીએ પાળા પર દોડવા લાગ્યા, તો કેટલાકે પકડાઈ જવાની બીકે સીધા પાણીના પાળામાં કૂદીને ભાગવાનો પ્રયાસ કર્યો અને તેમ છતાં અંતે ત્રણ ઈસમ ઝડપાયા હતા, જ્યારે 5 નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

સ્થળ પર રેડ કરતાં પોલીસને જોઈ જુગારીઓ 'ભાગો... પોલીસ આવી...ભાગો...' કરતાંભાગવા લાગ્યા હતા, જેમાંથી ત્રણ ઈસમો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. એમાં જાહિદ ઉર્ફે મૌલાના અલીભાઈ સીદાતર (ઉં.વ. 36, રહે.નવાપરા), દિલીપ મફાભાઈ થારતિયા (ઉં.વ.47, રહે.કુંભારવાડા) તથા ઈમ્તિયાઝ રસુલભાઈ શમા (ઉં.વ.26, રહે. વડવા નેરા વાળા)ને ઝડપી લીધા હતા.

### મધરાતે ઢસા પાસે કાર-ટ્રક વચ્ચે જોરદાર ટક્કર, એક જ ઝાટકે બોપલ-હાથીજણ રહેતા બે મિત્રની જિંદગી છીનવાઈ

# પાછા ફરી રહેલા અમદાવાદના 2 યુવકનાં અકસ્માતમાં મોત

(એજન્સી) બોટાદ | તા 24

ગઢડા તાલુકાના ઢસા-અમદાવાદ રોડ પર આજે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રકે સ્વિફ્ટ કારને વચ્ચોવચ અડફેટે લેતાં કારમાં સવાર અમદાવાદના બે યુવકનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને કાર પડીકું વળી ગઈ હતી, જ્યારે કારમાં સવાર એક યુવકને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. મધરાતે ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી.

મળતી માહિતી મુજબ, એક સ્વિફ્ટ કાર જીજે 27 સીએમ 6574માં ત્રણ યુવક સવાર થઈને ઢસાથી અમદાવાદ



તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ઢસા નજીક ગઢડા રોડ પર કાર અને આરજે 07 જીઈ 4791 નંબરની ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કરને કારણે કાર વચ્ચેથી લોચો વળી ગયો હતો અને એમાં સવાર યુવકો ફસાઈ ગયા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, અકસ્માતનો અવાજ એટલો તીવ્ર હતો કે આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.

દુર્ઘટનાની જાણ થતાં જ પોલીસકાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. કારમાં સવાર ત્રણ પૈકી બે યુવકોએ ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો, જ્યારે અન્ય એક યુવકને ગંભીર હાલતમાં સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ક્રેન અને સ્થાનિકોની મદદથી મૃતદેહોને કારમાંથી બહાર કાઢી પીએમ (પોસ્ટમોર્ટમ) માટે ઢસાની સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા.

પોલીસે હાલ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક યુવકો અમદાવાદના હોવાનું સામે આવ્યું છે. મૃતક યુવકો અમદાવાદના સાઉથ બોપલ અને હાથીજણ ચાર રસ્તા રહેતા હતા, જ્યારે ઈજાગ્રસ્ત પણ અમદાવાદમાં રહેતો હતો. આ અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિકજામનાં દૃશ્યો પણ સર્જાયાં હતાં.

હાથીજણની રાધે હાઈટસ ખાતે રહેતા હાર્દિક ઠક્કરના પરિવારમાં કુલ 6 સભ્યો છે. તેમના પિતા ધીરેનભાઈ ઠક્કર, માતા ચંદ્રિકાબેન, પત્ની ઈશિતા ઠક્કર. તેમને સંતાનોમાં એક દીકરો અને એક દીકરી છે. 3.5 વર્ષની દીકરી દિત્યા અને 7 વર્ષનો દીકરો જય. સમગ્ર પરિવારમાં અત્યારે ભારે શોકનો માહોલ જોવા મળ્યો હતો.

## લવમેરેજ કરનારી પુત્રીનું ઘરેથી જ અપહરણ: જમાઈ તેના પરિવારને જમવા બોલાવીને મારમાર્યો

(એજન્સી) ભાવનગર | તા. 24

ભાવનગરમાં પ્રેમલગ્ન કરનાર યુવતીનું તેના પિયર પક્ષ દ્વારા અપહરણ કરી લેવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. દીકરીના પરિવારજનોએ જમાઈ અને તેના કુટુંબને જમવા માટે ઘરે બોલાવ્યા હતા, પરંતુ ત્યાં પહોંચતા જ પૂર્વ આયોજિત કાવતરા કરીને તેને ઢોર માર મારવામાં આવ્યો હતો. યુવતીના ફુવાએ ધમકી આપી હતી કે જો હવે પછી તેની સામે જોવાની પણ કોશિશ કરી તો જાનથી મારી નાખીશું. પ્રેમલગ્નનથી નાખુશ યુવતીના પરિવારે કાયદો હાથમાં લઈ જમાઈ અને તેના પરિવાર પર હુમલો કરી ગંભીર ધમકીઓ આપતા ચકચાર મચી ગઈ છે. યુવકે સાત સામે મારપીટ, અપહરણ અને જાનથી મારી નાખવાની ધમકી અંગેની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે નીલમબાગ પોલીસ મથકેથી મળતી માહિતી બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના રસનાળ ગામે રહેતા યશ હિતેશભાઈ ઉપાધ્યાય ઉ.વ.24 એ ભાવનગરની પિયા મોરડીયા સાથે ગત 23 નવેમ્બરના રોજ પ્રેમલગ્ન કર્યા હતા. આ લગ્ન પિયાના પિતા પર્વતભાઈ ખોડાભાઈ મોરડીયાને પસંદ ન હતા. જોકે, સમાધાનના બહાને પર્વતભાઈએ યશ અને તેના પરિવારને ફોન કરીને ભાવનગર જમવા માટે આમંત્રણ આપ્યું હતું. ગઈકાલે 23 ડિસેમ્બર 2025ના રોજ બપોરે યશ, તેમના પત્ની પિયા, પિતા હિતેશભાઈ અને માતા માયાબેન ભાવનગર ખાતે સસરાના ઘરે ગયા હતા. ત્યાં હાજર પિયાના પિતા, માસા હિતેશભાઈ મોરડીયા, ફુઆ, મામા અને અન્ય અજાણ્યા માણસોએ દરવાજા બંધ કરી દીધા હતા. પિયાને ત્યાં રોકાઈ જવા દબાણ કર્યું હતું, પરંતુ તેણે ના પાડતા પરિવાર ઉશ્કેરાઈ ગયો હતો.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

માનસિક શાંતિ માટે તમારા ટેન્શનનો ઉકેલ લાવો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો.

**વૃષભ : બ. વ. ઉ.**

અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે.

**કર્ક : ડ. હ.**

મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે.

**સિંહ : મ. ટ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**કન્યા : પ. ઠ. ણ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે.

**તુલા : ર. ત.**

તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારૂ સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**મકર : ખ. જ.**

ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. રૉમાન્સ માટેની તકો દેખીતી છે- પણ તેનું આયુષ્ય ટૂંકું હશે.

**પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના**

### દાહોદ જેવા છેવાડાના અને આદિવાસી બાહુલ્ય જિલ્લા ગણાતા જિલ્લામાં

## સરકારશ્રીની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આશીર્વાદ રૂપ પુરવાર થઇ

આપણે અહીં વાત કરવાની છે સરકારશ્રીના આરોગ્ય વિભાગ હેઠળ ચાલતી આયુષ્યમાન કાર્ડ યોજના અંગે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૮ માં સામાન્ય લોકોને આર્થિક સ્થિતિ વશ આરોગ્ય સારવાર બાબતે મજબુર થવું ન પડે એ માટે સરકારે લોકોની આર્થિક અને આરોગ્ય અંગેની ચિંતા કરીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના શરૂ કરી હતી. સામાન્ય લોકોને આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે મોટી અને ગંભીર બિમારી સમયે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે એ માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - આયુષ્માન કાર્ડ એ ગરીબો માટે આશિર્વાદરૂપ બન્યું છે.

દાહોદ જિલ્લામાં પણ સરકારશ્રીએ બનાવેલ આરોગ્ય સુવિધાઓ જરૂરિયાત મંદ લોકોના ઘરે - ઘરે પહોંચી રહી છે. જે થકી ગરીબ-વંચિત પરિવારોને આરોગ્ય કવચ મળ્યું છે. આ યોજના હેઠળ આપણા ગુજરાત રાજ્યની વાત કરીએ તો, રૂપિયા ૧૦ લાખ સુધીની મફત આરોગ્ય સારવાર સરકારશ્રીના આરોગ્ય વિભાગ થકી આપવામાં આવી રહી છે. જે એક સેવાથી કમ નથી, એમ કહીએ તો કઈ અતિશયોક્તિ નથી..!

આયુષ્યમાન કાર્ડ ન હોત તો આજે મેં મારા પિતાને ક્યારનાય ગુમાવી દીધા હોત. હા, આ વાક્ય છે દાહોદ જિલ્લામાં દાહોદ શહેરમાં આવેલ નુરબાગમાં રહેતા મુર્તુઝા બુટવાલાનું. એમની સાથે મુલાકાત કરતાં એમણે એમના આયુષ્યમાન કાર્ડ હેઠળના અનુભવો વર્ણવ્યા હતા. તેમણે કહ્યું કે, મારા પિતાને છેલ્લા ૫ વર્ષથી કેન્સર હતું. અમારી આર્થિક સ્થિતિ સારી નહોતી. સારવાર માટે લાખોનો ખર્ચ થાય એમ હતો.હા, અમે પ્રાઈવેટ હોસ્પિટલમાં પણ લઇ ગયા.

**વિકાસના ગાજરની પીપુડી વગાડતી ભાજપ સરકારમાં પ્રાથમિક સુવિધાઓ દૂરબીન લઈને જોવાથી પણ દેખાતી નથી**

# છોટાઉદેપુર જિલ્લાના સંખેડામાં "ગુજરાત જોડો" જનસભામાં ચૈતર વસાવાની હાજરી

### મોદીના કાર્યક્રમમાં કરોડો ઉડાવતી સરકાર કાંધા ગામમાં પ્રાથમિક સુવિધા પણ નથી આપી શકી

(એજન્સી) અમદાવાદ | તા.24

આજે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડામાં "ગુજરાત જોડો જનસભા"માં હાજરી આપી હતી. ધારાસભ્ય ચૈતર વસાવા સહિત યુવા નેતા યુવરાજસિંહ જાડેજા પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ જનસભામાં ખૂબ જ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને આમ આદમી પાર્ટીને સમર્થન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ પર આકારા પ્રહાર કરતાં કહ્યું હતું કે, 28 ગામોના હાઈડ્રો પ્રોજેક્ટ મંજૂર થયો, જો આ પ્રોજેક્ટના નામે આદિવાસીઓની એક પણ ઇંચ જમીન છીનવવામાં આવશે તો અમે તીર કામઠા લઈ તેનો ઉગ્ર વિરોધ કરીશું, કાંધા ગામમાં પ્રાથમિક સુવિધા હજુ પણ નથી, નસવાડીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઠેકાણા નથી. મોદીના કાર્યક્રમમાં કરોડો રૂપિયાનો ધુમાડો કરનાર ભાજપ સરકારના 30 વર્ષના શાસન બાદ પણ આજે આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાની કમી છે. આપણે મનરેગામાં થયેલા ભ્રષ્ટાચારના મુદ્દાને શરૂઆતમાં છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ જિલ્લામાંથી ઉઠાવ્યો, ત્યારબાદ નેતાઓ, તેમના પુત્રો, ભાજપના મંત્રી, સંત્રી અને કોંગ્રેસના ઉપાધ્યક્ષ જેવા નેતાઓએ જેલમાં જવું પડ્યું. કેન્દ્રની ભાજપ સરકારે તેમના નેતાઓના કૌભાંડોને છુપાવવા માટે મનરેગાનું નામ બદલ્યું.

### સરખેજમાં ગરીબ પરિવારોને મકાન તોડવાની મૌખિક ધમકી, AAPએ AMCને રજૂઆત કરી


સરખેજ વિસ્તારમાં રહેતા લોકોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિકારીઓ દ્વારા મૌખિક જાણ કરવામાં આવી હતી કે "તમારા મકાનો તોડી દેવામાં આવશે." આ મુદ્દે આમ આદમી પાર્ટીના માલધારી સેલના પ્રદેશ પ્રમુખ કિરણ દેસાઈ, પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કર, પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટ, સરખેજ વોર્ડના પ્રભારી વિષ્ણુભાઈ ઠાકોર, વેજલપુર વિધાનસભાના સહ પ્રભારી અનસભાઈ પટની, મકતમપુરા વોર્ડના ઈન્ચાર્જ યાકિબ સનિષ્ટા, કાર્યકર્તા જ્યોતિષભાઈ અને અન્ય કાર્યકર્તા સહિત સ્થાનિક લોકો મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરને રજૂઆત કરવા માટે ગયા હતા. આ દરમિયાન AAP નેતા કિરણ દેસાઈએ એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, સરખેજ વિસ્તારના મલકાની તળાવ પાસે 40 વર્ષથી ગરીબ પરિવારના લોકો વસી રહ્યા છે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ રાતોરાત આવીને એમને ધમકાવીને કહ્યું કે "અમે તમારા મકાનો તોડી દઈશું."

**ગરીબીને હંફાવી આહવાનો અભિષેક બન્યો ચેમ્પિયન**

## ડાંગના યુવાને મુંબઈમાં ગજવ્યું મેદાન, MMAમાં જીત્યો ગોલ્ડ મેડલ

સુશિલ પવાર | ડાંગ તા.24

કહેવાય છે કે જેમના ઈરાદા નેક અને મક્કમ હોય છે, તેને નસીબ પણ સલામી ભરે છે. ડાંગની પહાડીઓ વચ્ચે ઉછરેલા એક મધ્યમવર્ગીય યુવાને મુંબઈના ગ્લેમર અને તાકાતના મેદાનમાં જે પરાક્રમ કર્યું છે, તેણે સાબિત કરી દીધું કે પ્રતિભા કોઈ સુખ-સુવિધાઓની મહોતાજ નથી હોતી. આહવાની મિશન કોલોનીમાં રહેતા અભિષેક ઈલેશભાઈ પટેલે ગત ૨૦ ડિસેમ્બરના રોજ નવી મુંબઈના રિંગમાં ઉતરીને એવો પ્રહાર કર્યો કે આખું સ્ટેડિયમ સ્તબ્ધ થઈ ગયું. મિક્સ્ડ માર્શલ આર્ટ્સ (MMA) જેવી ખતરનાક ગણાતી રમતમાં



આ ગુજરાતી યુવાને ગોલ્ડ મેડલ જીતીને ડાંગના સપનાઓને નવી પાંખો આપી છે. સંઘર્ષ અને સપનાનો સંગમ અભિષેકનો આ વિજય માત્ર એક મેડલ નથી, પણ વર્ષોના સંઘર્ષની પરાકાષ્ઠા છે. આહવા જેવા શાંત વિસ્તારમાં રહીને ટીવી અને મોબાઈલના નાના પડદા પર મોટા ફાઈટર્સને જોઈને જે સપનું આ યુવાને જોયું હતું, તેને પૂરું કરવા માટે તેણે પોતાની રાત-દિવસ એક કરી દીધી હતી. ઘરની આર્થિક સ્થિતિ એવી નહોતી કે કોઈ હાઈ-ફાઈ જીમ કે મોંઘા કોચ રાખી શકાય, પરંતુ તેની પાસે 'જીતવાની જીદ' હતી.

**વહેલી તકે તમામ અરજીઓનો નિકાલ લાવવા**

## અધિક નિવાસી કલેક્ટરશ્રી જે. એમ. રાવલના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત કાર્યકમ યોજાયો

દિપક રાવલ | દાહોદ આ ડિસેમ્બર માસના જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં FIR માં નામો દાખલ કરવા બાબત, ગેરકાયદેસર બાંધકામ બાબત, મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજનાના લાભ ન મળવા બાબત, ઘુઘસ ગ્રામ પંચાયતના બાંધકામમાં નાંણાકીય ઉપાચત બાબત, જાહેર રસ્તાઓ પરના દબાણ દુર કરવા બાબત જેવા પ્રશ્નો અરજદારો દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. આ તમામ અરજદારોના પ્રશ્નો અધિક નિવાસી કલેક્ટરશ્રી દ્વારા રૂબરૂ ધ્યાનથી સાંભળીને સંબંધિત અધિકારીઓને અરજદારો દ્વારા રજુ કરાયેલ પ્રશ્નોને સંવેદના સાથે પ્રાથમિકતા આપી સમયમર્યાદામાં ઝડપી નિરાકરણ લાવવા માટે માર્ગદર્શન આપવા સહીત સુચના આપી હતી. આ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં દાહોદ નાયબ પોલીસ અધિક્ષકશ્રી રાઠોડ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રી ઝાલોદ, મામલતદારશ્રી સુખસર, તાલુકા વિકાસ અધિકારીશ્રી ફતેપુરા અને સહિત સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દાહોદ જિલ્લામાં રસ્તાના સમારકામ/ રીસરફેસીંગ અને નવીનીકરણની કામગીરી પુરજોશમાં

દિપક રાવલ | દાહોદ જિલ્લાના રસ્તાના સમારકામ/ રિસર્ફેસિંગ અને નવીનીકરણની કામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે. જેમાં માર્ગ અને મકાન પંચાયત વિભાગ દાહોદ હસ્તકના ઝાલોદ તાલુકાના રાણીયાર થેરકા માર્ગની રીસરફેસીંગની કામગીરી પુર્ણ કરવામાં આવી. નાગરિકો માટે પરિવહન સુગમ બને એ બાબતને પ્રાથમિક્તા આપીને દાહોદ જિલ્લાના માર્ગો પર કામગીરી કરવામાં આવી રહી છે. આ રિસર્ફેસિંગ કામગીરીથી સ્થાનિક ગામો વચ્ચે માર્ગ પરિવહન સુવિધા વધશે તેમજ પરિવહન કરતા લોકોને રાહત મળશે અને સમય પણ બચશે.

**મહીસાગર જિલ્લાના**

## બાલાસિનોરના હેપેટાઇટિસ-A ના અસરગ્રસ્ત વિસ્તારોની જિલ્લા કલેક્ટર દ્વારા રૂબરૂ મુલાકાત લેવામાં આવી

જગદીશ ત્રિવેદી | મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના શહેરી વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી હેપેટાઇટિસ-A (કમળા) ના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળતા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મહીસાગર જિલ્લા કલેક્ટરશ્રીએ આ મુદ્દાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને બાલાસિનોરના અસરગ્રસ્ત વિસ્તારોની સીધી મુલાકાત લીધી હતી. કલેક્ટરશ્રીએ આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે સ્થિતિની સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી હતી.કલેક્ટરશ્રીએ ખાસ કરીને કમળાના વધુ કેસો ધરાવતી નીલમ સોસાયટી અને જલારામ સોસાયટી સહિતના અન્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈને પરિસ્થિતિનું તલસ્પર્શી નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમની સમસ્યાઓ તેમજ આરોગ્ય વિષયક પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા કરી હતી. વહીવટી વડાને પોતાની વચ્ચે જોઈને સ્થાનિકોએ પણ પોતાના પ્રશ્નો નિખાલસતાથી રજૂ કર્યા હતા.મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવી રહેલા ડોર-ટુ-ડોર સર્વેની કામગીરી ચકાસી હતી.

**કલેક્ટરશ્રી દ્વારા ૧૬ પૈકી ૦૮ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો**

## જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને 'જિલ્લા સ્વાગત' કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા સ્થિત કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને 'જિલ્લા સ્વાગત' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાન્ય જનતાના પડતર પ્રશ્નોના ત્વરિત અને ન્યાયિક નિરાકરણ લાવવાના ઉમદા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં કલેક્ટરશ્રીએ અરજદારોની રજૂઆતોને રૂબરૂ સાંભળીને સંબંધિત વિભાગોને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. આજના આ જિલ્લા સ્વાગત કાર્યક્રમ દરમિયાન જિલ્લાભરમાંથી આવેલા અરજદારો દ્વારા કુલ ૧૬ જેટલા વિવિધ પ્રશ્નો કલેક્ટરશ્રી સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. રજૂ થયેલા આ પ્રશ્નોની ગંભીરતાપૂર્વક સમીક્ષા કર્યા બાદ, કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે સ્થળ પર જ ૦૮ જેટલા પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરી અરજદારોને સંતોષકારક ન્યાય અપાવ્યો હતો.વધુમાં, કાર્યક્રમમાં રજૂ થયેલા અન્ય ૦૬ પ્રશ્નો હાલ પેન્ડિંગ રાખવામાં આવ્યા છે.

## જૂનાગઢ જિલ્લામાં તા. ૫ જાન્યુઆરી સુધી મંજુરી વગર સભા સરઘસ યોજી શકાશે નહીં

નરેન્દ્ર દવે જૂનાગઢ | જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગી એ કઈ સભા સરઘસ કાઢી શકાશે નહીં તે માટે જાહેરનામુ પ્રસિદ્ધ થવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત રજૂ થતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી. એસ.બારડે તેમને મળેલ સત્તાની રૂએ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની જાળવણી સારું મંજુરી વગર જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સભા સરઘસ યોજી શકાશે નહીં તેવુ મનાય હુકમ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. જૂનાગઢ જિલ્લામાં તાત્કાલીક અસર થી તા. ૫ જાન્યુઆરી સુધી પરવાનગી વગર કોઈપણ સભા સરઘસ યોજી શકશે નહીં.

## જૂનાગઢમાં પોરબંદર લોકસભાના સાંસદ ખેલ મહોત્સવનો તા.૨૫મી ડિસેમ્બરે ભવ્ય ફિનાલે

નરેન્દ્ર દવે જૂનાગઢ | કેન્દ્રીય રમત ગમત મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા અને રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા જૂનાગઢ ખાતે તા.૨૫મી ડિસેમ્બરે પોરબંદર લોકસભાના સાંસદ ખેલ મહોત્સવ- ૨૦૨૫ના ભવ્ય ફિનાલેમાં ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરશે.

જૂનાગઢના સરદાર પટેલ રમત સંકુલ ખાતે આયોજિત આ ભવ્ય ફિનાલેમાં આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ પણ ઉપસ્થિત રહેનાર છે, ઉપરાંત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ માધ્યમથી રાષ્ટ્ર વ્યાપી સંબોધન કરશે. આ ફિનાલેનો સવારે ૭ કલાકે પ્રતિભાઓના આગમન સાથે શરૂ થશે અને ૭.૩૦ કલાકે સ્પર્ધાઓનો પ્રારંભ થશે. આ સાથે મેડલ સેરેમની ઉપરાંત સવારે ૧૦ કલાકે ઈનામ વિતરણનો સ્ટેજ કાર્યક્રમ યોજાશે.

## જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. પી.પટેલના અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે | જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.પી.પટેલના અધ્યક્ષતામાં જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આવેલ ૨૭ અરજીનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરાયો હતો. આ જિલ્લા સ્વાગત કાર્યક્રમ દરમિયાન જિલ્લામાંથી નાગરિકોએ કરેલી વ્યક્તિગત તેમજ જાહેર હિતને લગતી કુલ ૨૭ ફરિયાદો ની સંબંધિત વિભાગો તેમજ અરજદારોની રૂબરૂમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે ફરિયાદોની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપી ફરિયાદોનું સુખદ અને સંતોષકારક નિરાકરણ કરવામાં આવ્યું હતું.

**પાલનપુર નગરપાલિકા દ્વારા**

## રખડતા કુતરાઓનું રસીકરણ તથા પાલતુ કુતરાઓનું રજીસ્ટ્રેશન અભિયાન શરૂ કરાયું

પાલનપુર : સરકારની પ્રાણીઓ સામેની ક્રૂરતા નિવારણ અધિનિયમની જોગવાઈઓ અનુસાર પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં રખડતા કૂતરાઓના રસીકરણ તથા ખસીકરણ માટે આયોજનબદ્ધ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સાથે પાલતુ કુતરાઓના રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પણ અમલમાં મૂકવામાં આવી છે.આ કામગીરી માટે પાલનપુર સ્થિત સંસ્થા યસ ડોગને ટેન્ડર ફાળવવામાં આવ્યું છે. આ ટેન્ડર મળ્યા બાદ શહેરમાં રખડતા કૂતરાઓના રસીકરણ અને ખસીકરણની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાનનો મુખ્ય હેતુ રેબીઝ જેવી જીવલેણ બીમારીઓથી જાહેર આરોગ્યનું સંરક્ષણ કરવું તેમજ ખસીકરણ દ્વારા કૂતરાઓની વધતી જતી સંખ્યાને નિયંત્રિત કરવાનો છે. પાલનપુર નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રી જીગર પટેલે ટીમ સાથે ટેન્ડર પ્રાપ્ત કરેલી એજન્સી યસ ડોગની મુલાકાત લઈ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન રસીકરણની પ્રક્રિયા, કૂતરાઓને પકડવા અને સંભાળવાની પદ્ધતિ, તેમજ સારવાર અને રસીકરણ માટે ઉપલબ્ધ સુવિધાઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

## આખલાઓ અવારનવાર યુધ્ધ થી લોકો ભયભીત ભીડભાડ વાળા વિસ્તારોમાં ઢોરો નો ત્રાસથી નાગરિકો ત્રાહિમામ પોકારી ઊઠયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદમાં આખલાઓ યુધ્ધે ચડ્યા લોકો ભયભીત થઈ ગયા શહેરના ભિડભાડ વિસ્તારમાં રખડતા આખલાઓ ના ત્રાસથી નાગરિકો ત્રાહિમામ પોકારી ઊઠયા શાકભાજી માર્કેટમાં મચ્છી માર્કેટમાં ભરચક્ક વિસ્તારોમાં આખલાઓ ના યુધ્ધ થી નાસભાગ મચી ગઇ હતી અવારનવાર બ્રિજ ઉપર તથા રોડ રસ્તાઓ પર રખડતાં ઢોર જાહેર માર્ગ પર દિવસ તો ઠીક રાત્રે અંધકારમાં જ્યારે આ રેઢિયાળ ઢોરો રસ્તાઓ પર અડિંગો જમાવીને બેઠેલા હોય ત્યારે વાહનો સાથે ભટકાતા ગંભીર અકસ્માત નોતરે છે. જેને લઈ કેટલાય પરિવાર માં ગમગીની છવાઇ જાય છે. જાફરાબાદ નગરપાલિકા દ્વારા આવા રખડતાં ઢોરો ને પકડવાની કામગીરી ક્યારેય કરવામાં આવી નથી જાણકારો મુજબ જાણવા મળ્યું કે પકડાયેલા ઢોર રાત્રે છોડી દેવામાં આવે છે. એટલે સમસ્યા અહીંથી ત્યાં શિફ્ટ કરવામાં આવે છે.

## પીપલોદ ખાતે ખાનગી IMA અને આયુષ તબીબો માટે ટીબી વિષયક આધુનિક સેવાઓ અંગે CME યોજાઇ

દિપક રાવલ | દાહોદ દેવગઢ બારીયા તાલુકાના પીપલોદ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. ઉદય ટીલવાતની અધ્યક્ષતામાં ક્ષય (ટીબી)ના નિદાન અને સારવારની આધુનિક સેવાઓ અંગે સતત મેડિકલ એજ્યુકેશન (CME) કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) તથા આયુષ તબીબો માટે આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં બારીયા અને પીપલોદ વિસ્તારના ખાનગી તબીબોને ટીબી રોગ અંગે અધ્યતન માહિતી આપવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા ક્લિનિકલ એસ્ટેબ્લિશમેન્ટ એક્ટ અંતર્ગત જે હોસ્પિટલોના રજીસ્ટ્રેશન બાકી છે તે તાત્કાલિક પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી. ઉપરાંત દાહોદ જિલ્લામાં વનરેબલ પોપ્યુલેશનના અંદાજે 3.5 લાખ લોકોના એક્સ-રે કરવાના લક્ષ્યાંક અંગે માહિતી આપવામાં આવી, જે કામગીરી હાલમાં ચાલુ હોવાનું જણાવાયું હતું.

## 28 વર્ષથી મારા-મારી અપહરણ,હુમલાના ગુન્હા નો વોન્ટેડ આરોપી વઘઇ પોલીસની પકડમાં.

ડાંગ જિલ્લાની વઘઈ પોલીસની ટીમે ૨૮ વર્ષ જૂના અપહરણ અને સરકારી કર્મચારી પર હુમલાના ગંભીર ગુનામાં સંડોવાયેલા એક વોન્ટેડ આરોપીને મહારાષ્ટ્રના પુણે ખાતેથી ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.વઘઇ પોલીસ મથકનાં પી.આઈ. વી. કે.ગઢવીની ટીમે વેશ પલટો કરીને ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડી આરોપીને દબોચી લીધો છે.આ કેસની વિગત મુજબ, ૧૧ જુલાઈ ૧૯૯૭ના રોજ વઘઈ આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર ફરજ બજાવતા તત્કાલિન આર.ટી.ઓ. અધિકારી એ.એસ. ત્રિવેદીએ ફરિયાદ નોંધાવી હતી. તેઓ જ્યારે વઘઈ સર્કલ પાસે પોતાની ફરજ પર હતા, ત્યારે લક્ઝરી બસ (નંબર MH-12-Q-711) ના પેસેન્જરો અને ચાલકોએ તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. આરોપીઓએ સરકારી કર્મચારી સાથે ગાળાગાળી કરી, તેમને માર મારી ઈજા પહોંચાડી હતી. એટલું જ નહીં, આરોપીઓએ અધિકારીનું અપહરણ કરી તેમને બસમાં બેસાડી દીધા હતા અને છેક મહારાષ્ટ્રની હદમાં નાસિક નજીક ઉતારી દઈ ફરાર થઈ ગયા હતા.

**ટૂંક સમયમાં મોટી ઝુંબેશ હાથ ધરવા આયોજન**

# બાલાસિનોરમાં મુખ્ય રસ્તાના દબાણો અંગે રેવન્યુ, નગરપાલિકા, પોલીસનો સંયુક્ત સર્વે

(એજન્સી) બાલાસિનોર | તા.24

બાલાસિનોરના નાના-મોટા માર્ગો પર હંગામી અને સ્થાયી કાચા-પાકા દબાણોએ અજગરી ભરડો લીધો છે. ત્યારે રેવન્યુ વિભાગ, નગરપાલિકા અને પોલીસ દ્વારા મુખ્ય રસ્તા પર દબાણોનો સંયુક્ત સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આ સર્વે બાદ ટૂંક સમયમાં જ મોટી ઝુંબેશ હાથ ધરવાનું આયોજન તૈયાર કરાયું છે. અત્રે ઉલ્લેખનિય છે કે, શહેરમાં આવી સંયુક્ત કવાયત હાથ ધરાઇ હોય તેવો આ સૌપ્રથમ કિસ્સો છે.બાલાસિનોરમાં રાજપૂરી દરવાજાથી નિશાળ ચોક સુધીના મુખ્ય રસ્તા પર લાંબા સમયથી વ્યાપક દબાણો થઇ ગયા છે. આ દબાણોના કારણે રસ્તો સાંકડો બની ગયો છે. વાહન ચાલકો તો ઠીક રાહદારીઓને ચાલીને પસાર થવાની જગ્યા પણ મળતી નથી. જેના પગલે આ રસ્તા પરના દબાણો અંગે નાયબ કલેક્ટરની સૂચના અનુસાર મામલતદાર, નગર પાલિકાના ચીફ ઓફિસર, ટાઉન પોલીસ ઈન્સપેક્ટર, સિટી સર્વેના અધિકારીઓ વગેરે કાફલાએ આજે રસ્તા પરના દબાણો બાબતે સર્વે કરીને યાદી તૈયાર કરી છે. આ સર્વે દરમિયાન નાના કાચા દબાણો પણ હટાવવામાં આવ્યા હતા. લારી, પાથરણાંવાળાઓને રસ્તા ખુલ્લા રાખવા તાકિદ કરાઇ હતી. દુકાનદારોને ઓટલા-છાપરા હટાવી દુકાન બહાર સામાન નહીં રાખવા સમજાવવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં આ રસ્તા પર મેગા ડિમોલિશન



હાથ ધરીને રસ્તાને ખુલ્લો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**ફેબ્રુઆરી સુધી વૈકલ્પિક રૂટની વ્યવસ્થા**

## જૂનાગઢમાં ઓવરબ્રિજનું કામ તેજ: જોષીપરા ફાટક રોડ પર પ્રવેશબંધી

નરેન્દ્ર દવે જૂનાગઢ

સોરઠની આન, બાન અને શાન સમાન જૂનાગઢ શહેરના વિકાસમાં એક નવું સોપાન ઉમેરાવા જઈ રહ્યું છે, પરંતુ આ પ્રગતિના પંથે મુસાફરી કરતા વાહનચાલકોએ હવે થોડી ધીરજ ધરવી પડશે.

શહેરના વ્યસ્ત ગણાતા ગાંધી ચોક અને જોષીપરા ફાટકને જોડતા માર્ગ પર રેલવે ઓવરબ્રિજની કામગીરી હવે નિર્ણાયક તબક્કે પહોંચી છે. બ્રિજના ફાઉન્ડેશનનું કામ શરૂ કરવાનું હોવાથી સુરક્ષાના કારણોસર વહીવટી તંત્ર દ્વારા આ માર્ગ પર વાહનોની અવરજવર માટે લાલચોળ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

કમિશનરનું કડક વલણ જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર તેજસ પરમારે નાગરિકોની સલામતીને ધ્યાનમાં રાખીને એક મહત્ત્વનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

એલસીબી પોલીસ સ્ટેશનથી જોષીપરા ફાટક તરફનો રસ્તો બંધ થવાથી વાહનચાલકોને મુશ્કેલી ન પડે તે માટે વૈકલ્પિક માર્ગોની યાદી જાહેર કરી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, જો કોઈ વ્યક્તિ આ નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેની સામે જીપીએમસી એક્ટ હેઠળ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ નિયંત્રણો આગામી ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ની મધ્યરાત્રિ સુધી અમલમાં રહેશે. હવે ક્યાંથી પસાર થશો? જાણો વિગતવાર રૂટ જો તમારે ગાંધી ચોકથી જોષીપરા તરફ જવું હોય, તો હવે બસ સ્ટેન્ડ સર્કલ થઈને બસ સ્ટેન્ડ ફાટકવાળા રસ્તાનો ઉપયોગ કરવો પડશે.

## રોકાણકારોનો વિશ્વાસ અને ભંડોળમાં મોટો ઉછાળો નોંધાયો

# ભારતીય આઈપીઓ બજાર તેજીએ વર્ષ ૨૦૨૫ માં ૧.૭૬ લાખ કરોડનો નવો વિક્રમ સર્જ્યો

અમદાવાદ:ભારતીય મૂડી બજાર માટે વર્ષ ૨૦૨૫ એક ઐતિહાસિક વર્ષ સાબિત થયું છે. દેશના પ્રાઈમરી માર્કેટમાં પ્રારંભિક જાહેર ઓફર એટલે કે આઈપીઓનો જાણે વરસાદ વરસ્યો હોય તેમ કંપનીઓએ કુલ ૧.૭૬ લાખ કરોડ રૂપિયાનું માતબર ભંડોળ એકત્ર કરીને નવો વિક્રમ સ્થાપ્યો છે. મજબૂત સ્થાનિક તરલતા અને સુધરેલી આર્થિક સ્થિતિને કારણે રોકાણકારોનો અવિરત વિશ્વાસ બજાર પર જળવાઈ રહ્યો હતો, જેની સીધી અસર આઈપીઓ બજારના આંકડાઓમાં પ્રતિબિંબિત થઈ છે.




આ વર્ષની સૌથી મોટી હાઈલાઈટ નવા યુગના સ્ટાર્ટઅપ્સની લિસ્ટિંગ રહી છે. લેન્સકાર્ટ, મિશો અને ફિઝિક્સવાલા જેવા દિગ્ગજ નામ સહિત કુલ ૧૮ સ્ટાર્ટઅપ્સે શેરબજારમાં એન્ટ્રી કરીને ૪૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ ઊભું કર્યું છે. નોંધનીય છે કે ગત વર્ષ ૨૦૨૪ માં આ આંકડો ૨૯,૦૦૦ કરોડ રૂપિયા હતો. બીજી તરફ, નાના અને મધ્યમ કદના ઉદ્યોગો (SME) માં પણ જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૨૫ દરમિયાન ૨૫૨ SME કંપનીઓએ આશરે ૧૧,૪૦૦ કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા, જે ગત વર્ષના ૯,૫૮૦ કરોડની સરખામણીએ ઘણો વધારે છે.આ વર્ષે એક નવો ટ્રેન્ડ એ જોવા મળ્યો કે કુલ એકત્રિત ભંડોળના લગભગ ૬૦ ટકા નાણાં 'ઓફર્સ ફોર સેલ' (OFS) દ્વારા આવ્યા હતા. આનો અર્થ એ થયો કે પ્રમોટર્સે કંપનીમાં નવી મૂડી લાવવાને બદલે પોતાના હિસ્સાના શેર વેચીને ભંડોળ મેળવવા પર વધુ ભાર મૂક્યો હતો. વર્ષની શરૂઆતમાં વૈશ્વિક તણાવ અને વિદેશી રોકાણકારોની નબળી ભાગીદારીને કારણે બજાર થોડું ધીમું રહ્યું હતું, પરંતુ ઓગસ્ટ મહિના પછી સ્થિતિમાં નાટ્યાત્મક સુધારો થયો અને આઈપીઓની ગતિ તેજ બની હતી.બજારના ડેટા મુજબ, વર્ષ દરમિયાન લિસ્ટ થયેલી ૧૦૩ મુખ્ય કંપનીઓમાંથી ૭૦ કંપનીઓએ લિસ્ટિંગના દિવસે જ રોકાણકારોને શાનદાર વળતર આપ્યું હતું, જ્યારે ૩૨ કંપનીઓ ડિસ્કાઉન્ટ ભાવે લિસ્ટ થઈ હતી. શેરબજારના મુખ્ય ઈન્ડેક્સ નિફ્ટીમાં ૧૦ ટકા અને સેન્સેક્સમાં ૯ ટકાથી વધુનો વધારો થતાં રોકાણકારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્થાનિક રોકાણકારોના સતત સપોર્ટને કારણે બજારમાં ઉતાર-ચઢાવ છતાં સ્થિરતા જળવાઈ રહી હતી. બજારના નિષ્ણાતોના મતે, આ તેજીનો સિલસિલો વર્ષ ૨૦૨૬ માં પણ ચાલુ રહેશે. હાલમાં ૭૫ થી વધુ કંપનીઓને સેબી (SEBI) તરફથી આઈપીઓ લાવવા માટે લીલી ઝંડી મળી ગઈ છે, જ્યારે અન્ય ૧૦૦ જેટલી કંપનીઓ મંજૂરીની રાહ જોઈ રહી છે. મજબૂત આર્થિક પાયા અને નવા રોકાણકારોના પ્રવાહને જોતા આગામી વર્ષ પણ ભારતીય આઈપીઓ બજાર માટે લકી સાબિત થઈ શકે છે.

## સાવધાન! શું 1 એપ્રિલથી તમારો ફોન અને મેસેજ ચેક કરશે સરકાર? ઈનકમ ટેક્સના નવા નિયમો અંગેના વાયરલ મેસેજનું સત્ય

(એજન્સી) નવી દિલ્હી | તા 24

સોશિયલ મીડિયા પર એક સમાચાર સામાન્ય કરદાતાઓનું ટેન્શન વધારી રહ્યા છે. એક વાયરલ પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે નવા ઈનકમ ટેક્સ કાયદા હેઠળ સરકાર તમારા ફોન પર ડિજિટલી જાસૂસી કરવાની તૈયારી કરી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે 1 એપ્રિલ 2026થી આવકવેરા વિભાગને તમારા બેંક ખાતા, ઈમેઇલ અને સોશિયલ મીડિયા ખાતાઓની તપાસ કરવાનો સીધો અધિકાર હશે. જો તમે આ સમાચારને સાચા માનીને તમારી પ્રાઈવેસીને લઈને ચિંતિત છો, તો ચિંતા ના કરો, સરકારે પોતાનું વલણ સંપૂર્ણપણે સ્પષ્ટ કરી દીધું છે, અને સત્ય કંઈક બીજું છે.

'ઈન્ડિયન ટેક ગાઈડ' (@IndianTechGuide) હેન્ડલ સાથે જોડાયેલી ઈન્ટરનેટ પરની એક પોસ્ટને ટાંકીને, એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે નવો ઈનકમ ટેક્સ એક્ટ 2025માં કરચોરી અટકાવવાના નામે વિભાગને અમર્યાદિત સત્તાઓ આપવામાં આવી છે.


## બીજી તરફ ફિઝિકલ ગોલ્ડના બદલે ETFનું આકર્ષણ વધ્યું

# સોનાના ભાવ વધતાં સામાજિક રિવાજો પણ બદલાયા

(એજન્સી) નવી દિલ્હી | તા 24

ભારતમાં 24 કેરેટ સોનાનો ભાવ આજે વધીને 1,36,160 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થયો છે, જે ગઈકાલે 1,34,170 રૂપિયા પ્રતિ દસ ગ્રામ હતો. વધુમાં, 22 કેરેટ સોનાનો ભાવ વધીને 1,24,810 રૂપિયા પ્રતિ દસ ગ્રામ થયો છે, અને 18 કેરેટ સોનાનો ભાવ વધીને 1,02,120 રૂપિયા પ્રતિ દસ ગ્રામ થયો છે. ભારતમાં આજે એક કિલોગ્રામ ચાંદીનો ભાવ વધીને 2,19,100 રૂપિયા થયો છે.છેલ્લા કેટલાક સમયથી સોના-ચાંદીના ભાવમાં આગ ઝરતી તેજી છે. આ બંને કિંમતી ધાતુમાં રોકાણ કરનારા લોકોને તગડું રિટર્ન મળી રહ્યું છે. બીજી તરફ સામાજિક પ્રસંગોમાં સોના-ચાંદીના વ્યવહારોના કારણે સામાન્ય લોકોનું બજેટ ખોરવાઈ ગયું છે. આ સંજોગોમાં કેટલાક સમાજે લગ્ન પ્રસંગોમાં સોના-ચાંદીના દાગીનાના વ્યવહારો બંધ કરવા કે ઘટાડવાના પણ નિર્ણયો લીધા છે. મહત્ત્વનું છે કે, સોનાના ભાવ વધતાં ટ્રેન્ડ પણ બદલાયો છે. લોકોમાં ગોલ્ડ ETFમાં રોકાણ કરવાનું આકર્ષણ પણ વધી રહ્યું છે. ત્યારે સોનાના સતત વધતાં ભાવ અંગે રોકાણકાર, વેપારી, ગૃહિણી અને સામાજિક આગેવાન શું કહે છે, તે જાણીએ.

સોના-ચાંદીના દાગીનાના વેપારી દિલીપભાઈએ જણાવ્યું કે, સોનાનો ભાવ વધ્યો છે તેનાથી ગ્રાહકો પર અસર પડવાથી વેપારીઓને પણ તકલીફ પડે છે.




ગ્રાહકો ખરીદીમાં બહુ જ ધ્યાન રાખે છે. ખરીદ શક્તિ ઘણી ઓછી થઈ ગઈ છે. અંદાજિત 40થી 50 ટકાનો તો અત્યારે ઘટાડો ખરીદીમાં દેખાય જ છે પણ ગ્રાહકને ખરીદવું હોય પણ નથી ખરીદી શકતા. તેથી તેઓ લાઈટ વેઈટ દાગીના પર વધારે ફોકસ કરે છે. અત્યારે તો 40થી 50 ટકાનો ધંધામાં ઑલરેડી ઘટાડો જ છે. આગામી સમયમાં જો આવું રહ્યું તો ઘણી મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. સોનાના ભાવ વધારાથી લોકો ચાંદી તરફ આકર્ષાય છે ચાંદીમાં પણ સારી ડિઝાઈનો મળી રહે છે, પરંતુ તેનો ભાવ પણ ખાસ્સો વધ્યો છે. એટલે કસ્ટમરને તકલીફ તો છે જ.

### સુવિધા મુજબ 1-1 ગ્રામ ગોલ્ડ અથવા ગોલ્ડ ઈટીએફ લેવાઃ એક્સપર્ટ

ઈન્વેસ્ટમેન્ટ એક્સપર્ટ સુનિલભાઈએ જણાવ્યું કે, અત્યારે સોનાના ભાવ જે રીતે વધી રહ્યા છે હવે એમાં સામાન્ય માણસ માટે ખરીદી કરવી બહુ મુશ્કેલ છે. જો કે, આ માટે ઘણાં ઓપ્શન છે. સોનાની જગ્યાએ ચાંદીમાં થોડું થોડું ઈન્વેસ્ટ કરો. ચાંદી પણ સોના કરતાં ડબલ સ્પીડે વધી રહી છે, તો જરૂર પડ્યે ચાંદીને સોનામાં કન્વર્ટ કરી શકાય છે. એટલે કે, ચાંદી વેચીને સોનું ખરીદી શકાય છે. મધ્યમ પરિવારે ગોલ્ડ ખરીદવું હોય તો એવું જરૂરી નથી કે અત્યારે મોટી રકમમાં જ લેવું. નાની એમાઉન્ટમાં 1-1 ગ્રામ ગોલ્ડ લેવું, જે રીતે પૈસાની સગવડ હોય, જે રીતે બચત થતી હોય, એ રીતે તમે ગોલ્ડમાં રોકાણ કરી શકો છો અથવા ઈટીએફમાં 2000 ભાવ છે, તો 2000ના ગોલ્ડ ઈટીએફ લઈ શકાય. એ ફિઝિકલ સાચવવું ન પડે કારણ કે, તે તમારા એકાઉન્ટમાં સચવાઈ રહે છે.

### સોનું લેવા માટે પણ લોન લેવી પડશેઃ ગૃહિણી

સોનાના ભાવમાં થયેલા વધારા વિશે ગૃહિણી ધરાબહેને જણાવ્યું કે, સોનાના ભાવ તો વધ્યા જ છે. પહેલાના ભાવ પ્રમાણે પણ મોંઘું જ હતું. જેમ જેમ મોંઘવારી વધે એમ મોંઘું લાગતું હતું, પણ તોય એ વખતે ખરીદશક્તિ હતી. એઝ અ હાઉસવાઈફ એમ થાય કે થોડું ઘણું 5 કે 10 ગ્રામ થોડું લઈને મૂકી દઈએ. પણ હવે જે રીતની સ્થિતિ સર્જાઈ છે, એ પ્રમાણે તો એમ થાય કે ગોલ્ડ લોનના બદલે ગોલ્ડ લેવા લોન લેવી પડશે. આવું થઈ ગયું છે. એટલે સોનું લેવા માટે પણ હવે પ્લાનિંગ કરવું પડશે એવું થઈ ગયું છે. જેમ જેમ પૈસા ભેગા થાય એમ એમ 5 ગ્રામ કે એક અથવા બે ગ્રામ ભેગું કરીને લેવું જ પડે તો જ ઈઝી પડે. કારણ કે સોનું એ જ વસ્તુ છે, જે કાલ કોઈ ઈમર્જન્સી આવે તો એ વેચીને તે સિચ્યુએશન ફેસ કરી શકીએ.

### ભરવાડ સમાજમાં લગ્ન કરવા માટે મર્યાદિત સોનું આપવાનું વિચારવું પડશેઃ આગેવાન

ભરવાડ સમાજમાં સોનાની લેતીદેતીનું દુષણ ઊભું થઈ ગયું છે. એટલે ભરવાડ સમાજે એક નવી દિશા અપનાવવી પડશે અને સોનાની લેવડ દેવડ પર કાપ મૂકી સમાજમાં દાખલો બેસાડવો પડશે. કારણ કે 20% લોકો એવા છે જે સક્ષમ છે, બાકીના 80% સક્ષમ નથી. એમાં પણ 20% લોકો સિવાય 80% લોકો પોતાના દીકરા-દીકરીના સગપણ નથી કરી શકતા અને તે પણ સોનાના વધતા ભાવના કારણે. એમાં પણ સામેવાળો પક્ષ સોનું માંગે છે તો એમની પાસે કોઈ વ્યવસ્થા નથી હોતી એટલે દીકરા-દીકરીઓના સગપણ થતા નથી. સમાજે આ દિશામાં એક કાર્યવાહી કરવી પડે કે, છોકરા-છોકરીના લગ્ન કરવા માટે મર્યાદિત સોનું આપવું. ચાર તોલા પાંચ તોલા એવું એક મર્યાદાના ભાગરૂપે સોનું આપવું જોઈએ. જેથી દીકરા દીકરીઓને પોતાના યોગ્ય જીવન સાથી મળી રહે.

## News Brief

### એમક્યોર અને એમએસ ધોની 'Winning Over Obesity' કેમ્પેઇન સાથે ભારતની વજન ઘટાડવા અંગેની વાતચીતોને નવેસરથી ઉજાગર કરે છે

પૂણે | ભારતની અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપની એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે તાજેતરમાં જ "Winning Over Obesity" નામનું દેશવ્યાપી ડિજિટલ કેમ્પેઈન શરૂ કર્યું છે, જેનો ઉદ્દેશ્ય સ્થૂળતાને એક લાંબો સમય સુધી ચાલનારી આરોગ્યની સ્થિતિ તરીકેની જાહેર સમજને ફરીથી આકાર આપવાનો છે. "MAHI - MAKING A HEALTHIER INDIA" થીમ ધરાવતા આ કેમ્પેઈનમાં ક્રિકેટના દિગ્ગજ એમએસ ધોની સ્થૂળતાને લગતા મુદ્દા પર ધ્યાન દોરે છે અને લોકોને તેમના લાંબા ગાળાના સ્વાસ્થ્ય અને સુખાકારી પર નિયંત્રણ રાખવા માટે પ્રોત્સાહિત કરે છે.એમએસ ધોનીને દર્શાવતો એક વીડિયો આ કેમ્પેઈનના સોશિયલ એસેટ્સ પર શેર કરવામાં આવ્યો છે, જ્યાં ધોની લોકોને સ્થૂળતા સામે પગલાં લેવા અને એમક્યોર સાથે સ્થૂળતા પર જીત મેળવવાના અભિયાનમાં જોડાવા વિનંતી કરે છે.આ કેમ્પેઈન દ્વારા, એમક્યોર સ્થૂળતાને વધુ વજનના મુદ્દાથી આગળ વધારવાનો પ્રયાસ કરે છે. તે વ્યક્તિ પર તેની વ્યાપક સ્વાસ્થ્ય અસર પર પ્રકાશ પાડે છે. સ્થૂળતા એ એક વિવિધ બાબતોને સાંકળતી સ્થિતિ છે જે મોટાભાગે આનુવંશિકતા અને જીવનશૈલીથી પ્રભાવિત છે.

### એક્સક્લુઝીવ એરબીએનબી એક્સપિરિયન્સની સાથે લોલાપાલૂઝા ઇન્ડિયા 2026ને ડિસ્કવર કરો

મુંબઈ | તેની સર્વપ્રથમ ગ્લોબલ લાઈવ મ્યુઝીક સહયોગના ભાગરૂપે એરબીએનબી લઈને આવ્યું છે, એક અલગ જ અનુભવ લોલાપાલૂઝા ઈન્ડિયા 2026 ખાતે, જે મુંબઈના મહાલક્ષ્મી રેસકોર્સ ખાતે 24 અને 25મી જાન્યુઆરીના રોજ યોજાશે અને મહેમાનોને તેમના ગમતા સંગીતથી નજીક લઈ જશે. ભારતમાં એરબીએનબીનું આ અદ્ભુત નવું પ્રકરણ એ પ્રવાસ, સંસ્કૃતિ અને સર્જનાત્મક્તા દ્વારા લોકોને જોડવાની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. બેકસ્ટેજ ટુરથી લઈને કલાકારોના ક્રિએટિવ સેશન અને બીહાઈન્ડ ધ સીન એક્સેસ સુધી લોલાપાલૂઝા ઈન્ડિયા ઈનસાઈડર દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે, જેનાથી દરેક અનુભવ ભારતના સૌથી અપેક્ષિત એવા મ્યુઝિક ફેસ્ટિવલમાંના એકની પાછળની દુનિયા કેવી છે, એની ઝલક આપશે. "લાઈવ મ્યુઝીક અને ટ્રાવેલ એ હંમેશાથી જ સાથે જ રહ્યા છે- લોકો ફક્ત તહેવારોમાં હાજરી નથી આપતા પણ એવા શહેરોને શોધે છે, જેમાં તેમને આવકારવામાં આવે અને તેમની સાથે જોડાઈ શકે, તો આ દર્શાવે છે કે, આપણે કોઈ સ્થળનો અનુભવ કરીએ તો, તે કેવી રીતે કરે છે."

### CoinDCX તેની મોબાઇલ એપ્લિકેશન પર ફ્યુચર્સ માટે 'ટ્રેડ ઓન ચાર્ટ્સ' રજૂ કરે છે, ટ્રેડર્સને સીમલેસ, વિઝ્યુઅલ અને ટચ-ઓપ્ટિમાઇઝ્ડ અનુભવ

બેંગલુરુ | ભારતના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જ CoinDCX એ આજે તેની મોબાઇલ એપ્લિકેશન પર તેના નવીનતમ ફીચર ટ્રેડ ઓન ચાર્ટ્સ ના રોલઆઉટની જાહેરાત કરી. આ નવો ફીચર મોબાઈલ વપરાશકર્તાઓ માટે સીધો શક્તિશાળી, ચાર્ટ-આધારિત ટ્રેડિંગ અનુભવ લાવે છે, જે તેમને સ્ક્રીન બદલ્યા વિના ટ્રેડ્સ મૂકવા, મેનેજ કરવા અને સંપાદિત કરવાની મંજૂરી આપે છે.CoinDCX મોબાઇલ પર 'ટ્રેડ ઓન ચાર્ટ્સ' સુવિધા રજૂ કરનાર પ્રથમ ક્રિપ્ટો એક્સચેન્જ બન્યું છે, જે ક્રિપ્ટો ટ્રેડિંગના ઉત્ક્રાંતિમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. આ નવીનતા ટ્રેડર્સને બજારોમાં ભાગ લેવા માટે ઝડપી, વધુ સાહજિક અને દૃષ્ટિની રીતે આકર્ષક રીત પ્રદાન કરવાની CoinDCX ની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.ફરીથી ડિઝાઇન કરાયેલ ફ્યુચર્સ અનુભવ: એક સમર્પિત ચાર્ટ વિભાગ હવે ટ્રેડ, પોઝિશન અને ઓર્ડર ટેબ્સની સાથે આવેલો છે, જે સંપૂર્ણ ચાર્ટ અને બજાર આંકડાઓની સરળ ઍક્સેસ પ્રદાન કરે છે. મીની ચાર્ટ્સને મોબાઈલ-ફર્સ્ટ ઇન્ટરેક્શન માટે ઓપ્ટિમાઇઝ કરવામાં આવ્યા છે, જે ટ્રેડર્સને સફરમાં માહિતગાર રહેવાની ખાતરી આપે છે.

### ભારતીય ગ્રાહકો પ્રીમિયમ અને આરોગ્ય પ્રત્યે સભાનતાપૂર્ણ પ્રોડક્ટ્સ ઇચ્છે છેઃ ક્રોમા

મુંબઈ | ગ્રુપની ભારતની વિશ્વસનીય ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ આજે તેના યર-એન્ડ કન્ઝ્યુમર ટ્રેન્ડ્સ 2025 બહાર પાડ્યા હતા જેમાં આ વર્ષે ભારતીયોએ કેવી રીતે ટેક્નોલોજી અપનાવી અને તેમના ઘરની સજાવટ પસંદ કરી તે અંગે એક રસપ્રદ નિરીક્ષણ રજૂ કરવામાં આવ્યું છે. આ તારણોમાં જણાયું છે કે કેવી રીતે ભારતીય ગ્રાહકો ક્રોમાના સમગ્ર ભારતના ઓફલાઇન અને ઓનલાઇન નેટવર્ક પર મલ્ટી-બ્રાન્ડ લાર્જ ફોર્મેટ્સ, પ્રીમિયમ ફીચર્સ, સ્માર્ટ સુવિધાઓ અને આરોગ્ય પ્રત્યે સભાન એપ્લાયન્સિસ ઈચ્છી રહ્યા છે. રિપોર્ટમાં જણાવ્યા મુજબ એકંદરે સ્માર્ટફોનનું વેચાણ વર્ષ-દર-વર્ષ નોંધપાત્ર રીતે વધ્યું છે પણ ખરી વાર્તા ગ્રાહક વર્તણૂંકમાં રહેલી છે. વેચાયેલા ત્રણ નવા ફોન પૈકીનો એક ફોન રૂ. 20,000-30,000ની પ્રીમિયમ બ્રાન્ડ્સમાં હતો અને પાંચમાંથી લગભગ એક ફોન ફ્લેગશિપ અથવા સુપર-ફ્લેગશિપ કેટેગરીનો હતો. રૂ. 50,000-58,000 જેવા બ્રેકઆઉટ પ્રાઇઝ કોરિડોરમાં 300 ટકાથી વધુનો વધારો થયો છે, જે આકાંક્ષાપૂર્ણ વેપારનો સંકેત તથા ઓળખ તરીકે ટેક્નોલોજીમાં રોકાણ કરવાની તૈયારી દર્શાવે છે.

## એમએસએમઇ માટે TReDS ઇકોસિસ્ટમને મજબૂત બનાવવી

મુંબઈ | બેંક ઓફ ઈન્ડિયાએ C2FOની પેટાકંપની 'C2treds' સાથે જોડાણ કરીને વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રવેશ કર્યો છે. આ સહયોગનો ઉદ્દેશ્ય TReDS પ્લેટફોર્મ પર સુવિધાજનક ડિજિટલ રીસીવેબલ ફાઈનાન્સિંગ દ્વારા એમએસએમઇ માટે લિક્વિડિટીની મર્યાદાઓને હળવી કરવાનો છે.આ સમજૂતી કરાર ઉપર રવિ શંકર જીએમ, ડીએલડી અને શ્રીમતી નેહા બહાદુર, એમડી, સી2ટ્રેડ્સ દ્વારા બેંક ઓફ ઈન્ડિયાના એમડી અને સીઈઓ શ્રી રજનીશ કર્ણાટક, શ્રી પી. આર. રાજગોપાલ (ઈડી, બેંક ઓફ ઈન્ડિયા), શ્રી રાજીવ મિશ્રા (ઈડી, બેંક ઓફ ઈન્ડિયા), શ્રી પ્રમોદ કુમાર દ્વિબેદી (ઈડી, બેંક ઓફ ઈન્ડિયા), બેંક ઓફ ઈન્ડિયાના અન્ય વરિષ્ઠ નેતૃત્વ, શ્રીમતી બસંત કૌર, કન્ટ્રી હેડ અને સીઓઓ, C2FO ઈન્ડિયાની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.આ ભાગીદારી ટેક્નોલોજી-આધારિત ટ્રેડ ફાઈનાન્સ સોલ્યુશન્સ દ્વારા કાર્યકારી મૂડીની ઝડપી પહોંચ સાથે એમએસએમઇને સશક્ત બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

## કિયાએ અદ્યતન અનંતપુર પ્લાન્ટમાં ઓલ-ન્યુ સેલ્ટોસનું ઉત્પાદન શરૂ કર્યું

# ઓલ-ન્યુ સેલ્ટોસનું ઉત્પાદન શરૂ, ભારતમાં વારસાને સ્થાપિત કરવાના માપદંડને વધુ મજબૂત બનાવવા સજ્જ

નવી દિલ્હી | દેશમાં મિડ-એસયુવી સેગમેન્ટમાં પોતાના નેતૃત્ત્વને વેગ આપતા કિયા ઈન્ડિયાએ આજે આંધ્રપ્રદેશમાં અનંતપુર ખાતેની પોતાની અદ્યતન સુવિધામાં ઓલ-ન્યુ કિયા સેલ્ટોસના ઉત્પાદનનો આજે પ્રારંભ કર્યો છે, જે ભારતમાં કંપનીની કામગીરી માટેના મહત્ત્વના સીમાચિહ્નને અંકિત કરે છે. કિયા ઈન્ડિયા ઓલ-ન્યુ સેલ્ટોસની કિંમતની ઘોષણા 2 જાન્યુઆરી, 2026ના રોજ કરશે. નવી સેલ્ટોસ ભારતની અત્યંત લોકપ્રિય અને માપદંડ સ્થાપિત કરતી મિડ-એસયુવીમાંની એક એવી મોટી, વધુ બોલ્ડ અને પ્રગતિકારક સામાન્ય પ્રગતિ રજૂ કરે છે ભારતના એસયુવી ગ્રાહકોની વિકસતી અપેક્ષાઓને પહોંચી વળવા માટે તૈયાર કરાયેલ નવી સેલ્ટોસ વિસ્તરિત જગ્યા, બોલ્ડ નવી ડિઝાઈન, સુધારેલ સવારી આરામ, આત્મવિશ્વાસપૂર્ણ હેન્ડલીંગ, એડવાન્સ્ડ સુરક્ષા ફીચર્સ અને નેક્સ્ટ-જનરેશન ડિજીટલ ટેક્નોલોજી ધરાવે છે જે ભારતીય માર્ગો અને જીવનશૈલીને અનુરૂપ



ઉકેલો સાથે વૈશ્વિક ધોરણોનો સમન્વય છે.""ઓલ-ન્યૂ કિયા સેલ્ટોસનું લોન્ચિંગ કિયા ઈન્ડિયા માટે એક ગર્વનો સીમાચિહ્ન છે. સેલ્ટોસે મધ્ય-SUV સેગમેન્ટમાં લાંબા સમયથી માપદંડ સ્થાપિત કર્યા છે, અને આ નવી પેઢી ભારતીય ગ્રાહકોની આંતરદૃષ્ટિ દ્વારા આકાર પામેલા મોટા, બોલ્ડ અને વધુ પ્રગતિશીલ ઉત્ક્રાંતિનું પ્રતિનિધિત્વ કરે છે.

## લાલ નિશાનમાં માર્કેટ બંધ, સેન્સેક્સ 82,186 અંકે બંધ

મુંબઈ | શેરબજાર લાલ નિશાને બંધ થયું છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાને બંધ થયા છે. બુધવારે બપોરે 3.30 કલાકની વાત કરીએ તો, સેન્સેક્સ 116.14 પોઈન્ટના ઘટાડા સાથે 85,408.70 અંકે બંધ થયો જ્યારે નિફ્ટી 37.45 પોઈન્ટના ઘટાડા સાથે 26,139.70 અંકે બંધ થયું છે. એશિયા-પેસિફિકમાં બજારો મિશ્ર રહ્યા, નાતાલની પૂર્વસંધ્યાએ ઘણા સૂચકાંકો વહેલા બંધ થવાના હતા. જાપાનનો નિક્કી 225 સૂચકાંક 0.36% વધ્યો, દક્ષિણ કોરિયાનો KOSPI 0.42% વધ્યો, જ્યારે ઓસ્ટ્રેલિયાનો S&P ASX 200 0.58% ઘટ્યો.યુએસ શેરબજારો સતત ચોથા સત્રમાં વધારા સાથે બંધ થયા. S&P 500 એ નવો બંધ રેકોર્ડ બનાવ્યો. યુએસ ત્રિમાસિક GDP રિપોર્ટમાં અપેક્ષા કરતાં વધુ સારો 4.3% વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવવામાં આવ્યો. મંગળવારે, S&P 500 0.46% વધ્યો, Nasdaq Composite 0.57% વધ્યો, અને Dow Jones 0.16% વધ્યો.યુએસમાં API ક્રૂડ ઓઈલ સ્ટોકમાં ફેરફાર અને પ્રારંભિક બેરોજગારી દાવાઓનો ડેટા મંગળવારે જાહેર કરવામાં આવશે. રોકાણકારો બેંક ઓફ જાપાનની નાણાકીય નીતિ મિનિટ્સની પણ રાહ જોઈ રહ્યા છે.

## અંબુજા સિમેન્ટ્સના એએમકેએ પંજાબ સ્ટેટ સ્પેશિયલ ઓલિમ્પિક ગેમ્સ ખાતે

# બિગ સ્કૂલ કેટેગરીમાં સતત 18મી વખત સમગ્ર ચેમ્પિયનશિપ ટ્રોફી જીતી લીધી

પંજાબ | વૈશ્વિક સ્તરે ૯મા ક્રમની સૌથી મોટી બિલ્ડિંગ મટિરિયલ સોલ્યુશન્સ પ્રોવાઈડર અને ડાયવર્સિફાઈડ અદાણી પોર્ટફોલિયોનો ભાગ એવી અંબુજા સિમેન્ટ્સે રમતગમત અને શિક્ષણ પહેલ દ્વારા સમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખ્યું છે.પંજાબના રૂપનગરમાં અંબુજા સિમેન્ટ્સ દ્વારા સમર્થિત ખાસ શિક્ષણ માટેની શાળા અંબુજા મનોવિકાસ કેન્દ્રે (AMK) 12-14 ડિસેમ્બર 2025 દરમિયાન જલંધરમાં લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી ખાતે આયોજિત 26મી પંજાબ સ્ટેટ લેવલ સ્પેશિયલ ઓલિમ્પિક ગેમ્સમાં સતત 18મી વખત સમગ્ર ચેમ્પિયનશિપ ટ્રોફી જીતી લીધી હતી.આ કાર્યક્રમમાં પંજાબના 23 જિલ્લાઓમાં 63 વિશેષ શાળાઓનું પ્રતિનિધિત્વ કરતા લગભગ 800 ખેલાડીઓએ ભાગ લીધો હતો. અંબુજા




મનોવિકાસ કેન્દ્રના કુલ 12 ખેલાડીઓએ ફરજિયાત ટ્રેક અને ફિલ્ડ ઈવેન્ટ્સમાં ભાગ લીધો હતો અને તેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.આ ખેલાડીઓએ 17 ગોલ્ડ, 4 સિલ્વર અને 3 બ્રોન્ઝ એમ કુલ 24 મેડલ જીત્યા હતા. દેવ કુમાર, બિક્રમજીત સિંહ, ધરમપ્રીત સિંહ, અરમાન સિંહ ગિલ અને જશનપ્રીત કૌરે એકથી વધુ ગોલ્ડ મેડલ જીત્યા હતા, જે કેન્દ્રની સતત શ્રેષ્ઠતાને વધુ મજબૂત બનાવે છે.

## દેશે આ સમયગાળા દરમિયાન ૨૩,૧૦૨ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર LNGની આયાત કરી

# એપ્રિલ-નવેમ્બરમાં કુદરતી ગેસ આયાત બિલમાં 12 ટકાનો ઘટાડો

અમદાવાદ : પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના એપ્રિલથી નવેમ્બર દરમિયાન ભારતનું કુદરતી ગેસ આયાત બિલ ૧૧.૫% ઘટીને ૯.૨ બિલિયન ડોલર થયું છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ના સમાન સમયગાળામાં ૧૦.૪ બિલિયન ડોલર હતું. દેશે આ સમયગાળા દરમિયાન ૨૩,૧૦૨ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર (mmscm) લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG)ની આયાત કરી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ના એપ્રિલ-નવેમ્બર કરતા ૮.૮% ઘટાડો દર્શાવે છે. નવેમ્બરમાં, આયાત બિલ ૧.૨ બિલિયન ડોલર સુધી યથાવત રહ્યું, જ્યારે આયાત કરેલ વોલ્યુમ ૪.૯% વધીને ૨,૮૪૪ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર થયું હતું. આઠ મહિનાના સમયગાળા દરમિયાન, દેશનો કુદરતી ગેસનો વપરાશ ૬% ઘટીને ૪૬,૨૩૯ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર




થયો છે. આ સમયગાળા દરમિયાન આયાતી ગેસ પર દેશની નિર્ભરતા પણ ઘટીને ૫૦% થઈ ગઈ છે જે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં ૫૧.૫% હતી.સ્થાનિક કુદરતી ગેસનું ઉત્પાદન પણ નાણાકીય વર્ષ ૨૬ના એપ્રિલ-નવેમ્બર દરમિયાન ૩.૩% ઘટીને ૨૩,૪૩૯ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર થયું છે. રાજ્ય માલિકીની ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) એ આ સમયગાળા દરમિયાન ૧૨,૩૫૪ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર કુદરતી ગેસનું ઉત્પાદન કર્યું હતું, જે નાણાકીય વર્ષ ૨૫ ના સમાન સમયગાળામાં ૧૨,૫૭૮ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર હતું.

ઉત્પાદન લક્ષ્યાંકથી નીચે રહ્યું છે, જે માંગ અને સ્થાનિક પુરવઠા વચ્ચેના વધતા જતા અંતરને દર્શાવે છે. ઓઈલ ઈન્ડિયાએ એપ્રિલ-નવેમ્બર દરમિયાન ૨,૧૩૬ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર ગેસનું ઉત્પાદન કર્યું હતું, જે ગયા વર્ષના ૨,૧૧૭ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર હતું.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, પોષ સુદ-05

# બાંગ્લાદેશી હિન્દુઓ સામે એક મોટો ખતરો

બાંગ્લાદેશના મૈમનસિંઘ જિલ્લામાં હિન્દુ યુવાન દીપુ ચંદ્ર દાસની ક્રૂર હત્યા એકમાત્ર ઘટના નથી જે આ દેશમાં હિન્દુઓની દુર્દશા અને તેમને સામનો કરવા પડતા જોખમોને ઉજાગર કરે છે. તેઓ સતત ધમકીઓ હેઠળ છે, અને આ ધમકી ફક્ત વધતી જ જાય છે. એવું નથી કે ગયા વર્ષે ઓગસ્ટમાં શેખ હસીના સરકારને ઉથલાવી દેવાથી ત્યાંના હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ માટે ફક્ત આફત આવી. સત્ય એ છે કે ભારતના ભાગલા પછી પાકિસ્તાન અને પછી બાંગ્લાદેશમાં હિન્દુઓ ક્યારેય શાંતિથી રહી શક્યા નથી. ભારતના ભાગલા સમયે, દલિત નેતા જોગેન્દ્ર નાથ મંડલને કારણે, પૂર્વ પાકિસ્તાન, એટલે કે આજના બાંગ્લાદેશમાં હિન્દુઓ અને ખાસ કરીને દલિત હિન્દુઓની સંખ્યા વધુ હતી. તેમણે ઝીણાની મુસ્લિમ લીગને ટેકો આપ્યો, એવું માનતા હતા કે નવા રચાયેલા દેશમાં દલિતો વધુ સુરક્ષિત અને સશક્ત બનશે. પૂર્વ પાકિસ્તાનમાં તેમનો નોંધપાત્ર પ્રભાવ હતો. મંડલ પાકિસ્તાનના કાયદા પ્રધાન બન્યા, પરંતુ ઝીણાના મૃત્યુ સાથે, હિન્દુઓની ઉપેક્ષા અને અત્યાચારનું ચક્ર ચાલુ રહ્યું. મંડલે રાજીનામું આપ્યું અને શાંતિથી કલકત્તા પાછા ફર્યા, પરંતુ પાછળ રહી ગયેલા હિન્દુઓ તેમના આશ્વાસનનો ભોગ બન્યા. પાકિસ્તાનના બંને ભાગોમાં હિન્દુઓ પર અત્યાચાર ચાલુ રહ્યો. પૂર્વ પાકિસ્તાનમાં હિન્દુઓનું ભારતમાં સ્થળાંતર ક્યારેય બંધ થયું નહીં. જ્યારે પૂર્વ પાકિસ્તાન તેની સ્વતંત્રતા માટે લડી રહ્યું હતું, ત્યારે ત્યાંથી ભાગી જનારા મોટાભાગના લોકો હિન્દુઓ હતા. પૂર્વ પાકિસ્તાન બાંગ્લાદેશ બન્યા પછી, હિન્દુઓ અને અન્ય લઘુમતીઓએ રાહતનો શ્વાસ લીધો, પરંતુ આ નવા રચાયેલા દેશમાં પણ તેમનો અત્યાચાર ઓછો થયો નહીં. ઉગ્રવાદી તત્વો સમયાંતરે તેમને નિશાન બનાવતા રહ્યા. દુશ્મન સંપત્તિ અધિનિયમે પણ આમાં ભૂમિકા ભજવી. આ કાયદાની આડમાં, લઘુમતીઓની જમીનો કબજે કરવી સરળ હતી. આ કાયદો પાકિસ્તાન દ્વારા ઘડવામાં આવ્યો હતો, પરંતુ તે બાંગ્લાદેશની રચના પછી પણ અમલમાં રહ્યો. આ કાયદાને કારણે, હિન્દુઓ અને બૌદ્ધોની લાખો એકર જમીન કબજે કરવામાં આવી છે. હિંસક તત્વો તેમની મિલકતને દુશ્મન સંપત્તિ જાહેર કરવા અને તેને કબજે કરવા માટે નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરે છે. લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓની જમીન સંબંધિત લાખો કેસ કોર્ટમાં પેન્ડિંગ છે. જોકે શેખ હસીના સરકારે આ કાયદામાં સુધારો કર્યો હતો, તે અપૂરતો સાબિત થયો. એવું માનવામાં આવે છે કે હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ શેખ હસીનાની સરકાર હેઠળ સુરક્ષિત અનુભવતા હતા, પરંતુ આ ફક્ત મર્યાદિત હદ સુધી જ સાચું છે. તેમના શાસનકાળ દરમિયાન હિન્દુઓ પર પણ અત્યાચાર ગુજારવામાં આવ્યા હતા. એ વાત સાચી છે કે ખાલિદા ઝિયાના શાસનકાળ કરતાં આટલું ઓછું હતું. પરિણામે, બાંગ્લાદેશમાંથી હિન્દુઓનું પલાયન ક્યારેય બંધ થયું નહીં. શ્રીમંત હિન્દુઓ વિદેશમાં સ્થળાંતર કરતા રહ્યા, જ્યારે ગરીબો ભારતમાં ભાગી ગયા. શેખ હસીના જમાત-એ-ઇસ્લામી જેવા કટ્ટરપંથી જૂથો અને લઘુમતીઓ પર અત્યાચાર કરનારા જેહાદી તત્વોને નિયંત્રિત કરતા હતા. તેમની સરકારના ઉથલાવી પાડ્યા પછી, આવા તત્વો બેકાબૂ બન્યા છે, અને છેલ્લા 16 મહિનામાં દમન વધ્યું છે. બળવા પછી રચાયેલી નવી વિદ્યાર્થી પાર્ટી NCP અને ઇન્કલાબ મંચ જેવા રાજકીય જૂથોની વિચારધારા જમાત-એ-ઇસ્લામીની નજીક છે. તાજેતરમાં હત્યા કરાયેલ વિદ્યાર્થી નેતા, ઉસ્માન હાદી, ઇન્કલાબ મંચના હતા અને ભારતના કટ્ટર વિરોધી હતા. બાંગ્લાદેશની વર્તમાન પરિસ્થિતિ શેખ હસીના સરકારના ઉથલાવી દેવા પહેલાં જેટલી ખતરનાક હતી તેટલી જ ખતરનાક દેખાય છે. તે સમય દરમિયાન, હિન્દુઓ પર મોટા પાયે હુમલા કરવામાં આવ્યા હતા.

## 29 માસૂમ બાળકોના જીવનમાં રાજ્ય સરકારે પાથર્યું આશાનું અજવાળું

# નર્મદા જિલ્લામાં બાળકોને ડાયાબિટીસ સામે લડવા સરકારનો મજબૂત સહારો

ભરત શાહ | નર્મદા તા.24



જ્યારે નાનકડા બાળકના હાથમાં રમકડાં હોવા જોઈએ, ત્યારે જો તેને દરરોજ ઈન્સ્યુલિનની સોય લેવી પડે તો એ પીડા કોઈ પણ મા-બાપનું કાળજું ચીરી નાખે છે. નર્મદા જિલ્લાના રાજપીપલા સ્થિત જીએમઈઆરએસ મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં આજે દ્રશ્યો કંઈક આવા જ હતા, પણ ત્યાં પીડા કરતાં આશાનો સુર વધુ ગુંજતો હતો. ગાંધીનગરથી રાજ્યવ્યાપી ટાઈપ-1 ડાયાબિટીસ કાર્યક્રમનું ઉદ્ઘાટન થતાની સાથે જ નર્મદાના ૨૯ માસૂમ બાળકો માટે સેવાનો એક નવો સૂર્યોદય થયો છે.

અત્યાર સુધીની તાજી સ્થિતિ અને ભાવુક દ્રશ્યો રાજપીપલાની ધરતી પર આયોજિત આ કાર્યક્રમમાં નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિએ વાલીઓના મનમાં વિશ્વાસ જગાવ્યો હતો. ટાઈપ-1 ડાયાબિટીસ, જે સામાન્ય રીતે બાળકોમાં જોવા મળે છે, તે એક એવી બીમારી છે જેની સાથે આજીવન મિત્રતા કરવી પડે છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, નર્મદા જિલ્લામાં હાલમાં ૨૯ બાળકો આ રોગની ચપેટમાં છે. આ બાળકોના ચહેરા પર આજે એક અનોખી સ્મિત હતી કારણ કે તેમને સરકાર તરફથી ખાસ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જાગૃતિ જ સૌથી મોટી દવા ડૉ. દર્શનાબેન દેશમુખે પોતાની આગવી શૈલીમાં વાલીઓને સંબોધતા કહ્યું કે, 'ટાઈપ-1 ડાયાબિટીસ કદાચ સંપૂર્ણ મટી ન શકે, પણ આપણો ઉત્સાહ તેને હરાવી શકે છે.' તેમણે ભાર પૂર્વક જણાવ્યું હતું કે ગામડાંના છેવાડાના માનવી સુધી ડાયાબિટીસ જેવી લાઈફસ્ટાઈલ બીમારીઓ પહોંચી ગઈ છે. હવે સમય આવી ગયો છે કે આપણે ઘર-ઘર સુધી જાગૃતિ ફેલાવીએ. તેમણે વાલીઓને હિંમત આપતા કહ્યું કે બાળકોને એવું ન અનુભવવા દો કે તેઓ બીમાર છે, બલ્કે તેમને સ્વસ્થ જીવનશૈલી માટે તૈયાર કરો.

તંત્રનો એક્શન પ્લાન જાણકારોના મતે, આ માત્ર એક દિવસીય કાર્યક્રમ નથી. આરબીએસકે (RBSK) ટીમ હવે નર્મદાના ખૂણેખૂણે જઈને આવા કેસોનું સ્ક્રીનીંગ કરશે.

## ખેરોલીના મેદાનમાં યુવા શક્તિનો હુંકાર: મેરા યુવા ભારતનો ભવ્ય શંખનાદ

મહીસાગર | જ્યારે મેદાનમાં ઉડતી ધૂળ સાથે યુવાનોના જોશનો સમન્વય થાય, ત્યારે સમજવું કે દેશનું ભવિષ્ય મજબૂત હાથોમાં છે. ભારત સરકારના યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય દ્વારા સંચાલિત 'મેરા યુવા ભારત' અંતર્ગત આજે મહીસાગર જિલ્લાની શ્રી નૂતન હાઈસ્કુલ ખેરોલી ખાતે એક એવો માહોલ સર્જાયો હતો કે જાણે નાનકડું ઓલિમ્પિક રમાતું હોય! આ ક્લસ્ટર સ્તરીય સ્પોર્ટ્સ કાર્યક્રમે સાબિત કરી દીધું કે મહીસાગરના અંતરિયાળ વિસ્તારોમાં પ્રતિભાની કોઈ કમી નથી. યુવા જોશની તાજી સ્થિતિ અને મુકાબલો સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સ્પર્ધામાં વિવિધ વિસ્તારોમાંથી ૧૬૦ થી વધુ આશાસ્પદ યુવા ભાઈઓ અને બહેનોએ પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું હતું. મેદાનમાં જ્યારે કબડ્ડીના દાવ રમાતા હતા અને ગોળાફેક તેમજ ચક્રફેકમાં ભાઈઓ પોતાની ભુજાઓનું જોર બતાવતા હતા, ત્યારે સ્ટેન્ડમાં બેઠેલા લોકોની હૃદયના ધબકારા વધી ગયા હતા. બીજી તરફ, બહેનોએ ખો-ખોની રમત અને ૧૦૦ મીટરની દોડમાં પવનની ગતિએ દોડીને સાબિત કર્યું કે તેઓ કોઈનાથી ઓછી નથી.

## 1198 મધ્યાહ્ન ભોજન કેન્દ્રો પરથી રોજ પીરસાય છે અમૃત સમાન નાસ્તો

# મહીસાગરના 1.16 લાખ ભૂલકાઓના ચહેરા પર છવાયેલું પોષણયુક્ત સ્મિત

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.24



સવારનો કુમળો તડકો જ્યારે મહીસાગરની ટેકરીઓ પર ઉતરે છે, ત્યારે અહીંની પ્રાથમિક શાળાઓમાં માત્ર પુસ્તકોની જ નહીં, પણ ગરમાગરમ સુખડીની સુગંધ પણ હવામાં ભળે છે. ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતી નિમિત્તે જ્યારે સમગ્ર રાજ્ય 'સુશાસન સપ્તાહ'ની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે મહીસાગર જિલ્લાના ૧,૧૬,૮૯૫ બાળકો માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' આશીર્વાદ બનીને આવી છે. તાજી સ્થિતિ અને પોષણનો નવો અભિગમ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિસેમ્બર-૨૦૨૪થી શરૂ થયેલી આ યોજનાએ જિલ્લાની ૧૧૯૮ શાળાઓના રસોડામાં નવો પ્રાણ ફૂંક્યો છે. અત્યાર સુધી બાળકો માત્ર બપોરના ભોજનની રાહ જોતા હતા, પરંતુ હવે સવારે ૧૧:૦૦ વાગ્યે જ તેમને પ્રોટીન અને કેલરીથી ભરપૂર નાસ્તો મળી રહે છે.

આ માત્ર આહાર નથી, પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં 'સુપોષિત ગુજરાત મિશન'ને સાકાર કરતું એક મજબૂત કદમ છે. વાલીઓના હૈયે હરખની હેલી આ યોજનાની સફળતાનો સાચો પડઘો વાલીઓના શબ્દોમાં સંભળાય છે. ધોરણ-૫ માં ભણતા એક વિદ્યાર્થીના પિતા રાઈસિંગભાઈ પરમાર ગળગળા થઈને કહે છે, 'પહેલા અમારો દીકરો રિસેસમાં બહારનું બિનઆરોગ્યપ્રદ જંક ફૂડ ખાતો, જેની ચિંતા અમને થતી. પણ હવે? હવે તો શાળામાં જ પૌષ્ટિક સુખડી અને મિક્સ કઠોળ-સીંગદાણાની ચાટ મળે છે. સરકાર અમારા બાળકોના સ્વાસ્થ્યની જે રીતે ચિંતા કરે છે.

## સોરઠના યુવાનો હવે વિશ્વની જ્ઞાનક્ષિતિજો સર કરશે

# જૂનાગઢમાં ૨૫૦ સ્કોલર્સ સાથે P.hd. કોર્સવર્કનો પ્રારંભ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.24



ગિરનારની ઘટાઓ અને સોરઠની પવિત્ર ધરતી પર જ્યારે જ્ઞાન અને વિજ્ઞાનનો સંગમ થાય, ત્યારે ભવિષ્યના ઉજ્જવળ ભારતની છબી દેખાય છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આ વર્ષે ૨૫૦ બેઠકો પર પી.એચડી. પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ, આજે યુનિવર્સિટી ભવન ખાતે અત્યંત ઉત્સાહપૂર્ણ માહોલમાં કોર્સવર્ક કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માત્ર અભ્યાસની શરૂઆત નથી, પણ સોરઠના યુવાનો માટે વૈશ્વિક સ્તરે ડંકો વગાડવાની દિશામાં પહેલું મજબૂત ડગલું છે. તાજી સ્થિતિ અને જ્ઞાનની ગહન ચર્ચા દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમ ખુલ્લો મૂકતા કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે અત્યંત ગર્વ સાથે જણાવ્યું કે, યુનિવર્સિટીએ પરીક્ષાના દિવસે જ પરિણામ આપીને જે પારદર્શિતા બતાવી છે, તેનાથી પ્રતિભાશાળી યુવાનો માટે તકોના દ્વાર ખુલ્યા છે. આજે ૧૯૧ સંશોધકો આ કોર્સવર્કમાં જોડાઈને પોતાની કારકિર્દીના નવા અધ્યાયની શરૂઆત કરી રહ્યા છે. કુલપતિએ જ્ઞાનની વ્યાખ્યા આપતા સમજાવ્યું કે જ્ઞાન એટલે માત્ર હકીકતોની જાગૃતિ નહીં, પણ વ્યક્તિ અને પરિસ્થિતિ સાથેની એવી પરિચિતતા જે વધુ સારા નિર્ણયો લેવામાં મદદરૂપ થાય.

## ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. સ્પર્ધામાં વાઝા શાહનવાઝે અંકિત કર્યું પ્રથમ સ્થાન

# જૂનાગઢના શાહનવાઝે ચેન્નાઈમાં વગાડ્યો ડંકો : યોગાસનમાં જીત્યો ગોલ્ડ મેડલ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.24



જે ધરતી પર ગિરનારના શિખરો આકાશને આંબે છે, તે સોરઠની ધરતીના એક યુવાને આજે દક્ષિણ ભારતના છેડે ચેન્નાઈમાં ઈતિહાસ રચી દીધો છે. જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન વંથલીની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા વાઝા શાહનવાઝ દાઉદભાઈએ તમિલનાડુની વેલ્સ યુનિવર્સિટી ખાતે આયોજિત ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી યોગાસન સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતીને સમગ્ર ગુજરાતનું મસ્તક ગર્વથી ઊંચું કર્યું છે. તાજી સ્થિતિ અને ભવ્ય વિજયનો ગુંજારવ તમિલનાડુના આંગણે રમાયેલી આ રાષ્ટ્રીય સ્પર્ધામાં દેશભરની નામી યુનિવર્સિટીઓના ખેલાડીઓ ઉતર્યા હતા. પરંતુ શાહનવાઝે જેલવચીકતા અને એકાગ્રતા સાથે યોગાસનોનું પ્રદર્શન કર્યું, તેનાથી નિર્ણાયકો પણ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. સ્થાનીક સૂત્રોના જણાવ્યા અનુસાર, સોરઠ-ગીર અને બરડાના આ સાગરતટના વિસ્તારોમાં રમતગમતનું કૌવત સતત નિખરી રહ્યું છે. તાજેતરમાં વોલીબોલમાં મહિલા ટીમે ડંકો વગાડ્યા બાદ હવે યોગમાં આ સુવર્ણ સફળતા મળી છે.

કુલપતિની શુભકામના અને યોગનો મહિમા શાહનવાઝની આ અદ્ભુત સિદ્ધિને બિરદાવતા યુનિ. ના કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યું હતું કે, 'યોગ એ માત્ર કસરત નથી, પણ ભારતીય તત્વજ્ઞાનનું અનમોલ રત્ન છે. પતંજલિના યોગસૂત્રો અને ભગવદ્ ગીતાના કર્મયોગનો સાર શાહનવાઝે મેદાનમાં સાબિત કરી બતાવ્યો છે.' તેમણે ઉમેર્યું હતું કે શાહનવાઝે સાબિત કર્યું છે કે ભારતીય યોગ પરંપરા કોઈ સીમાડામાં બંધાયેલી નથી, તે વિશ્વવ્યાપી છે.

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજનું વિરાટ કદમ: મીડિયા સેનાની જાહેરાત

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.24

બ્રહ્મસમાજ હંમેશા જ્ઞાન અને માર્ગદર્શનનું કેન્દ્ર રહ્યો છે, ત્યારે ડિજિટલ યુગમાં સમાજની વાતને સચોટ રીતે લોકો સુધી પહોંચાડવા માટે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. સમાજના પ્રમુખ શૈલેષ ઠાકર અને પ્રદેશ મીડિયા કન્વીનર નીતિન ખંભોળજા (ડાકોર) દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓ અને ઝોન માટે મીડિયા કન્વીનરોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ નિમણૂકોનો હેતુ સમાજની સેવાકીય પ્રવૃત્તિઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો છે. તાજી સ્થિતિ અને સંગઠનનો વિસ્તાર મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ નવી ટીમમાં એવા યુવાનોની પસંદગી કરવામાં આવી છે જેમની સમાજ પ્રત્યેની લાગણી અને કાર્યશક્તિ અતૂટ છે.

## સીડી ચઢવામાં હાંફી રહ્યા છે દર્દીઓ: ચોથા માળે પહોંચતા શ્વાસ રૂંધાયા

# રાજપીપળા સિવિલની લિફ્ટ શોભાના ગાંઠિયા સમાન : HIV પીડિતોની હાલાકી

ભરત શાહ | નર્મદા તા.24



સરકારી હોસ્પિટલના સફેદ વસ્ત્રોમાં સજ્જ દિવાલો પાછળ ક્યારેક કેટલી કાળી વાસ્તવિકતા છુપાયેલી હોય છે, તેનો જીવંત પુરાવો રાજપીપળાની નવી સિવિલ હોસ્પિટલમાં જોવા મળી રહ્યો છે. હોસ્પિટલની ભવ્ય ઈમારત અને વધતી સગવડોના મોટા-મોટા દાવાઓ વચ્ચે એક સત્ય એ પણ છે કે અહીંની લિફ્ટ છેલ્લા ઘણા સમયથી દમ તોડી ચૂકી છે. આ લિફ્ટ માત્ર લોખંડનું માળખું નથી, પણ એવા સેંકડો એચઆઈવી પીડિતો માટે એકમાત્ર સહારો હતી જેઓ ચોથા માળે આવેલી જિંદગીની દવા લેવા માટે મરણિયા પ્રયાસો કરે છે.

અત્યાર સુધીની તાજી સ્થિતિ અને ભયાનક વાસ્તવિકતા રાજપીપળા સિવિલમાં ચોથા માળે એઆરટી (ART) સેન્ટર કાર્યરત છે, જ્યાં દરરોજ જિલ્લાના ખૂણેખૂણેથી એચઆઈવી પીડિતો જીવનરક્ષક દવાઓ લેવા આવે છે. આમાંના મોટાભાગના દર્દીઓ શારીરિક રીતે અત્યંત અશક્ત હોય છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, ચોથા માળે જતી લિફ્ટ બંધ હોવાને કારણે દર્દીઓએ અન્ય લિફ્ટનો સહારો લઈને ત્રીજા માળે ઉતરવું પડે છે અને ત્યાંથી જીવ જોખમે દાદર ચઢીને ચોથા માળે પહોંચવું પડે છે. વિચાર કરો, જે વ્યક્તિના શરીરમાં માંડ શ્વાસ ચાલતા હોય, તેને ત્રીજા માળથી ચોથા માળ સુધીનો દાદર ચઢવો એ કોઈ પહાડ ચઢવા સમાન લાગે છે. તંત્રની આંધળી-બહેરી નીતિ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ સમસ્યાની જાણ હોવા છતાં તંત્ર હજુ પણ ઘોર નિદ્રામાં છે. હોસ્પિટલમાં નવી સુવિધાઓનો જોરશોરથી પ્રચાર થાય છે, પણ જે પાયાની જરૂરિયાત છે તે લિફ્ટ કેમ રીપેર થતી નથી? દર્દીઓની મજબૂરીનો જાણે મજાક ઉડાવવામાં આવી રહ્યો હોય તેમ આજે પણ આ લિફ્ટ લટકેલી હાલતમાં જોવા મળી રહી છે.

રીક્ષા ભાડું ખર્ચીને છેક ગામડેથી દવા લેવા આવતા ગરીબ અને અશક્ત દર્દીઓ જ્યારે હોસ્પિટલના દાદર પાસે ઉભા રહીને ઉપર જોવા મજબૂર બને છે, ત્યારે તે દ્રશ્યો કોઈપણ સંવેદનશીલ વ્યક્તિનું હૃદય હલાવી નાખવા માટે પૂરતા છે. જો જલ્દીથી આ લિફ્ટ ચાલુ કરવામાં નહીં આવે, તો કોઈ દર્દી સાથે અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવના છે. હોસ્પિટલના જાણકારો કહી રહ્યા છે કે સત્તાધીશો માત્ર કાગળ પરની સગવડો વધારવામાં વ્યસ્ત છે.

## ચાણસ્મા સર્કલ સુધીની દોડ પણ એળે ગઈ

# S.T. તંત્રની ઘોર લાપરવાહી: ચાણસ્મામાં મુસાફરને રઝળતો મૂકી બસ રવાના

નિતીન ઠાકર | ચાણસ્મા તા.24



'સલામત મુસાફરી, એસ.ટી. અમારી'-આ સૂત્ર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસો પર ગર્વથી લખેલું હોય છે, પરંતુ ચાણસ્મા ડેપોમાં આજે જે ઘટના બની તે જોઈને લાગે છે કે મુસાફરની સલામતી કે તેની મજબૂરીની તંત્રને કોઈ પરવા નથી. પાટણથી બેચરાજી જવા નીકળેલા એક પરિવારના મોભીને ચાણસ્મા ડેપોમાં રઝળતા મૂકીને બસ ઉપાડી લેવાની ઘટનાએ એસ.ટી. તંત્રના ડ્રાઈવર-કંડક્ટરના બેહુદા વર્તનનો પર્દાફાશ કર્યો છે. ઘટનાની તાજી સ્થિતિ અને હૃદયદ્રાવક દ્રશ્યો ગિરીશભાઈ રાજગોર પોતાના પરિવાર સાથે પાટણથી બપોરે ૧:૧૫ કલાકે વિરમગામ જવા માટે નીકળ્યા હતા. બપોરે ૧:૨૫ કલાકે જ્યારે બસ ચાણસ્મા ડેપોમાં આવી, ત્યારે ગિરીશભાઈ કુદરતી હાજતે જવા માટે ઉતર્યા હતા. હજુ તો તેઓ બાથરૂમથી પરત પ્લેટફોર્મ પર આવી રહ્યા હતા, ત્યાં જ ડ્રાઈવરે બસ હંકારી મૂકી. ગિરીશભાઈના પરિવારના સભ્યો બસની અંદર હતા અને મુસાફરીની ટીકીટ પણ ગિરીશભાઈના ખિસ્સામાં હતી.

## કૌશલ્ય યુનિવર્સીટીમાં પ્રતિનિયુક્તિના ધોરણે બદલી થતાં

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં પ્રોફેસરની ભાવસભર વિદાયમાન અપાઈ

ભરત શાહ | નર્મદા તા.24

સરકારી હોસ્પિટલના સફેદ વસ્ત્રોમાં સજ્જ દિવાલો પાછળ ક્યારેક કેટલી કાળી વાસ્તવિકતા છુપાયેલી હોય છે, તેનો જીવંત પુરાવો રાજપીપળાની નવી સિવિલ હોસ્પિટલમાં જોવા મળી રહ્યો છે. હોસ્પિટલની ભવ્ય ઈમારત અને વધતી સગવડોના મોટા-મોટા દાવાઓ વચ્ચે એક સત્ય એ પણ છે કે અહીંની લિફ્ટ છેલ્લા ઘણા સમયથી દમ તોડી ચૂકી છે. આ લિફ્ટ માત્ર લોખંડનું માળખું નથી, પણ એવા સેંકડો એચઆઈવી પીડિતો માટે એકમાત્ર સહારો હતી જેઓ ચોથા માળે આવેલી જિંદગીની દવા લેવા માટે મરણિયા પ્રયાસો કરે છે.

અત્યાર સુધીની તાજી સ્થિતિ અને ભયાનક વાસ્તવિકતા રાજપીપળા સિવિલમાં ચોથા માળે એઆરટી (ART) સેન્ટર કાર્યરત છે, જ્યાં દરરોજ જિલ્લાના ખૂણેખૂણેથી એચઆઈવી પીડિતો જીવનરક્ષક દવાઓ લેવા આવે છે. આમાંના મોટાભાગના દર્દીઓ શારીરિક રીતે અત્યંત અશક્ત હોય છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, ચોથા માળે જતી લિફ્ટ બંધ હોવાને કારણે દર્દીઓએ અન્ય લિફ્ટનો સહારો લઈને ત્રીજા માળે ઉતરવું પડે છે અને ત્યાંથી જીવ જોખમે દાદર ચઢીને ચોથા માળે પહોંચવું પડે છે. વિચાર કરો, જે વ્યક્તિના શરીરમાં માંડ શ્વાસ ચાલતા હોય, તેને ત્રીજા માળથી ચોથા માળ સુધીનો દાદર ચઢવો એ કોઈ પહાડ ચઢવા સમાન લાગે છે.

તંત્રની આંધળી-બહેરી નીતિ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ સમસ્યાની જાણ હોવા છતાં તંત્ર હજુ પણ ઘોર નિદ્રામાં છે. હોસ્પિટલમાં નવી સુવિધાઓનો જોરશોરથી પ્રચાર થાય છે, પણ જે પાયાની જરૂરિયાત છે તે લિફ્ટ કેમ રીપેર થતી નથી? દર્દીઓની મજબૂરીનો જાણે મજાક ઉડાવવામાં આવી રહ્યો હોય તેમ આજે પણ આ લિફ્ટ લટકેલી હાલતમાં જોવા મળી રહી છે. રીક્ષા ભાડું ખર્ચીને છેક ગામડેથી દવા લેવા આવતા ગરીબ અને અશક્ત દર્દીઓ જ્યારે હોસ્પિટલના દાદર પાસે ઉભા રહીને ઉપર જોવા મજબૂર બને છે, ત્યારે તે દ્રશ્યો કોઈપણ સંવેદનશીલ વ્યક્તિનું હૃદય હલાવી નાખવા માટે પૂરતા છે.

જો જલ્દીથી આ લિફ્ટ ચાલુ કરવામાં નહીં આવે, તો કોઈ દર્દી સાથે અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવના છે. હોસ્પિટલના જાણકારો કહી રહ્યા છે કે સત્તાધીશો માત્ર કાગળ પરની સગવડો વધારવામાં વ્યસ્ત છે, જમીની હકીકતથી તેઓ જોજનો દૂર છે. રાજપીપળાની જનતા અને પીડિતો હવે એક જ સવાલ પૂછી રહ્યા છે: 'શું અમારી જિંદગીની કોઈ કિંમત નથી?'

## યુવાનોના સપનાને મળી નવી પાંખો

# રાજપીપળાની કોલેજમાં અર્થશાસ્ત્ર અને ભવિષ્યનું માર્ગદર્શન અપાયું

ભરત શાહ | નર્મદા તા.24



શિક્ષણ માત્ર પુસ્તકો સુધી સીમિત નથી, પણ તે જીવનના આડા-અવળા રસ્તાઓ પર સાચી દિશા બતાવનારું હોવું જોઈએ. આ ઉમદા વિચારને સાર્થક કરતા શ્રી ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા ખાતે ૨૩ ડિસેમ્બરના રોજ 'અર્થશાસ્ત્ર અને કારકિર્દી માર્ગદર્શન' વિષય પર એક ભવ્ય અને સફળ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. નર્મદાના આંગણે યોજાયેલા આ કાર્યક્રમે સેંકડો યુવાનોના મનમાં છવાયેલી મૂંઝવણોને દૂર કરી પ્રેરણાનું અજવાળું પાથર્યું છે. તાજી સ્થિતિ અને જ્ઞાનનો સંગમ સેમિનારના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ડૉ. દિલાવરખાન એન. પઠાણનું જ્યારે કેમ્પસમાં આગમન થયું ત્યારે વાતાવરણમાં એક નવો જ ઉત્સાહ જોવા મળ્યો હતો. કૉલેજના પ્રાચાર્ય ડૉ. એસ. જી. માંગરોલાના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિભાગના પ્રો. ડૉ. ડી. પી. પાઠક દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું એવું સુચારુ સંચાલન કરવામાં આવ્યું કે વિદ્યાર્થીઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, હોલની ક્ષમતા કરતા પણ વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જે તેમની શીખવાની ધગશ દર્શાવે છે.

## સાપુતારાની ગિરીકંદરાઓમાં ગુંજ્યો સંસ્કારનો સુર: આચાર્ય સંઘનું અધિવેશન

ડાંગ | જ્યારે કુદરતની ગોદમાં જ્ઞાનનો પ્રવાહ વહે છે ત્યારે તે પરમાત્માના આશીર્વાદ બની જાય છે. ગિરીમથક સાપુતારાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે વલસાડ જિલ્લા આચાર્ય સંઘના વર્ષ ૨૦૨૫/૨૬ના શૈક્ષણિક અને વહીવટી અધિવેશનમાં કંઈક આવો જ માહોલ જોવા મળ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી ટંડેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ડાંગના વાસૂર્ણા સ્થિત તેજસ્વિની સંસ્કૃતિ ધામના સંસ્થાપક બ્રહ્મવાદિની પૂજ્ય હેતલ દીદીએ પોતાની વાણીથી ઉપસ્થિત આચાર્યોના હૃદય જીતી લીધા હતા. તાજી સ્થિતિ અને શિક્ષકની નવી પરિભાષા અધિવેશન દરમિયાન પૂજ્ય હેતલ દીદીએ 'શિક્ષક' શબ્દના એક-એક અક્ષરને ઊંડાણપૂર્વક સમજાવતા જણાવ્યું હતું કે, શિક્ષક એટલે શિસ્ત, ક્ષમા, કર્મ અને સંસ્કારનો પવિત્ર સંગમ.

## જાફરાબાદમાં આખલાઓનું તાંડવ: રસ્તા પર 'યમદૂત'નો અડિંગો, જનતા ભયભીત

જાફરાબાદ | શું જાફરાબાદમાં કાયદાનું શાસન છે કે પછી આખલાઓનું? આ પ્રશ્ન આજે દરેક જાફરાબાદીના મુખે છે. શહેરના ભીડભાડ વાળા વિસ્તારો, શાકભાજી માર્કેટ અને મચ્છી માર્કેટમાં જ્યારે આખલાઓ યુદ્ધે ચડે છે, ત્યારે રસ્તા પર જતી જનતા માટે જીવ બચાવવો મુશ્કેલ બની જાય છે. નવા બ્રિજ અને સાંકડી શેરીઓમાં અડિંગો જમાવીને બેઠેલા આ રેઢિયાળ પશુઓ હવે સાક્ષાત્ 'યમદૂત' સમાન ભાસી રહ્યા છે. અત્યાર સુધીની તાજી સ્થિતિ અને તંત્રની પોલ જાફરાબાદ નગરપાલિકાની બેદરકારીની હદ તો જુઓ, સ્થાનિક સૂત્રો અને જાણકારો મુજબ, દિવસે જે ઢોર પકડવામાં આવે છે તેને રાત્રિના અંધકારમાં ગુપચુપ છોડી દેવામાં આવે છે. આ તે કેવી વ્યવસ્થા? સમસ્યા હલ કરવાને બદલે તેને અહીંથી ત્યાં શિફ્ટ કરવામાં આવે છે.

## કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂતોના જીવનમાં આવ્યું પરિવર્તન

માહીતી બ્યુરો | પાલનપુર)તા.24

કિસાન સૂર્યોદય યોજના થકી રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ છે. અગાઉ મોટાભાગના ખેડૂતોને રાત્રિ સમયે ખેતી માટે વીજ પુરવઠો મળતો હતો. જેના લીધે રાત્રિના સમયે સિંચાઈ કરવામાં રાત ઉજાગરા કરવા પડતા હતા. બનાસકાંઠા જિલ્લામાં એકબાજુ અરવલ્લીની ગિરીમાળાઓ, અને રણ પ્રદેશ નજીક હોવાથી જંગલી પ્રાણીઓનો પણ ભય રહેતો, રાત્રિના સમયે ક્યારો ફૂટી જાય તો બેટરીના અજવાસમાં તેને બાધવાની સમસ્યા પણ થતી તેમજ આરોગ્ય પર પડતા પ્રભાવ જેવી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસ દરમિયાન નિશ્ચિત અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળતા આ તમામ સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. બનાસકાંઠા જેટકોના સુપ્રિટેન્ડેન્ટ એન્જિનિયરશ્રી એ.એલ. જેઠવાએ જણાવ્યું કે, કિસાન સૂર્યોદય યોજના ગુજરાત સરકારની ખેડૂતલક્ષી મહત્વપૂર્ણ યોજના છે. બનાસકાંઠા જિલ્લામાં જેટકોના કુલ ૧૧૨ સબ સ્ટેશન કાર્યરત છે, જેના અંતર્ગત ૮૧૮ ગામડા અને ૧,૧૭,૮૪૫ લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

## કવિ 'હેમાળવી'નું સોનેરી સન્માન

# અમરેલીની ધરતી પર સાહિત્યનો રણકો: શશીભાઈ રાજ્યગુરુને પ્રતિષ્ઠિત એવોર્ડ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.24



જ્યાં ગરવી ગુજરાતની સંસ્કૃતિના મૂળિયાં સચવાયેલા છે, તેવા અમરેલી જિલ્લાના ચિત્તલ ગામે આજે સાહિત્યની સરવાણી વહી હતી. સુપ્રસિદ્ધ લોકસાહિત્યકાર સ્વ. બાલકૃષ્ણ દવેની સ્મૃતિમાં વિદ્યા ભારતી ટ્રસ્ટ દ્વારા આયોજિત 'બાલકૃષ્ણ દવે એવોર્ડ-2025' સમારોહમાં જાફરાબાદ તાલુકાના હેમાળ ગામના વતની અને રાજુલાની સૌરભ સાહિત્ય સંસ્થાના સ્થાપક કવિ શશીભાઈ રાજ્યગુરુ 'હેમાળવી'ને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગ માત્ર એક વ્યક્તિનું સન્માન નહીં, પણ લોકસાહિત્યની ધરોહરનું પૂજન બની રહ્યો હતો. તાજી સ્થિતિ અને ભવ્ય સન્માનની વિગતો અમેરિકા સ્થિત ડો. રાજેશભાઈ પટેલ અને ડો. ઉષાબેન પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં શશીભાઈને રૂ. ૧૧,૦૦૦ની ધનરાશિ અને શિલ્ડ અર્પણ કરી બહુમાન કરાયું હતું. સાહિત્યના આ મંગલ અવસરે ભજનો અને 'ચારણ કન્યા' જેવી કવિતાઓના ગુંજારવથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. સ્થાનીક સૂત્રોના જણાવ્યા અનુસાર, શશીભાઈ રાજ્યગુરુ છેલ્લા ઘણા સમયથી રાજુલામાં નવોદિત કવિઓ અને ભજન આરાધકોને સ્ટેજ પૂરું પાડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે.

# રાજપીપલાની M. R. આર્ટ્સ એન્ડ સાઇન્સ કોલેજનું ગૌરવ



ભરત શાહ | નર્મદા

રાજપીપલા સ્થિત એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ માં તાજેતરમાં દ્વિતીય વર્ષના ચોથા સેમિસ્ટરમાં અભ્યાસ કરતા બે તેજસ્વી વિદ્યાર્થીઓ અતુલ વસાવા અને સુદામ વસાવાએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એથ્લેટિક્સ ટીમમાં પસંદગી પામીને સંસ્થાનું નામ રાજ્ય કક્ષાએ ગૌરવાન્વિત કર્યું છે. રમતગમતના ક્ષેત્રમાં યુનિવર્સિટી કક્ષાની ટીમમાં સ્થાન પ્રાપ્ત કરવું એ અત્યંત કઠિન અને કસોટી સમાન ગણાય છે.

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા આયોજિત એથ્લેટિક્સ પ્રતિસ્પર્ધામાં અતુલ વસાવાએ ૮૦૦ મીટર દોડ સ્પર્ધામાં પ્રથમ સ્થાન, તો સુદામ વસાવાએ ૧૫૦૦ મીટર દોડ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી યુનિવર્સિટીની રાષ્ટ્રીય સ્તરની એથ્લેટિક્સ ટીમમાં સ્થાન મેળવ્યું છે.

આ ઐતિહાસિક સિદ્ધિને રેખાંકિત કરતું એ વિશેષ તત્વ એ છે કે આ બંને હોનહાર વિદ્યાર્થીઓ સાગબારા અને ડેડીયાપાડા જેવા અંતર્યાળ વિસ્તારોમાંથી આવે છે. કોલેજના પ્રચાર્ય ડૉ. શૈલેન્દ્રસિંહ માંગરોલાએ આ સિદ્ધિને 'શિક્ષણ અને રમતનો સુમેળ' ગણાવીને બંને વિદ્યાર્થીઓના સંયમ અને સાધનાની પ્રશંસા કરી છે. કોલેજના જિમખાના વિભાગના પ્રાધ્યાપક ડૉ. રાહુલ ઠક્કર અને ડૉ. કમલ ચૌહાણે આ સિદ્ધિને વિદ્યાર્થીઓની નિષ્ઠા અને માર્ગદર્શકોના સહકારનું ફળ જણાવ્યું છે. સમગ્ર કોલેજ સ્ટાફ પરિવારે આ ઉપલબ્ધિ પર આનંદ અને ગર્વ વ્યક્ત કરી બંનેને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. આગળ આ બંને ખેલાડીઓ સુરત યુનિવર્સિટી ખાતે આયોજિત થઈ રહેલા દસ દિવસના વિશેષ તાલીમ શિબિરમાં ભાગ લેશે અને ત્યારબાદ નજીકના સમયમાં બેંગલોર ખાતે આંતર-વિશ્વવિદ્યાલય, રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા પ્રસ્થાન કરશે.

### પંજાબમાં પોલીસને ₹70 હજાર પગાર, ગુજરાતમાં માત્ર ₹20 હજાર: ગઢવી

# 30 વર્ષ કોંગ્રેસ, 30 વર્ષ ભાજપના રાજમાં ખેડૂત પર અત્યાચાર થયા: ઈસુદાન ગઢવી

(એજન્સી) અમદાવાદ/રાજકોટ | તા.24

આમ આદમી પાર્ટી દ્વારા ગતરોજ રાજકોટ જિલ્લા અને જસદણ વિધાનસભાના ડોડિયાળા ગામે ગુજરાત જોડો જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જનસભામાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ યુવા પ્રમુખ બ્રીજરાજ સોલંકી સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે આ કાર્યક્રમમાં ગ્રામજનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આમ આદમી પાર્ટીને સમર્થન આપ્યું હતું. આ જનસભામાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પ્રજા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે ભાજપની સરકાર ગુજરાતમાં 30 વર્ષથી છે, એની પહેલા 30 વર્ષ સુધી કોંગ્રેસે ગુજરાતમાં રાજ કર્યું અને કોંગ્રેસના રાજમાં પણ ખેડૂતો પર અત્યાચાર થયા હતા. કોંગ્રેસના રાજમાં ખેડૂતો પર ગોળીઓ વરસાવવામાં આવી હતી. આજે ગુજરાતમાં નેતાઓનો વિકાસ થાય છે, આઈએએસ, આઈપીએસ અધિકારીઓનો વિકાસ થાય છે પરંતુ ગુજરાતના ખેડૂતો, ગરીબો, વંચિતો, શોષિતો મધ્યમ વર્ગના લોકો અને નાના કર્મચારીઓનો ક્યારેય પણ વિકાસ થતો નથી. કોન્સ્ટેબલ 200 રૂપિયા લેતા પકડાય તો તેની



બદલી કરી નાખવામાં આવે છે, પરંતુ આઈપીએસ ઓફિસર કરોડો રૂપિયામાં મ્હાલે છે પણ તેને કોઈ કહેનાર નથી. પંજાબની આદમી પાર્ટીની સરકારમાં પોલીસને 70 હજાર રૂપિયા પગાર મળે છે, ત્યારે ગુજરાતમાં પોલીસને 20000 આપવામાં આવે છે અને એમાં પણ પાછું પોલીસ કર્મચારીઓ પાસેથી ખોટા કામો કરાવવામાં આવે છે અને તેમની બદલીઓ કરી નાખવામાં આવે છે. વધુમાં AAP નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આઉટસોર્સિંગ કર્મચારીઓ પરેશાન છે, ખેડૂતો પરેશાન છે, માતા-બેન-દીકરીઓ પરેશાન છે. ભાજપના નેતાઓ જે ભાજપમાં પહેલા હતા, હવે આ એ ભાજપ નથી રહી. હવે તો જે લોકો ભાજપમાં જોડાયેલા રહેશે એ લોકો પાપના ભાગીદાર બનશે. ઘણા બધા આઈપીએસ આઈએએસ અધિકારીઓએ કેરળ, બિહાર જેવી અનેક જગ્યાએ સંપત્તિ વસાવી લીધી છે પરંતુ મેં એ બધાનું પણ લિસ્ટ બનાવી રાખ્યું છે. જે દિવસે મને યોગ્ય જગ્યાએ બેસવા મળ્યું ત્યારે હું જનતાનું લૂંટેલું વ્યાજ સાથે પાછું લઈને આવીશ. ખાતર મોંઘુ થઈ ગયું છે, કારણ કે અમેરિકાના દબાણમાં આપણા ખેડૂતોની સબસીડી ઓછી થઈ રહી છે. અમેરિકા ઈચ્છે છે કે એનું સસ્તું કપાસ ગુજરાતમાં આવે અને ગુજરાતના ખેડૂતો બરબાદ થઈ જાય. ઘણા ગામડાઓને ભાજપના ગામડા કહેવાય છે તો એ ભાજપના ગામડાઓને કહેવા માગું છું કે મોદીએ તમારું ન વિચાર્યું તો તમે શું કરવા ભાજપનું કે મોદીનું વિચારો છો? 11 વર્ષ પહેલા 50,000નું સ્પ્લેન્ડર હતું હવે એક લાખનું થઈ ગયું, સોનાનો ભાવ જે 25,000 હતો એ એક લાખ થઈ ગયો અને જો કપાસનો ભાવ ત્યાંનો ત્યાં રહી ગયો છે, તેમ છતાં પણ જો કપાસ વાવનાર ખેડૂત જો એમ કહેતો હોય કે "આ તો ભાજપનું ગામ છે" તો ત્યારે મને ખૂબ જ પીડા થાય છે અને હું એમને કહું છું કે "હવે તમે તમારી આત્માને જગાડો." એ લોકો ઈચ્છે છે કે ખેડૂતો ખેતી છોડીને ભાગી જાય અને પછી અદાણી બધી જમીન લઈ લેવાનો છે અને એના કારણે એટલી મોંઘવારી આવશે કે શહેરના લોકો પણ પોતાનું ઘર નહીં ચલાવી શકે.

## News Brief

### રાજપીપળા અને અમદાવાદ થી એસી વોલ્વો બસ શરૂ કરવા વિવિધ વેપારી મંડળની રજૂઆત



ભરત શાહ | નર્મદા

રાજપીપળા એસટી ડેપો માંથી એસી વોલ્વો બસ શરૂ કરવા વિવિધ વેપારી મંડળ, રાજપીપળા દ્વારા રજૂઆત કરવામાં આવી છે. રજૂઆત માં જણાવ્યા મુજબ રાજપીપળા થી અમદાવાદ જવા આવવા માટે એ.સી. વોલ્વો બસ તથા રાજપીપળા થી નાથદ્વાર એ.સી. વોલ્વો બસ ચાલુ થાય એવી અમારા વેપારી મંડળની રજૂઆત છે કારણકે અમારા વેપારીઓને ખરીદી માટે દરરોજ અમદાવાદ જવાનું થાય છે તથા બિઝનેશ હબ તરીકે ગુજરાતનું અમદાવાદ છે. જેથી અમદાવાદ માટે A.C વોલ્વો બસ તથા વૈષ્ણવ સમાજનો બહોળો વર્ગ રાજપીપળામાં હોય. જેમના ભગવાન નાથદ્વારામાં બિરાજતા હોવાથી બીજી A.C વોલ્વો બસ રાજપીપળાથી નાથદ્વારા ચાલુ કરવા રજૂઆત કરાઈ છે.

### અરીઠા ગામના વતની સામાજિક અગ્રણી શ્રી હસમુખભાઈ સેક્સના ના બોલામણા પ્રસંગે સામાજિક સ્નેહમિલન યોજાયું



નીતિન ઠાકર | પાટણ

પાટણના અરીઠા ગામના વતની,પાટણ જિલ્લા કોંગ્રેસ અનુસૂચિત જાતિ વિભાગના ચેરમેનશ્રી હસમુખભાઈ સક્સેના ને ઓપરેશન કરાવેલ હતું. જેના અનુસંધાને સામાજિક અગ્રણીઓ,યુવા મિત્રો,સ્નેહીજનો,પરિવારજનો ને તેમના માદરે વતન અરીઠા માદરે ખાતે બોલાવીને બોલામણા સાથે સામાજિક સ્નેહમિલન યોજ્યું હતું.જે પ્રસંગે તમામ સામાજિક અગ્રણીઓ,સામાજિક યુવા બંધુઓ,વડીલો,સ્નેહીજનો,હાજર રહ્યા હતાં.તમામ હાજર મહેમાનશ્રીઓ ને ચેરમેનશ્રી દ્વારા સન્માન કરી આવકાર્ય હતાં. સ્નેહમિલન કાર્યકમ નું બોલામણા સાથે સુંદર આયોજન કરવા બદલ તમામ મહેમાનશ્રીઓ ચેરમેનશ્રી ને તેમના દીર્ઘાયુ આયુષ્ય અને સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે.તેવી શુભકામનાઓ પાઠવી હતી.સન્માનીય ચેરમેનશ્રી એ હાજર તમામ સ્નેહીજનો નો આભાર વ્યક્ત કર્યો હતો.

### રાજપીપળામાં ઠંડીનો લાભ લઈ બાઈક ચોરી કરતા તસ્કરો

ભરત શાહ | નર્મદા

કડકડતી ઠંડી માં ચોરી ઘટનામા વધારો જોવા મળે એ સ્વાભાવિક છે. મળતી માહિતી મુજબ કુશલભાઈ સુનિલભાઈ ભાલાણી રહે-વડીયા કુબેર વિલા સોસાયટી ઘર નં-૫૬ વડીયા જકાતનાકા પાસે તા-નાંદોદ જી-નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ અનુસાર તેમની હોન્ડા કંપનીની SP 125 મોટર સાયકલ નં-GJ-22-N-2978 જેની કિંમત આશરે કિ.રૂ.૫૦,૦૦૦/- ની પોતાના મકાનના આંગણામાં સ્ટેરીંગ લોક કરી પાર્ક કરેલ હતી તે મોટર સાયકલ નુ સ્ટેરીંગ લોક તોડી કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ જઈ ગુનો કરતા રાજપીપળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### જૂનાગઢ મહાનગર પાલિકાની સેનીટેશન શાખા દ્વારા પ્રતિબંધિત

## પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા વેપારીઓને તેમજ જાહેરમાં ન્યુસંશ ફેલાવતા ઈસમો દંડાયા

(એજન્સી) જૂનાગઢ | તા.24

કમિશનરશ્રી તેજસ પરમાર IAS, ડે.મેયર શ્રી આકાશભાઈ કટારા, માન.સ્થાયી સમિતિ ચેરપર્સનશ્રી પલ્લવીબેન ઠાકર, તેમજ સેનીટેશન સમિતિના ચેરમેન શ્રી પુંજાભાઈ સિસોદિયા ના માર્ગદર્શન હેઠળ તા.23/12/25 ના રોજ જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરના વોર્ડ વિસ્તાર સેનેટરી ઈન્સ્પેક્ટર ની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક ના વપરાશ કરતા વેપારીઓ તેમજ જાહેરમાં ન્યૂસંશ ફેલાવતા આસામીઓ અને જાહેર માં કચરો ફેંકવા બદલ ચેકીંગ દરમ્યાન અલગ અલગ વિસ્તાર માંથી 3300/- જેટલો દંડ વસુલ કરવામાં આવ્યો તેમજ હાલ આ ચેકીંગ ચાલુજ રહેશે જેથી કોઈ એ જાહેર માં ન્યુસંશ ન ફેલાવવા તાકીદ કરવામાં આવે છે જો કોઈ જાહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક નુ વેચાણ કરતા કે ન્યૂસંશ ફેલાવતા પકડાશે તો મનપા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે.

### બાલાસિનોરમાં ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમ દ્વારા

# ખાણી-પીણીના એકમો પર સઘન તપાસ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

બાલાસિનોર પ્રાંતમાં છેલ્લા કેટલાય સમયથી વધતાં જતાં હિપેટાયટિસ એ વાઈરસ (કમળો)ના કેસોને ધ્યાનમાં લઈ કલેક્ટરશ્રીના આદેશ મુજબ વહીવટી તંત્ર તથા નગરપાલિકા દ્વારા દ્વારા કેટલાક સખત પગલાં લેવામાં આવ્યા છે. ત્યારે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરાની ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમ દ્વારા બાલાસિનોર વિસ્તારમાં સઘન તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



આ તપાસ દરમિયાન બાલાસિનોર વિસ્તારમાં આવેલી નાસ્તાની લારીઓ, ફાસ્ટફૂડની દુકાનો અને હોટલો મોટાભાગે બંધ જોવા મળી હતી. તેમ છતાં, તંત્ર દ્વારા કાર્યવાહી ચાલુ રાખીને સર્વોદય હોસ્પિટલની સામેના ભાગમાં આવેલા ભોજનાલયો તેમજ કોલેજ નજીક આવેલી એક હોટલની તપાસ કરવામાં આવી હતી. આ સ્થળોએથી ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે કુલ ૦૭ જેટલા નમૂનાઓ મેળવી પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન ફૂડ સેફ્ટી ટીમ દ્વારા ભોજનાલયોના માલિકોને સ્વચ્છતા બાબતે કડક સૂચનાઓ આપવામાં આવી હતી. તંત્ર દ્વારા ખાસ તાકીદ કરવામાં આવી છે કે રસોઈ અને પીવા માટે માત્ર RO ફિલ્ટરવાળા પાણીનો જ ઉપયોગ કરવો તેમજ એકમોમાં ઉચ્ચ કક્ષાની સાફ-સફાઈ જાળવવી અનિવાર્ય છે. જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનાર એકમો સામે આગામી સમયમાં પણ આવી કડક કાર્યવાહી ચાલુ રહેશે તેમ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### કુંવરજીભાઈ બાવળીયાના નેતૃત્વમાં ઘેલા સોમનાથથી શરૂ થયેલી

## જનકલ્યાણ શિવ વંદના પદયાત્રાનું જૂનાગઢમાં પુષ્પવર્ષા સાથે ઉમળકાભેર આવકાર

(એજન્સી) જૂનાગઢ | તા.24


મહાનગરપાલિકા, જૂનાગઢની ફાયર શાખા દ્વારા અંદાજીત ૩૬ વ્યક્તિઓ અને ૭ પશુઓને સુરક્ષિત સ્થળે સ્થળાંતરની કામગીરી કરવા બદલ કિંગ્સ મીડિયા દ્વારા ફાયર શાખાને સેફ ઇન્ડિયા બ્રેવરી એવોર્ડ-૨૦૨૫ એનાયત કરાયો, વર્ષા ઋતુમાં ભારે વરસાદના કારણે જૂનાગઢ જીલ્લાના ઘણા ક્ષેત્રો પ્રભાવિત થયા હતા. જેના લીધે અનેક વિસ્તારમાં પૂરની સ્થિતિ સર્જાય હતી.જેમાં મહાનગરપાલિકા, જૂનાગઢ ની ફાયર શાખાને ઈમરજન્સી કંટ્રોલ રૂમ ખાતે કોલ આવતા કમિશનરશ્રી તેજસ પરમાર ની સુચના અને ચીફ ફાયર ઓફિસરશ્રી વિશાલ ટીંબડીયાના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી,જેમાં તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ જૂનાગઢ જીલ્લા ના દાત્રાણા ગામ રેસ્ક્યુ કોલમાં અંદાજીત ૧૫ વ્યક્તિઓ, માણાવદર ગામ ખાતે અંદાજીત ૨૦ વ્યક્તિઓ તથા અંદાજીત ૭ પશુઓ તેમજ કણજા ગામ રેસ્ક્યુ કોલમાં ૧ વ્યક્તિ મળીને આમ અંદાજીત કુલ- ૩૬ અને ૭ પશુઓને મહાનગરપાલિકા, જૂનાગઢની ફાયર શાખા દ્વારા રેસ્ક્યુ કરી સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા.આ પ્રકારે જૂનાગઢ મહાનગરપાલિકાની ફાયર શાખા દ્વારા અનેક રેસ્ક્યુ કોલ આવતા બચાવ કામગીરી કરવામાં આવેલ હતી.જૂનાગઢ મહાનગરપાલિકાની ફાયર શાખાની ઉત્કૃષ્ઠ બચાવ કામગીરી કરવા બદલ કિંગ્સ મીડિયા દ્વારા સેફ ઇન્ડિયા બ્રેવરી એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. આ તકે કમિશનરશ્રી તેજસ પરમાર,નાયબ કમિશનરશ્રી ડી.જે.જાડેજા તથા જયેશભાઈ વાજા,ફાયર શાખાના ચીફ ફાયર ઓફિસરશ્રી વિશાલ ટીંબડીયા,ડીવીઝનલ ફાયર ઓફિસર અને મહાનગરપાલિકા, જુનાગઢનાઅધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મહીસાગર જિલ્લાના બાલાશિનોરમાં હિપેટાઇટિસ-એ રોગચાળાને નાથવા

# 26 હજારથી વધુ ઘરોમાં 1.64 લાખ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

બાલાશિનોર અર્બન એરિયામાં હાલમાં જોવા મળી રહેલા હિપેટાઈટિસ-એ (પાણીજન્ય રોગ) ના કેસોને ધ્યાનમાં લઈને જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ અને નગરપાલિકા દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.



આ રોગ મુખ્યત્વે દૂષિત પાણીથી ફેલાતો હોવાથી, તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે અર્બન વિસ્તારમાં ૫૨(બાવન)ટીમો દ્વારા કુલ ૨૬,૭૮૩ ઘરોનું સર્વેક્ષણ કરી ૧,૧૯,૪૯૭ જેટલી વસ્તીને આવરી લેવામાં આવી છે. નાગરિકોને પાણી શુદ્ધિકરણ માટે ૧,૯૪,૯૭૪ ક્લોરીન ટેબલેટનું વિતરણ કરવાની સાથે તેના યોગ્ય ઉપયોગ અંગે જરૂરી સમજણ પણ આપવામાં આવી રહી છે.

રોગચાળાને કાબૂમાં લેવા માટે પાણીના વિતરણ અને સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. નગરપાલિકા વિસ્તારમાં પાણીની પાઈપલાઈનમાં જોવા મળતા લીકેજનું રીપેરીંગ કાર્ય હાલ પ્રગતિમાં છે.

પીવાના પાણીની ગુણવત્તા ચકાસવા માટે અત્યાર સુધીમાં ૫,૪૮૬ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૪,૬૩૮ નમૂના પોઝિટિવ (ક્લોરીન યુક્ત) જણાયા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં પીવાના શુદ્ધ પાણી માટે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે, જેથી નાગરિકોને સુરક્ષિત પાણી મળી રહે.

તકેદારીના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા અનેક આગમચેતીના પગલાં લેવામાં આવ્યા છે. હાલમાં વિસ્તારના આંગણવાડી કેન્દ્રો બંધ રાખવામાં આવ્યા છે અને બાળકોને અલ્પાહાર તેમજ ભોજન તેમના ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

જનજાગૃતિ માટે ૨૮,૫૭૪ પત્રિકાઓનું વિતરણ અને માઈકિંગ દ્વારા સતત પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગ, નગરપાલિકા અને પાણી પુરવઠા વિભાગના સંકલનથી દરેક વોર્ડમાં 'મોહલ્લા ક્લિનિક' શરૂ કરવામાં આવ્યા છે, જેથી જરૂરિયાતમંદ દર્દીઓને ઘરઆંગણે ત્વરિત સારવાર મળી શકે.

# "આયખું" શબ્દ એ માણસના જીવનનો મોટામાં મોટો ચોર છે માણસને મિથ્યા "સબંધ"નામની પ્રેમજાળમાં ફસાવીને રંગીન સ્વપ્નાઓ દેખાડ્યા કરે છે

પ્રભુ,આપો મને ખાસ એકાદ ઉધારનું આયખું,
મધ દરિયે ઊંડે બેસીને મરજીવાનું મોતી બનવા,
મોજાની તોફાની રમતના વમળમાં ફસાઈ જઈશ,,
સાગરની ઊર્મિ થી આંસુઓને ભીંજવી નાખીશ,
અશ્ક,મૌન સમાધિમાં ભૂલીશ નવું પુરાણુ બધુય.

-રૂપાલી દવે

"આયખું" શબ્દ વાંચતા થાય છે કે આ ત્રણ શબ્દ માં માણસ નું આખું જીવન સમાઈ ગયું છે. કવિ હદય થી વિચારો તો સમજાશે કે જ્યાં લાગણીઓની કિંમત નથી ત્યાં વ્યર્થ બફાટ માં ખર્ચશો તો જીવન ની ખૂબ સુરત પળ તમારા હાથ માંથી છટકી જશે. જીવન ચક્ર એ સુખ દુ:ખ ની ઘટનાઓથી વણેલું એક એવું દર્દ કે દુ:ખ છે ને કે શબ્દ બનાવી ને કાગળ માં મૂકશો તો હદય નો ભાર હળવો થશે. જીવન એક એવી જર્ની છે કે જેમાં માણસ ને ગમતા કરતા ન ગમતા માણસો સાથે વધારે સમય વિતાવવા પડતા હોય છે.એડજસ્ટ કે સમાધાન શબ્દ નો સહારો લઈ ને ન ગમતી વ્યક્તિ ની સેવાઓ કરતા કરતા પરાણે આયખું પસાર થાય ત્યારે ઘણીવાર ઈશ્વર ને પૂછવાનું મન થાય કે આવું કેમ? ત્યારે મન ના દરવાજા ખખડાવતા કર્મ બોલે છે "કર્મ ની ગતિ ન્યારી" આ દુનિયા નું પ્રત્યેક સર્જન એની ઈચ્છા વગર જન્મી કે મૃત્યુ પામી શકતું નથી. સવારે અને રાત્રે જાગવા ઊઠવા ની ક્રિયા માં પણ જીવ ની મરજી ચાલતી નથી.વાત એકદમ સાચી છે જો તમે જીવનસંધ્યાની ઢળતી સાંજે જીવનભર નું સરવૈયું લખવા બેઠશો ને તો તમારા માટે તમે કેટલું જીવ્યા? જેમાં જમા ખાનું ઓછું બોલશે.બીજાની ઈચ્છાઓ અને અપેક્ષાઓ પૂરી કરતા કરતા આયુષ્ય ના અંતિમ ચરણ માં પ્રવેશતા જ મનુષ્ય ના પગ થાકી જાય છે ને યાદશક્તિ ઓછી થવા લાગે છે.માણસ ની લાગણીઓ એને એટલી હદે છેતરતી હોય છે ને કે ખાલી પડેલ હદય ને ગુમાવ્યા નો ડંખ અનુભવતા સમજાય છે. "એકલા આવ્યા હતા ને એકલા જ જવાના છીએ છતાંય "ખબર હોવા છતાંય લાઈફ "મારા,મારું,મને" શબ્દ ની માયા માં ફસાઈ જીવતા હોઈએ છીએ. બિલકુલ અદશ્ય માયાવી પારધીના ઝેરી બાણો વાગ્યા બાદ જીર્ણ થયેલ દિલ ના દર્દને કાબુ માં રાખી ને મુત્સદી માનવી હસતા મોંઢે ફર્યા કરે છે. આ સ્થિતિ માં કવિ મકરંદ મુસળ ના કાવ્યની પંક્તિઓ:

વીજના ચમકાર જેવું હોય છે,
આયખું પળવાર જેવું હોય છે,
સત્ય ના શાસ્ત્રો ઉગામી તો જુવો,
સત્ય ખલીવાર જેવું હોય છે

"આયખું" શબ્દ એ માણસના જીવન નો મોટામાં મોટો ચોર છે માણસ ને મિથ્યા "સબંધ"નામની પ્રેમજાળ માં ફસાવી ને રંગીન સ્વપ્નાઓ દેખાડ્યા કરે છે. જેને માણસ પ્રેમ સમજે છે એ અંતે તો મિથ્યા મૃગજળ નીકળતા "સ્વાર્થ" શબ્દ ને ગળે ઉતારવા માં દિવસો પસાર થઈ જાય છે.છરી ની ધાર કાળજે લાગી જશે તો લાલ લોહી નીકળશે પણ જો કાળજે "સબંધ" ના સ્વાર્થ ના પ્રેમ ની કટાર વાગી તો લોહીનો રંગ લાલ બદલાઈ ને કાળો થઈ જશે. પ્રથમ પ્રેમ ની ગુલાબી લાલીમા યુવાનીના મુખ પર નિહાળું છું ને ત્યારે થાય છે કે સમય ને પણ ધરા પર વ્યર્થ પસાર કરવાનું બહાનું મળી ગયું છે." પ્રેમ" શબ્દ એ વધારે છેતરામણો અને ઊંડી ખીણ માં ગબડતા પથ્થર જેવો છે. કુદરત ના સર્જનો માં માણસ જ એક એવું સર્જન છે કે જે "પ્રેમ" શબ્દ માં ફસાઈ ને આયખું પૂરું કરી નાખે છે. પક્ષી ના માળા ની તરફ નજર કરશો તો સમજાશે કે દર વર્ષે નવો માળો બંધાઈ ને એમાં ઈંડા મૂકતા જ મેલ ફિમેલ પક્ષી ખુશખુશાલ થઈ જાય છે. આપણે માણસ એટલે એવું વિચારીએ છીએ કે ઈંડા ફૂટતા બચ્ચા ચી..ચી..કરતા નિકળ્યા એટલે ખુશીમાં મેલ ફિમેલ આનંદિત થઈ ગયા છે.



ઉધારનું આયખું
- રુપાલી દવે

માણસ નું હૃદય લાગણીશીલ એટલે એને અમુક ઉંમર બાદ પત્ની કરતા પડોશણ માં પ્રેમની આંધી દેખાય તો છે પરંતુ વ્યક્ત કરતા "સમાજ" નામના શબ્દ થી ડરી ને "પ્યાર કો પ્યાર રહેને દો" વિચારી ને તૃપ્તિ માં આંખો શેકી ને આયખું પૂરું કરી નાખતા હોઈએ છીએ.

છેડવા થી શક્ય છે રણકી ઉઠે,
મન વીણા ના તાર જેવું હોય છે,

પક્ષીઓના બચ્ચાઓને પાંખ આવતા જ એ ઉડી ને ભૂલી જતા હોય છે કે "માબાપ" કોણ? બચ્ચાઓ ને પાંખ આવતા જ એ પોતાનું સેટિંગ કરીને આકાશ ગંગા માં વિહરવા લાગે છે.ઈંડા માંથી બચ્ચા બહાર નીકળતા જ મેલ ફિમેલ પક્ષી નવા સમાગમના વિચાર થી ખુશ ખુશાલ થઈ જતા હોય છે. વિદ્વાનોનું કહેવું છે કે"માણસ જાત એ અન્ય સર્જન કરતા અલગ છે એ



જવાબદારી શબ્દ ને સમજે છે" વાત તો એકદમ સાચી છે પણ સુખી સંસાર વસાવ્યા બાદ "જવાબદારી" શબ્દ ના બોજ તળે દબાઈ ને વૃદ્ધત્વ ના ઉંબરે ઊભેલ ને પૂછશો ને કે જીવન માં તમે શું મેળવ્યું અને શું ગુમાવ્યું? કંટાળા ના થાક માં જવાબ મળશે કે "જીવન પૂરું તો કરી નાખ્યું" સંઘર્ષમય ઘટમાળ માંથી પસાર થઈ ને અંતિમ ચરણે એકલતા માં જીવતા માનવી ની આપવીતી કોને કહું? મૂંઝવણ ને સાંભળવા કોની પાસે સમય હશે? ઊંડી ઊતરી ગયેલી આંખો અને લબડતી કરચલી વાળી ત્વચા,થોડું બોલી ને થાકી જતી જીભ માં ન સમજાય એવા શબ્દો "થાકી" ને નિહાળે તો છે પરંતુ પ્રસ્તુત થઈ શકતા નથી. કવિ બાબુ લાલ ચાવડા "આતુર" ની કાવ્ય પંક્તિઓ :

ઉકળતું આયખું લઈ અવતરેલા જણ છીએ જાણે!
ચડાવેલું ચૂલા પર કોઈએ આંધણ છીએ જાણે!
નથી આવી શકાયું બ્હાર કોઈ શબ્દની માફક,
અમે વર્ષો જૂની છાતીની રુંધામણ છીએ જાણે,

આ મૂંઝવણ એ "આશા અપેક્ષાઓ" ના તાણાવાણા માં ગુંથાયેલા સબંધો ની લાગણીઓનો "અંતિમ હિસાબ" છે.જ્યારે "નફા અને ખોટ" નામની વેપારી લાભાર્થી સ્કીમો માણસ એના અંગત જીવન માં પણ લાગુ પડવા લાગે છે ને ત્યારે એ પરિવાર ની મધ્યે એકલો અટૂલો બની જતો હોય છે.જે દિવસ થી યુવાની અને પ્રૌઢ અવસ્થા માં માણસ એના અગંત સબંધો ના મૂલ્ય ને નફા ખોટ ના ત્રાજવે મુકવા લાગશે એ જ દિવસ થી ખાલીપણું એના જીવન નો સથવારો બની જશે. વૃદ્ધત્વ માં એની ભૂલ જ એના દર્દ નું કારણ બની જશે.આવા લોકો "પશ્ચાતાપ" ની અગ્નિ માં રાખ થયા બાદ પણ માત્ર "માનવી હતો" આટલું યાદ રાખતા હોય છે.માણસ એક સામાજિક પ્રાણી છે એટલે સબંધો નું મૂલ્ય જે વ્યક્તિ સમજતી નથી એનું વૃદ્ધત્વ બગડે છે.

એક આખું આયખું વિતાવ્યા બાદ જ્યારે ઈશ્વર ના દરબાર માં જવાનું થશે ત્યારે ભગવાન ની પાસે " એક આયખું" અચૂક માંગીશ, કેમ? પૂર્ણ પરમાત્મા પૂછશે ને કે માણસ નું કે અન્ય મારા સર્જન નું? ત્યારે ઊંચે આકાશ માં વિહરતા પક્ષીઓ ના ટોળા તરફ આંગળી ચીંધી ને ગીત ગુંજન કરતા કરતા :

આપો સુંદર પંખો મને મુક્ત ગગનમાં વિહરવા કાજે,
જાણું છું શિકારી પક્ષીઓનો ભય છે નાનેરા બાળને,
માનવી બની ને હું પળેપળે માર્યા કર્યો હતો એટલે તો,
માંગુ છું ઉધારનું એક આયખું,પક્ષી કેરા ગીત ગુંજનનું..

- રૂપાલી દવે.



# રાકેશજી સગુન દિજીયે...!



આ પહેલાં, વેડિંગમાં એક્ટરે પોતાની સ્ટાઈલિશ અંદાજથી બધાનું ધ્યાન ખેંચ્યું હતું. લગ્નમાં સામેલ થવા માટે એક્ટરે ગ્રે અને વ્હાઈટ કલરનો ટ્રેડિશનલ કુર્તા-પાયજામા એમ્બ્રોઈડરી જેકેટ સાથે પહેર્યો હતો. તેણે વેન્યૂ પર રાહ જોઈ રહેલા ફોટોગ્રાફર માટે પોઝ આપ્યા હતા અને હાથ જોડીને તેમનું અભિવાદન પણ કર્યું હતું. આ પહેલા મહેંદી સેરેમનીમાં ઋત્વિક રોશન આખા પરિવાર સાથે સામેલ થયા હતા. અભિનેતા પોતાના બંને દીકરા રેહાન, હૃદાન અને ગર્લફ્રેન્ડ સબા આઝાદ સાથે જોવા મળ્યા હતા. કઝીનના સંગીતમાં ઋત્વિક રોશન બ્લેક-બ્લુ થ્રી-પીસ સૂટ પહેરીને પહોંચ્યા હતા. ત્યાં ઋત્વિકની પૂર્વ પત્ની સુઝેન ખાન પણ બોયફ્રેન્ડ અર્સલાન ગોની સાથે ફંક્શનમાં સામેલ થવા પહોંચી હતી.

# ભત્રીજાના લગ્નમાં ડિરેક્ટરનો વિવાદ...

## હૃતિકનો દીકરાઓ-ગર્લફ્રેન્ડ સાથે ડાન્સ; રોશન પરિવારના પ્રસંગની ખાસ પળો

હૃતિક રોશનનો કઝિન ઈશાન 23 ડિસેમ્બરે લગ્ન બંધનમાં બંધાયો. આ પ્રસંગે એક્ટર પોતાના બંને પુત્રો રેહાન અને હૃદાન રોશન સાથે હાજર રહ્યો. આ દરમિયાન તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદ પણ સાથે જોવા મળી. કઝિનની રિસેપ્શન પાર્ટીમાં હૃતિક બંને પુત્રો અને ગર્લફ્રેન્ડ સાથે ડાન્સ ફ્લોર પર ધમાલ મચાવતા જોવા મળ્યો હતો. રિસેપ્શન ફંક્શન માટે હૃતિકે બ્લેક કલરનો સૂટ પહેર્યો હતો. જ્યારે, રેહાન ક્રીમ કલરના કુર્તા-પાયજામામાં જોવા મળ્યા, જ્યારે હૃદાને બ્લેક સૂટમાં પિતા સાથે ટ્વિનિંગ કર્યું હતું.

સોશિયલ મીડિયા પર સામે આવેલા એક વીડિયોમાં હૃતિકને રેહાન, હૃદાન અને સબા સાથે ડાન્સ કરતા જોઈ શકાય છે. આ ત્રણેય સાથે ડાન્સ ફ્લોર પર તેમની ભાણી સુરનિકા સોની અને કઝિન બહેન પશ્મિના રોશન પણ હાજર છે. તેણે વર્ષ 1999માં આવેલું સિંગર સુખબીરનું સુપરહિટ ગીત 'ઈશ્ક તેરા તડપાવે' પર ડાન્સ કર્યો. બાળકો સાથે હૃતિકનો આ ડાન્સ તેના ચાહકોને ખૂબ પસંદ આવી રહ્યો છે. વીડિયો પર પ્રતિક્રિયા આપતા એક ચાહકે લખ્યું- 'હૃતિક રોશનના બાળકોને બધી સારી વસ્તુઓ વારસામાં મળી છે.' અન્ય ચાહકે લખ્યું- 'રોશન ભાઈ માત્ર નાચતા જ નથી, પરંતુ સ્ટેજ પર આગ લગાડી દે છે. ઈશાનના લગ્નમાં તે શોસ્ટોપર રહ્યા.' એકે X પર લખ્યું- 'વાહ, શાનદાર. હૃતિકનો ડાન્સ જોવો મંત્રમુગ્ધ કરી દેનારો છે.'

કિન્નરો સાથે રાકેશ રોશનનો વિવાદ રાકેશ રોશનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. તેમાં તે કિન્નરો સાથે વિવાદ કરતા જોવા મળે છે. વીડિયોમાં, રાકેશ રોશન કિન્નરોથી ઘેરાયેલા છે. તે વરરાજા, ઈશાનને પકડી રાખે છે.

તેને જવા દેવાનો ઈનકાર કરે છે. તેની વાતચીત સાંભળીને એવું લાગે છે કે તે લગ્ન માટે સુગન માંગી રહ્યા છે, પરંતુ તેમને માંગેલી રકમ રાકેશ રોશન આપવા તૈયાર નથી. આ બાબતે થોડી બોલચાલ થઈ હતી. જેમ જેમ વીડિયો આગળ વધે છે, રાકેશ કિન્નરોને ધીરજ રાખવાનો ઈશારો કરે છે. જોકે, તે ગુસ્સે થઈ જાય છે. પછી રાકેશ ઈશાનને દૂર મોકલી દે છે.

# ડોન થ્રી પર ફરી અનિશ્ચિતતાનાં વાદળો, રણવીરે ફિલ્મ છોડી...


રણવીરે 'ડોન થ્રી' છોડી દીધી હોવાની ચર્ચાઓથી બોલિવુડ વર્તુળોએ આંચકો અનુભવ્યો છે. હજુ ગઈકાલ સુધી વાત એવી હતી કે ફરહાન આ ફિલ્મને ટ્રેક પર લાવવા પ્રયાસ કરી રહ્યો છે અને તે અગાઉ ફિલ્મ છોડી ચૂકેલા વિક્રાંત મૈસ્સીને પણ પાછો આવવા મનાવી રહ્યો છે.

પરંતુ, હવે કહેવાય છે કે 'ધુરંધર' હિટ થયા બાદ રણવીરે બેક ટુ બેક ગેન્ગસ્ટર ડ્રામા નહિ કરવા નિર્ણય લીધો છે અને તેથી તેણે 'ડોન થ્રી' છોડી છે. તેને બદલે તે ઝોમ્બી ડ્રામા 'પ્રલય' પર ફોક્સ કરી રહ્યો છે.

ફરહાન આ જાન્યુઆરી કે ફેબ્રુઆરીથી શૂટિંગ શરુ કરવાની વેતરણમાં હતો પરંતુ રણવીરે અચાનક ફિલ્મ છોડી દેતાં તેની બધી ગણતરીઓ ઉંધી વળી ગઈ છે.

જોકે, આ તમામ અટકળો અંગે ફરહાન કે રણવીર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

એક ચર્ચા એવી પણ છે કે છેલ્લાં બે વર્ષથી રણવીરને એક પછી એક ફિલ્મો ફલોપ જતી હતી ત્યારે ફરહાને 'ડોન થ્રી' પર તત્કાળ કામ ચાલુ કરવાને બદલે તેને રાહ જોવડાવી હતી. ફરહાનની ગણતરી એવી હતી કે રણવીરની 'ધુરંધર' જેવી એકાદ ફિલ્મ ચાલી નીકળે તો જ તેના પર જોખમ ખેડવું. પરંતુ, હવે 'ધુરંધર ' હિટ થઈ ગયા પછી રણવીરે અચાનક ફિલ્મ છોડી બદલો વાળ્યો છે.



# અક્ષય ખન્નાએ પૈસાના કારણે 'દ્રશ્યમ-3' છોડી

અક્ષય ખન્ના અભિનિત ફિલ્મ 'ધુરંધર' આ સમયે બોક્સ ઓફિસ પર રાજ કરી રહી છે. ફિલ્મે 19 દિવસમાં વિશ્વભરમાં 900 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. અક્ષયને તેના પાત્ર માટે ખૂબ પ્રેમ અને પ્રશંસા મળી રહી છે. પરંતુ આ દરમિયાન સમાચાર છે કે એક્ટર 'ધુરંધર'ની સફળતા પછી 'દ્રશ્યમ-3'થી અલગ થઈ ગયા છે.

બોલિવૂડ મશીનના એક રિપોર્ટ અનુસાર, અક્ષયે સફળ ફ્રેન્ચાઈઝી ફિલ્મ 'દ્રશ્યમ-3'થી પોતાને અલગ કરી લીધા છે. એક્ટરે ફિલ્મના નિર્માતાઓ સાથે નાણાકીય અને સર્જનાત્મક મતભેદોને કારણે ફિલ્મથી અલગ થવાનો નિર્ણય કર્યો છે.રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે 'ધુરંધર'ની મોટી સફળતા પછી અક્ષયે પોતાની ફી અને લુકમાં ફેરફારની માગ કરી હતી. પરંતુ તેના મેકર્સ તેના આ નિર્ણયની તરફેણમાં નહોતા, જેના કારણે કથિત રીતે પ્રી-પ્રોડક્શન ડિસ્કશન દરમિયાન બંને વચ્ચે મતભેદ થયા. રિપોર્ટ અનુસાર, અક્ષય અને મેકર્સ વચ્ચે વાતચીત અટકી ગઈ અને કોઈ પણ પક્ષ સમાધાન કરવા તૈયાર નહોતો. આ કારણે અક્ષયે પ્રોજેક્ટમાંથી હટી જવાનો નિર્ણય કર્યો. જોકે, અત્યાર સુધી એક્ટર કે પ્રોડક્શન ટીમે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી.

જણાવી દઈએ કે અક્ષયની જેમ જ 'ધુરંધર'ના લીડ હીરો રણવીર સિંહે ફરહાન અખ્તરના નિર્દેશનમાં બની રહેલી 'ડોન-3' થી અંતર બનાવી લીધું છે . 23 ડિસેમ્બરે એવા સમાચાર આવ્યા કે એક્ટરે આ નિર્ણય 'ધુરંધર'ની સફળતા પછી લીધો છે.

# 'સત્યાનાશ કરી નાખ્યો...' કાર્તિક આર્યન પર કેમ ભડક્યાં લોકો? જાણો શું છે મામલો



કાર્તિક આર્યન અને અનન્યા પાંડેની આગામી ફિલ્મ 'તુ મેરા મૈં તેરી મૈં તેરા તૂ મેરી' રિલીઝ માટે તૈયાર છે, પરંતુ તે પહેલાં જ ફિલ્મ વિવાદમાં સપડાઈ છે. નિર્માતાઓએ તાજેતરમાં 90ના દાયકાની સુપરહિટ ફિલ્મ 'વિશ્વાત્મા'ના આઈકોનિક ગીત 'સાત સમુંદર પાર'નું રીમેક વર્ઝન રિલીઝ કર્યું છે, જે સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલ થઈ રહ્યું છે.

ઓરિજિનલ ગીતમાં દિવ્યા ભારતીના યાદગાર ડાન્સને યાદ કરતાં લોકોએ આ નવા વર્ઝનને સોશિયલ મીડિયા પર જોરદાર ટ્રોલ કર્યું છે. નેટીઝન્સનું કહેવું છે કે બોલિવૂડે વધુ એક એવરગ્રીન ગીતની 'બેન્ડ બજાવી' દીધી છે અને આ ક્લાસિક ગીતનું આનાથી ખરાબ વર્ઝન બીજું કોઈ હોઈ શકે નહીં. ઘણા યુઝર્સે તો ત્યાં સુધી લખ્યું કે આ આઈકોનિક ગીતનું મર્ડર કરવામાં આવ્યું છે અને દિવ્યા ભારતીની આત્મા પણ આ સાંભળીને રડતી હશે.

# પેપરાઝીના સવાલથી અસહજ થઈ ઈશા દેઓલ



**હાથથી ઈશારો કરીને પૂછ્યું કે આ કેવો સવાલ; પિતાના નિધનના એક મહિના પછી એરપોર્ટ પર જોવા મળી**

પીઢ એક્ટર ધર્મેન્દ્રના નિધનને આજે એક મહિનો થઈ ગયો છે, પરંતુ એક્ટરનો પરિવાર હજુ પણ આ દુઃખમાંથી સંપૂર્ણપણે બહાર આવી શક્યો નથી. તાજેતરમાં તેમની પુત્રી ઈશા દેઓલ મુંબઈ એરપોર્ટ પર જોવા મળી હતી. એરપોર્ટ પર તે ઓલ બ્લેક લુકમાં જોવા મળી હતી. તેના ચહેરા પર ઉદાસી સ્પષ્ટ દેખાઈ રહી હતી અને તે ત્યાં હાજર પાપારાઝી સાથે કોઈપણ પ્રકારની વાતચીત ટાળતી જોવા મળી હતી.

સામે આવેલા વીડિયોમાં જોવા મળે છે કે જેવી ઈશા સિક્યોરિટી ચેક-ઈન કાઉન્ટર તરફ આગળ વધે છે, પાપારાઝીએ તેને ધીમે ચાલવા અને કેમેરા માટે પોઝ આપવા કહ્યું. તેણે પાપારાઝીની વિનંતી સ્વીકારી અને તેમના માટે પોઝ આપ્યો.

જ્યારે એક ફોટોગ્રાફરે તેમને પૂછ્યું, કેમ છો તમે? ત્યારે ઈશા આ સવાલથી થોડી અસહજ દેખાઈ. તેણે કંઈ પણ બોલ્યા વગર હાથથી ઈશારો કર્યો કે આ કેવા પ્રકારનો સવાલ છે? પછી તે પેપરાઝીને હાથ જોડીને નમસ્તે કરે છે અને આગળ વધી જાય છે.

જણાવી દઈએ કે, લગભગ એક અઠવાડિયા પહેલા ઈશાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં પિતાના નિધન પછી કામ પર અને સોશિયલ મીડિયા પર પાછા ફરવા અંગે પોતાનું દુઃખ વ્યક્ત કર્યું હતું.

તેમણે પોતાની વર્ક કમિટમેન્ટ્સ સાથે જોડાયેલી કેટલીક ગ્લેમરસ તસવીરો શેર કરીને લખ્યું હતું-'આ ફોટો નવેમ્બરમાં મેગેઝિન માટે પબ્લિશ થવાનો હતો કારણ કે મેં તેમના કવર માટે ફોટોશૂટ કરાવ્યું હતું. હું કેટલાક વધુ ફેરફારો પણ શેર કરીશ, જેને તમે બધા આ સિઝન માટે જોઈ શકો છો. ઘણો પ્રેમ!'

આ ઉપરાંત, તેણે પોતાની સ્ટોરીમાં લખ્યું - મેં કામની કેટલીક પ્રતિબદ્ધતાઓ ઘણા સમયથી રોકી રાખી છે, જેને હું હવે આવનારા દિવસોમાં તમારા બધા સાથે પોસ્ટ દ્વારા શેર કરીશ. કૃપા કરીને મને એક વ્યક્તિ તરીકે અને સૌથી અગત્યનું, એક પુત્રી તરીકે સમજો, જે હજી પણ પોતાના સૌથી પ્રિય પિતાને ગુમાવવાના દુઃખમાંથી પસાર થઈ રહી છે. આ એક એવું નુકસાન છે જેમાંથી હું ક્યારેય બહાર આવી શકીશ નહીં.' ઈશા આગળ લખે છે - 'જો વસ્તુઓ મારા હાથમાં હોત તો હું થોડા સમય માટે આ પ્લેટફોર્મ પર પાછી ન ફરત અને ફક્ત બ્રેક લેવા માગત. પરંતુ હું આવું કરી શકતી નથી. તેથી કૃપા કરીને દયાળુ અને સમજદાર રહો.

# કોલ્ડપ્લે પછી હવે શકીરાનો વારો...?

## ગુજરાત 'પોપ ક્વીન'નું સ્વાગત કરવા આતુર, 2026માં 'વાકા વાકા' પર અમદાવાદીઓને ડોલાવે તેવી શક્યતા

જો તમે 'Waka Waka' અથવા 'Hips Don't Lie' જેવા સોંગ્સના ગાંડા ફેન છો, તો તમારા માટે ખૂબ જ મોટા સમાચાર છે. વર્લ્ડની ટૉપ પોપ સિંગર શકીરા અમદાવાદમાં પોતાના કોન્સર્ટનું પ્લાનિંગ કરી રહી છે. કોલ્ડપ્લેના સુપરહિટ શો પછી હવે શકીરા પણ પોતાના કોન્સર્ટ માટે ભારતના અમદાવાદને પસંદ કરી રહી છે. આ વર્ષે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બ્રિટિશ રોક બેન્ડ 'કોલ્ડપ્લે' (Coldplay)ના બે સુપરહિટ શો યોજાયા હતા. આ શોની સફળતા જોઈને હવે શકીરાની મેનેજમેન્ટ ટીમે પણ ગુજરાત સરકાર સાથે રસ દાખવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અને સૂત્રોના જણાવ્યા પ્રમાણે, શકીરાની ટીમ ઈચ્છે છે કે તેઓ 2026માં અમદાવાદમાં એક મેગા કોન્સર્ટ કરે.

એક અધિકૃત સૂત્રએ જણાવ્યું છે કે, 'ગુજરાત સરકાર આ બાબતમાં દરેક શક્ય મદદ આપવા માટે તૈયાર છે. જોકે, અંતિમ નિર્ણય શકીરાની ટીમે જ લેવાનો છે, પરંતુ તેમની શરૂઆતની પ્રતિક્રિયા ઘણી હકારાત્મક રહી છે.'

**શકીરા તેની 'Las Mujeres Ya No Lloran World Tour'ના ભાગરૂપે ભારતમાં કોન્સર્ટ યોજી શકે છે. શકીરા અમદાવાદને ત્રણ કારણોસર સિલેક્ટ કરી રહી છે. એક તો સ્ટેડિયમની કેપેસીટી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ છે, જેમાં લાખો ફેન્સ બેસી શકે છે.**

શકીરા અમદાવાદને ત્રણ કારણોસર સિલેક્ટ કરી રહી છે. એક તો સ્ટેડિયમની કેપેસીટી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ છે, જ્યાં એકસાથે લાખો ફેન્સ બેસી શકે છે. બીજું, ગુજરાત સરકાર ઈન્ટરનેશનલ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા માટે સુરક્ષા અને લોજિસ્ટિક્સમાં સંપૂર્ણ સહયોગ આપી રહી છે. ત્રીજું, હવે બુલેટ ટ્રેન અને વધુ સારી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને કારણે ટિયર-2 શહેરોમાંથી પણ લોકો સરળતાથી અહીં પહોંચી શકે છે.

શકીરાને ભારત લાવવાની રેસમાં માત્ર ગુજરાત જ નથી. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પણ જાહેરાત કરી છે કે તેઓ શકીરાને ગુવાહાટી અથવા દિબ્રુગઢ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. એટલે કે ભારતના અલગ-અલગ રાજ્યો હવે ગ્લોબલ ઈવેન્ટ્સ માટે અંદરોઅંદર સ્પર્ધા કરી રહ્યા છે.

તમને જણાવી દઈએ કે શકીરા એક કોલમ્બિયન સિંગર છે જેણે 4 ગ્રેમી એવોર્ડ્સ જીત્યા છે અને 'વાકા વાકા' (2010 FIFA વર્લ્ડ કપ) જેવા આઈકોનિક સોંગ્સ આપ્યા છે. તેને વિશ્વભરમાં સ્પેનિશ અને ઈંગ્લિશ મ્યુઝિકને પ્રખ્યાત કરવાનો શ્રેય આપવામાં આવે છે. જોકે આ મામલે હજુ સુધી શકીરા તરફથી કોઈ ઓફિશિયલ તારીખ નક્કી કરવામાં આવી નથી.





# ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં નહીં રમાય વિજય હઝારે ટ્રોફીની મેચ...

બેંગલુરુ | 24 ડિસેમ્બરથી શરૂ થઈ રહેલી વિજય હઝારે ટ્રોફીની મેચ હવે બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાશે નહીં. સુરક્ષા કારણોસર અહીં યોજાનારી તમામ મેચ BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE)માં ખસેડવામાં આવી છે. આ સાથે, બેંગલુરુમાં ટુર્નામેન્ટની તમામ મેચ બંધ દરવાજા પાછળ રમાશે, એટલે કે ચાહકોને પ્રવેશ મળશે નહીં. આ પહેલા CoEમાં દિલીપ ટ્રોફી અને ઈન્ડિયા-Aની મેચ પણ આ જ રીતે યોજાઈ ચૂકી છે. ક્રિકેટ વેબસાઈટ ક્રિકબઝ અનુસાર, કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિયેશન (KSCA)ના એક અધિકારીએ આની પુષ્ટિ કરી છે. મંગળવારે સવારે KSCAને કર્ણાટકના ગૃહ મંત્રાલય તરફથી આ નિર્ણયની જાણ કરવામાં આવી હતી, ત્યારબાદ ઓપનિંગ મેચ રમતી દિલ્હી અને આંધ્ર પ્રદેશની ટીમને પણ આ માહિતી આપવામાં આવી હતી.

ખરેખરમાં, 4 જૂને બેંગલુરુમાં RCBના IPL વિજય ઉત્સવ દરમિયાન થયેલી ભાગદોડમાં 11 લોકોના મોત થયા હતા. આ પછી રાજ્ય સરકારે આ સ્ટેડિયમમાં મોટા કાર્યક્રમો યોજવા અંગે કડક વલણ અપનાવ્યું. આ જ કારણોસર BCCIને મહિલા વર્લ્ડ કપની કેટલીક મેચ પણ બેંગલુરુની બહાર ખસેડવી પડી હતી. પંતની આગેવાનીમાં રમશે કોહલી બેંગલુરુમાં પ્રથમ મેચ દિલ્હી અને આંધ્ર પ્રદેશ પછી 24 ડિસેમ્બરે રમાશે. આ મુકાબલામાં રિષભ પંત અને વિરાટ કોહલી જેવા સ્ટાર્સ રમતા જોવા મળશે. આ મેચ જોવા માટે ચાહકો ઉત્સાહિત હતા. આ જ કારણોસર મેચને શિફ્ટ કરવામાં આવી છે. આ બંને ઉપરાંત, પંજાબથી ભારતના ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલ, મુંબઈથી રોહિત શર્મા અને શાર્દૂલ ઠાકુર રમતા જોવા મળશે. જોકે, ગિલ, અભિષેક અને અર્શદીપ કેટલી મેચ રમી શકશે, તે અંગે સ્થિતિ સ્પષ્ટ નથી.

# ભારતીય મહિલા ટીમે બીજી T20 પણ જીતી

## શ્રીલંકાને 7 વિકેટે હરાવ્યું, શેફાલીની ફિફ્ટી; વૈષ્ણવી શર્માએ 2 વિકેટ લીધી...

સ્પોર્ટ્સ ડેસ્ક | ઈન્ડિયા વુમન્સ શ્રીલંકાને બીજી T20માં પણ 7 વિકેટે હરાવ્યું. આ સાથે હોમ ટીમે 5 મેચની સિરીઝમાં 2-0ની લીડ મેળવી લીધી. વિશાખાપટ્ટનમમાં મંગળવારે ભારતે બોલિંગ પસંદ કરી. શ્રીલંકા 9 વિકેટ ગુમાવીને માત્ર 128 રન જ બનાવી શકી. ભારતે 12મી ઓવરમાં જ ટાર્ગેટ ચેઝ કરી લીધો.

શ્રી ચારણી અને વૈષ્ણવીને 2-2 વિકેટ ડો. વાયએસ રાજશેખર રેડ્ડી સ્ટેડિયમમાં શ્રીલંકાએ પહેલી જ ઓવરમાં વિકેટ ગુમાવી દીધી. વિષ્મી ગુણારત્ને 1 રન બનાવીને આઉટ થઈ. કેપ્ટન ચમારી અટાપટ્ટુએ પછી હસિની પરેરા સાથે ટીમને 40ની નજીક પહોંચાડી. અટાપટ્ટુ 31 રન બનાવીને આઉટ થઈ. હસિનીએ હર્ષિતા સમરવિક્રમા સાથે ટીમને 80ને પાર પહોંચાડી.

હસિની 22 અને હર્ષિતા 33 રન બનાવીને આઉટ થઈ ગઈ. બંનેના પેવેલિયન પરત ફરતા જ ટીમ વિખેરાઈ ગઈ અને માત્ર 128 રન જ બનાવી શકી. ભારત તરફથી સ્પિનર શ્રી ચારણી અને વૈષ્ણવી શર્માએ` 2-2 વિકેટ લીધી. સ્નેહ રાણા અને ક્રાંતિ ગૌડને 1-1 વિકેટ મળી. 3 બેટર્સ રન આઉટ પણ થયા.

શેફાલીએ ફિફ્ટી ફટકારી 129 રનના ટાર્ગેટ સામે ઈન્ડિયા વુમન્સ ઝડપી શરૂઆત કરી અને 3 ઓવરમાં 29 રન બનાવી લીધા. સ્મૃતિ મંધાના 11 બોલમાં 14 રન બનાવીને આઉટ થઈ. શેફાલી વર્માએ પછી જેમિમાહ રોડ્રિગ્ઝ સાથે ફિફ્ટી પાર્ટનરશિપ કરી લીધી. જેમિમાહ 15 બોલમાં 26 રન બનાવીને આઉટ થઈ, પરંતુ ટીમને 8 ઓવરમાં 90ની નજીક પહોંચાડી દીધી.

શેફાલીએ માત્ર 27 બોલમાં ફિફ્ટી ફટકારી અને ટીમને 9મી ઓવરમાં 100 રનના પાર પહોંચાડી દીધી. તેણે કેપ્ટન હરમનપ્રીત કૌર સાથે મળીને 11.5 ઓવરમાં ટીમને જીત અપાવી. શેફાલી 69 રન બનાવીને નોટઆઉટ રહી. જ્યારે હરમનપ્રીતે 10 રન બનાવ્યા. શ્રીલંકા તરફથી માલકી મદારા, કાવ્યા કવિંદી અને કવિષા દિલહારીએ 1-1 વિકેટ લીધી.

સિરીઝમાં 2-0થી આગળ થઈ ઈન્ડિયા વુમન્સ બીજી T20 જીતીને ઈન્ડિયા વુમન્સ સિરીઝમાં 2-0ની લીડ બનાવી લીધી. ભારતે પહેલો મુકાબલો 8 વિકેટે જીત્યો હતો. ત્રીજી મેચ 26 ડિસેમ્બરે તિરુવનંતપુરમમાં રમાશે. અહીં સિરીઝની છેલ્લી 2 મેચ પણ રમાશે.

બંને ટીમની પ્લેઈંગ-11

ભારત (IND): સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, હરમનપ્રીત કૌર (કેપ્ટન), રિચા ઘોષ (વિકેટકીપર), અમનજોત કૌર, સ્નેહ રાણા, અરુંધતિ રેડ્ડી, વૈષ્ણવી શર્મા, ક્રાંતિ ગૌડ અને શ્રી ચારણી.

શ્રીલંકા (SL): વિષ્મી ગુણારત્ને, ચમારી અટાપટ્ટુ (કેપ્ટન), હસિની, હર્ષિતા સમરવિક્રમા, નિલાક્ષી ડી સિલ્વા, કવિશા દિલહારી, કૌશાની નુત્યાંગના (વિકેટકીપર), માલકી મદારા, ઈનોકા રાણાવીરા, કાવ્યા કવિંદી, શશિની





# 16 ચોગ્ગા...15 છગ્ગા... અને 190 રન...

સ્પોર્ટ્સ ડેસ્ક | વિજય હઝારે ટ્રોફીનો પ્રથમ દિવસ યુવા બેટર્સના નામે રહ્યો હતો. વૈભવ સૂર્યવંશીએ બુધવારે અરુણાચલ પ્રદેશ સામે માત્ર 36 બોલમાં સદી ફટકારી હતી. બીજી તરફ, બિહારના કેપ્ટન સાકિબુલ ગનીએ 32 બોલમાં અને ઝારખંડ તરફથી રમતા ઈશાન કિશને 33 બોલમાં તોફાની સદી ફટકારી હતી.

14 વર્ષનો વૈભવ લિસ્ટ-A ક્રિકેટમાં સદી ફટકારનારા વિશ્વનો સૌથી યુવા ખેલાડી બની ગયો છે. બિહાર તરફથી રમતા વૈભવે પાકિસ્તાનના ઝહૂર ઈલાહીનો 39 વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો છે.

ઝહૂર ઈલાહીએ વર્ષ 1986માં વિલ્સ કપ દરમિયાન પાકિસ્તાન ઓટોમોબાઈલ્સ તરફથી રમતા રેલવે સામે સદી ફટકારી હતી. તે સમયે તેમની ઉંમર માત્ર 15 વર્ષ 209 દિવસ હતી. વૈભવે 14 વર્ષ 272 દિવસની ઉંમરે સદી ઠોકીને સૌથી નાની ઉંમરે સદી બનાવવાનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

બીજી તરફ, બિહારે અરુણાચલ પ્રદેશ સામે લિસ્ટ-A ક્રિકેટમાં 574/6નો સ્કોર બનાવ્યો. જેમાં બિહારના ત્રણ બેટર્સે સદી ફટકારી.

સૌથી ઝડપી લિસ્ટ-A સદી લિસ્ટ-A ક્રિકેટમાં સૌથી ઝડપી સદી ફટકારવાનો રેકોર્ડ જેક ફ્રેઝર-મેકગર્કના નામે છે, જેણે માત્ર 29 બોલમાં સદી ફટકારી હતી. ત્યારબાદ એબી ડિવિલિયર્સે 31 બોલમાં સદી ફટકારીને આ પરાક્રમ કર્યું. ભારતની વાત કરીએ તો, પંજાબના અનમોલપ્રીત સિંહે અરુણાચલ પ્રદેશ સામે જ 35 બોલમાં સદી ફટકારી હતી.

જ્યારે હવે બિહારના વૈભવ સૂર્યવંશીએ તે જ ટીમ સામે 36 બોલમાં સેન્ચુરી ફટકારીને આ ખાસ યાદીમાં પોતાનું નામ નોંધાવ્યું છે. ઈન્ડિયન બેટર્સમાં લિસ્ટ-A ક્રિકેટમાં સૌથી ઝડપી સદી ફટકારવાનો રેકોર્ડ હવે બિહારના કેપ્ટન સાકિબુલ ગનીના નામે થઈ ગયો છે. તેણે આજે માત્ર 32 બોલમાં સદી ફટકારીને નવો ઈતિહાસ રચ્યો છે. આ યાદીમાં હવે બીજા સ્થાને ઈશાન કિશન આવી ગયો છે, જેણે અમદાવાદમાં ઝારખંડ તરફથી રમતા કર્ણાટક સામે 33 બોલમાં સેન્ચુરી ફટકારી હતી. આ પહેલા આ રેકોર્ડ અનમોલપ્રીત સિંહના નામે હતો, જેણે 2024માં પંજાબ તરફથી અરુણાચલ પ્રદેશ સામે 35 બોલમાં સદી ફટકારી હતી. બીજી તરફ, વૈભવ સૂર્યવંશીએ આજે અરુણાચલ પ્રદેશ સામે 36 બોલમાં સદી ફટકારીને આ ખાસ યાદીમાં પોતાનું નામ નોંધાવી દીધું છે. ભારતીય લિસ્ટ-A ક્રિકેટમાં સૌથી ઝડપી સદી ફટકારનારાઓની આ યાદીમાં યુસુફ પઠાણ (40 બોલ, 2010), ઉર્વિલ પટેલ (41 બોલ, 2023) અને અભિષેક શર્મા (42 બોલ, 2021) પણ સામેલ છે.



## ભારત સામેની સિરીઝ માટે ન્યૂઝીલેન્ડ ટીમની જાહેરાત : માઈકલ બ્રેસવેલ વન-ડેમાં કેપ્ટનશીપ કરશે

સ્પોર્ટ્સ ડેસ્ક | ન્યૂઝીલેન્ડ ક્રિકેટે ભારત સામે 3 વન-ડે અને 5 T20ની સિરીઝ માટે પોતાની ટીમ જાહેર કરી દીધી છે. 15 સભ્યોની યુવા વન-ડે ટીમની કેપ્ટનશીપ ઓલરાઉન્ડર માઈકલ બ્રેસવેલ કરશે. જ્યારે દિગ્ગજ કેન વિલિયમસન અને નિયમિત કેપ્ટન મિચેલ સેન્ટનરને આરામ આપવામાં આવ્યો છે. જોકે, સેન્ટનર T20 સિરીઝમાં કેપ્ટનશીપ કરશે. નવા ખેલાડીઓને તક ન્યૂઝીલેન્ડે વન-ડે ટીમમાં મોટાભાગના નવા ખેલાડીઓને તક આપી. આમાં આદિ અશોક, ક્રિશ્ચિયન ક્લાર્ક, જોશ ક્લાર્કસન, ઝેકરી ફોલ્ક્સ, નિક કેલી, જેડન લેનોક્સ અને માઈકલ રેનો સમાવેશ થાય છે. અનુભવી ખેલાડીઓમાં બ્રેસવેલ ઉપરાંત ડેવોન કોનવે, કાઈલ જેમિસન, ડેરિલ મિચેલ, હેનરી નિકોલ્સ, ગ્લેન ફિલિપ્સ અને વિલ યંગનો સમાવેશ થાય છે.

## એશિઝ સીરિઝમાં નશાખોરીનો વિવાદ વકર્યો, ક્રિકેટરોની પાર્ટીના VIDEO સામે આવતા હોબાળો

ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલી ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ માટે મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. એકતરફ મેદાન પર ઈંગ્લેન્ડની ટીમ માત્ર 11 દિવસના રમત બાદ જ એશેઝ સીરિઝ ગુમાવી ચૂકી છે, તો બીજી તરફ મેદાનની બહાર ખેલાડીઓની શિસ્તહીનતાએ બોર્ડની ચિંતામાં વધારો કર્યો છે.

દારૂની મહેફિલ અને નશામાં ધૂત ખેલાડીઓના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ હવે ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ(ECB)એ તપાસના આદેશ આપ્યા છે.

ઓસ્ટ્રેલિયા સામેની પ્રતિષ્ઠિત એશેઝ સીરિઝમાં ઈંગ્લેન્ડનું પ્રદર્શન અત્યંત ખરાબ રહ્યું છે. શરૂઆતની ત્રણેય મેચમાં હાર સાથે જ ઈંગ્લેન્ડ સીરિઝ હારી ગયું છે. ખેલાડીઓનું વ્યક્તિગત પ્રદર્શન કંગાળ રહ્યું છે, જેના કારણે ચાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મેદાન પર હાર બાદ ખેલાડીઓ નૂસામાં બ્રેક દરમિયાન દારૂની પાર્ટી કરતા ઝડપાયા છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં સ્ટાર બેટર બેન ડકેટ દારૂના નશામાં એટલો ધૂત દેખાય છે કે તે પોતાના હોટલના રૂમનો રસ્તો પણ શોધી શકતો નથી.

વીડિયોમાં કોઈ વ્યક્તિ તેને મજાકમાં પૂછતી સંભળાય છે કે, 'શું તારે ટ્રેનિંગ ગ્રાઉન્ડ સુધી જવા માટે ટેક્સીની જરૂર છે?'

બીજી તરફ, યુવા ઓલરાઉન્ડર જેકબ બેથેલ પણ વિવાદમાં સપડાયો છે. એક વીડિયોમાં તે 'વેપિંગ'(ઈ-સિગારેટ) કરતો જોવા મળે છે, જ્યારે અન્ય એક વીડિયોમાં તે નાઈટક્લબમાં કોઈ અજાણી વ્યક્તિ સાથે ડાન્સ કરતો દેખાય છે.

## 14 છગ્ગા, 33 બોલમાં તોફાની સદી, સ્ટાર બેટર ઈશાન કિશને બતાવ્યો 'પાવર'

ઝારખંડના કેપ્ટન ઈશાન કિશને બુધવારે વિજય હજારે ટ્રોફીમાં ધમાકેદાર સદી ફટકારીને ઈતિહાસ રચી દીધો છે. કિશને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કર્ણાટક સામે માત્ર 33 બોલમાં ધમાકેદાર સદી ફટકારી છે. આમ ઈશાન કિશનની સ્ટોરી માત્ર કમબેક નથી રહી, તે એક ઘોષણા બની ગઈ છે, જે સ્કોરબોર્ડ પર નહીં પરંતુ રેકોર્ડ બુકમાં નોંધાઈ છે. વિજય હજારે ટ્રોફીમાં ઉતરતા જ ઈશાન કિશને ધમાકો કર્યો છે.

ઝારખંડની ઈનિંગ 50 ઓવરમાં 412 રન સુધી કેવી રીતે પહોંચી તેનો જવાબ માત્ર આંકડાઓમાં નહીં, પરંતુ ઈશાન કિશનની 39 બોલમાં 125 રનની ધમાકેદાર ઈનિંગ્સમાં છુપાયેલો છે. કેપ્ટન અને વિકેટકીપર તરીકે છઠ્ઠા નંબર પર ઉતરીને ઈશાને જે કર્યું, તેણે લિસ્ટ-A ક્રિકેટની વ્યાખ્યા જ બદલી નાખી. માત્ર 33 બોલમાં સદી, જેમાં 7 ચોગ્ગા, 14 છગ્ગા અને 320થી વધુનો સ્ટ્રાઈક રેટ. આ ભારતની બીજી સૌથી ઝડપી લિસ્ટ-A સદી છે.

કિશન વિજય હજારે ટ્રોફીમાં સદી ફટકારનાર બીજો સૌથી ઝડપી બેટ્સમેન બન્યો છે. વિજય હજારે ટ્રોફીના ઈતિહાસમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ બિહારના સાકિબુલ ગનીના નામે છે.



ભારતના ભગોડાઓની સરકારને ખુલ્લી ચેલેન્જ મળી છે, લંડનમાં ભવ્ય બર્થડે પાર્ટીનું આયોજન કરાયું છે

# લલિત મોદી અને માલ્યાનો વીડિયો વાયરલ થતા દેશમાં ભારે રોષ

(એજન્સી) નવી દિલ્હી/લંડન । તા. 24

ભારતની બેન્કો અને જનતાના કરોડો રૂપિયાનું ફુલેકુ ફેરવીને વિદેશમાં આશરો લઈ રહેલા ભાગેડુ આર્થિક ગુનેગારોની નિર્લજ્જતા ફરી એકવાર સામે આવી છે. લંડનની વૈભવી ગલીઓમાં સુરક્ષિત બેઠેલા લલિત મોદી અને વિજય માલ્યાએ શિષ્ટાચારની તમામ સીમાઓ વટાવીને ભારત સરકાર અને તપાસ એજન્સીઓની મજાક ઉડાવતો એક વિવાદાસ્પદ વીડિયો જાહેર કર્યો છે. લલિત મોદી અને માલ્યાનો વીડિયો વાયરલ થતાની સાથે જ સમગ્ર ભારતમાં સોશિયલ મીડિયા પર લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. આ વીડિયોમાં બંને ભાગેડુઓ અત્યંત મજાકિયા અંદાજમાં પોતાની જાતને 'ભારતના સૌથી મોટા ભગોડા' ગણાવી રહ્યા છે, જે સ્પષ્ટપણે કાયદાના શાસનને આપવામાં આવેલી પડકારરૂપ ચેતવણી સમાન છે.

તાજેતરમાં જ લંડનમાં વિજય માલ્યાના જન્મ દિવસ નિમિત્તે લલિત મોદી દ્વારા એક અત્યંત ભવ્ય અને ખર્ચાળ બર્થડે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાર્ટીમાં લંડનના ઉચ્ચ વર્ગના અનેક મહેમાનો હાજર રહ્યા હતા. શરાબ અને શબાબની આ મહેફિલમાં જ્યારે બંને ભાગેડુઓ એકસાથે આવ્યા ત્યારે તેમણે કેમેરા સામે કટાક્ષ કરવાનું શરૂ કર્યું હતું. વીડિયોમાં લલિત મોદી સ્પષ્ટપણે બોલતા સંભળાય છે કે, "અમે બંને ભારતની નજરમાં ભાગેડુ છીએ." આ વાક્ય સાંભળતા જ વિજય માલ્યા ખડખડાટ હસી પડે છે. આ અટ્ટહાસ્ય માત્ર એક જોક નહોતો, પરંતુ ભારતની ન્યાય પ્રણાલી પર કરવામાં આવેલો એક ક્રૂર પ્રહાર હતો.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી તસવીરો અને વીડિયોમાં જોઈ શકાય છે કે આ બંને ગુનેગારોને ભારત પરત લાવવામાં એજન્સીઓની નિષ્ફળતાનો કોઈ જ ડર નથી. મીડિયા અહેવાલ મુજબ, લલિત મોદી ૨૦૧૦માં જ ભારત છોડીને ભાગી ગયો હતો અને છેલ્લા ૧૫ વર્ષથી લંડનમાં રાજાશાહી ઠાઠથી રહી રહ્યો છે. તેવી જ રીતે, વિજય માલ્યા પણ ૨૦૧૬માં હજારો કરોડનું દેવું કરીને વિદેશ પલાયન થઈ ગયો હતો. વર્ષો વીતી ગયા હોવા છતાં, આ બંનેને ભારત લાવવામાં મળેલી



નિષ્ફળતા હવે દેશની જનતા માટે આઘાતજનક બની રહી છે. લોકો કહી રહ્યા છે કે આ ભાગેડુઓ ખુલ્લેઆમ પાર્ટીઓ કરીને કેન્દ્ર સરકારની મજાક ઉડાવી રહ્યા છે.

એક તરફ સામાન્ય ભારતીય નાગરિક નાની લોન ભરપાઈ ન કરી શકે તો તેની મિલકતો જપ્ત કરવામાં આવે છે, જ્યારે બીજી તરફ જનતાના નાણાં લૂંટીને ભાગેલા આ 'વ્હાઈટ કોલર' ગુનેગારો વિદેશમાં મોજમજા કરી રહ્યા છે. નેટિઝન્સ આ વીડિયો પર કમેન્ટ કરતા લખી રહ્યા છે કે, "શું આપણી એજન્સીઓ આટલી લાચાર છે કે આ ભગોડાઓ લંડનની ગલીઓમાં બેસીને આપણી મજાક ઉડાવે?" આ વીડિયોએ ફરી એકવાર પ્રત્યાર્પણની ધીમી પ્રક્રિયા અને આંતરરાષ્ટ્રીય કાયદાઓની મર્યાદાઓ પર ચર્ચા છેડી દીધી છે.

### પાર્ટીની ઝાકઝમાળ અને કડવી વાસ્તવિકતા

વાયરલ વીડિયોમાં પાર્ટીની ઝાકઝમાળ જોઈને અંદાજો લગાવી શકાય છે કે તેમની પાસે હજુ પણ અઢળક નાણાં છે, જે કદાચ ભારતના કરદાતાઓના જ છે. લલિત મોદી અને માલ્યાનો વીડિયો વાયરલ થતા વિરોધ પક્ષોએ પણ સરકાર પર પ્રહારો તેજ કર્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારતીય વિદેશ મંત્રાલય આ મામલે બ્રિટિશ સરકાર સમક્ષ ફરી એકવાર કડક રજૂઆત કરી શકે છે. જોકે, ભૂતકાળના અનુભવો જોતા, આ ભગોડાઓ ક્યારે ભારતીય જેલના સળિયા પાછળ હશે તે એક મોટો પ્રશ્ન છે. હાલ તો આ વીડિયોએ દરેક ભારતીયના આત્મસન્માનને ઠેસ પહોંચાડી છે.

સિંધ એસેમ્બલીમાં ભારે હોબાળો જોવા મળ્યો છે

# કરાચીમાં પાણીની અછત અને ટેન્કર માફિયાનો આતંક

(એજન્સી) કરાચી । તા. 24

પાકિસ્તાનના આર્થિક પાટનગર ગણાતા કરાચીમાં પીવાના પાણીની વિકટ સમસ્યાએ હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. સિંધ એસેમ્બલીમાં વિરોધ પક્ષના સભ્યોએ શહેરની કથળતી જતી પાણીની સ્થિતિ અંગે ભારે ચિંતા વ્યક્ત કરી હતી. વિરોધ પક્ષોએ આક્ષેપ કર્યો છે કે, કરાચીમાં પાણીની અછત અને ટેન્કર માફિયા દ્વારા કરવામાં આવતી મોટાપાયે ચોરીને કારણે સામાન્ય જનતા ટીપા-ટીપા પાણી માટે વલખાં મારી રહી છે. ગેરકાયદેસર હાઈડ્રન્ટ્સ ચલાવીને જનતાના હકનું પાણી બજારમાં ઊંચા ભાવે વેચવામાં આવી રહ્યું છે, જેમાં વહીવટીતંત્રની મિલીભગત હોવાનું પણ બહાર આવ્યું છે. એસેમ્બલીના ગરમાગરમ સત્ર દરમિયાન મુત્તહિદા કૌમી મૂવમેન્ટ-પાકિસ્તાન, પીટીઆઈ અને જમાત-એ-ઈસ્લામીના ધારાસભ્યોએ પ્રાંતીય સરકારની નિષ્ફળતાની આકરી ટીકા કરી હતી. સભ્યોએ જણાવ્યું હતું કે, કરાચીના નાગરિકોને નિયમિત પાણી પુરવઠો પૂરો પાડવામાં સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. ધારાસભ્યોએ મેયરને શહેરની ક્ષતિગ્રસ્ત પાઈપલાઈનોનું તાત્કાલિક સમારકામ કરવા અને પાણીની ચોરી રોકવા માટે કડક પગલાં લેવા વિનંતી કરી છે.

### ટેન્કર માફિયા અને ભ્રષ્ટાચારનો પર્દાફાશ

એસેમ્બલીમાં પ્રશ્નકાળ દરમિયાન એમક્યુએમ-પી ના સંસદીય સચિવ ફૌઝિયા હમીદે હકીકત રજૂ કરી હતી કે જ્યારે પણ મુખ્ય પાઈપલાઈનમાં લીકેજ થાય છે, ત્યારે તેની સાથે જ પાણીની ચોરીની ઘટનાઓ પણ બને છે. તેમણે આ સંગઠિત ગુનાખોરીમાં સામેલ તમામ વ્યક્તિઓના નામ જાહેર કરવાની અને તેમની સામે બિન-જામીનપાત્ર વોરંટ ઈશ્યુ કરવાની માંગ કરી છે. કરાચીના અનેક મતવિસ્તારોમાં રહેવાસીઓ લાંબા સમયથી પીવાના પાણીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે, જ્યારે માફિયાઓ તે જ પાણી વેચીને કમાણી કરી રહ્યા છે.

## ન્યૂઝ બ્રીફ

### લીબિયાના આર્મી પ્રમુખનું વિમાન દુર્ઘટનામાં મોત




લીબિયા | લીબિયાના સેના પ્રમુખ લેફ્ટનન્ટ જનરલ મોહમ્મદ અલી અહેમદ અલ-હદ્દાદ અને અન્ય 4 લોકોનું મંગળવારે રાત્રે એક ભયાનક પ્લેન ક્રેશમાં મોત થયું છે. તેમનું પ્રાઈવેટ જેટ તૂર્કિયેની રાજધાની અંકારાથી ઉડાન ભર્યાના થોડા સમય બાદ જ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ ઘટનાને લીબિયાના વડાપ્રધાને દેશ માટે એક મોટી ખોટ ગણાવી છે. તૂર્કિયેના અધિકારીઓના જણાવ્યા મુજબ, ફાલ્કન 50 બિઝનેસ જેટ અંકારામાં ઉચ્ચ સ્તરીય સંરક્ષણ મંત્રણા પૂર્ણ કર્યા બાદ લીબિયા પરત ફરી રહ્યું હતું. વિમાને અંકારાના એસેનબોગા એરપોર્ટ પરથી સાંજે 8:30 વાગ્યે ઉડાન ભરી હતી, અને લગભગ 40 મિનિટ બાદ જ તેનો એર ટ્રાફિક કંટ્રોલ (ATC) સાથે સંપર્ક તૂટી ગયો હતો.

### આયુર્વેદ કોચ ડિમ્પલ જાંગડાનું નવું પુસ્તક સ્વાસ્થ્યનો ખજાનો

નવી દિલ્હી | રાજધાની દિલ્હીમાં ગેલરી આર્ટ પોઝિટિવ ખાતે એક સાંજ સાજા થવાની પ્રક્રિયા, સભાન જીવન અને પરંપરાગત ભારતીય જ્ઞાનને સમર્પિત રહી હતી. પ્રસિદ્ધ આયુર્વેદ અને આંતરડાના સ્વાસ્થ્ય (Gut Health) ના કોચ ડિમ્પલ જાંગડાએ તેમના નવીનતમ પુસ્તક, 'ધ અલ્ટીમેટ હીલિંગ કોડ' (The Ultimate Healing Code) નું અનાવરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં નાણાં, કલા, સ્વાસ્થ્ય અને ઉદ્યોગ સાહસિકતા જેવા વિવિધ ક્ષેત્રોના દિગ્ગજો એકઠા થયા હતા, જ્યાં પ્રાચીન ભારતીય ડહાપણ અને સમકાલીન જીવનશૈલીના સંગમ વિશે ઊંડી ચર્ચા કરવામાં આવી હતી. આયુર્વેદ કોચ ડિમ્પલ જાંગડાનું નવું પુસ્તક આજના તણાવભર્યા યુગમાં સંતુલિત જીવન જીવવાની નવી દિશા બતાવે છે.

### USના H-1B વિઝા લોટરી સિસ્ટમનો અંત, હવે હાઈ સ્કિલ્ડ ઉમેદવારને જ પ્રાથમિકતા




ન્યૂયોર્ક | અમેરિકાના H-1B વિઝા મેળવવાની પ્રક્રિયામાં એક મોટો અને ઐતિહાસિક ફેરફાર થવા જઈ રહ્યો છે. અમેરિકન હોમલેન્ડ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટ (DHS) એ H-1B વિઝા માટેની લાંબા સમયથી ચાલી રહેલી રેન્ડમ લોટરી સિસ્ટમને સમાપ્ત કરીને વેતન-આધારિત (Wage-Weighted) પસંદગી પ્રણાલીને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. આનો સીધો અર્થ એ છે કે હવે H-1B વિઝા મેળવવા માટે કિસ્મત નહીં, પરંતુ અરજદારનો પગાર અને તેની કુશળતા મુખ્ય ભૂમિકા ભજવશે. આ નવો નિયમ 27 ફેબ્રુઆરી, 2026 થી અમલમાં આવશે અને તે નાણાકીય વર્ષ 2027ના H-1B રજિસ્ટ્રેશન પર લાગુ થશે.

ભારતીય નાગરિકો સાથે અમાનવીય વર્તાવ થયો છે

# USએ ૨૦૫ ભારતીયોને પરત મોકલ્યા ટ્રમ્પની ભયંકર કાર્યવાહી, ટ્રમ્પ સરકારની દેશનિકાલ ઝુંબેશ તેજ બની

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

અમેરિકામાં સત્તા પરિવર્તનની સાથે જ પ્રવાસીઓ પર કડક કાર્યવાહીનો દૌર શરૂ થઈ ચૂક્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના પ્રમુખ તરીકે હોદ્દો સાંભળ્યો તે સાથે જ સરહદ પર પડાવ નાખીને બેઠેલા કે ગેરકાયદેસર રીતે વસતા અન્ય દેશના નાગરિકોને હાંકી કાઢવાની આક્રમક ઝુંબેશ આરંભી છે. આ કવાયતના ભાગરૂપે અમેરિકાએ ૨૦૫ ભારતીયોને પરત મોકલ્યા છે, પરંતુ આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ભારતીય નાગરિકો સાથે કરવામાં આવેલા વ્યવહારને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિશેષ કાર્ગો વિમાન દ્વારા આ નાગરિકોને ભારત લાવવામાં આવ્યા હતા, જેમાં તેમના હાથ અને પગમાં સાંકળો બાંધેલી હોવાના ચોંકાવનારા અહેવાલો પ્રાપ્ત થયા છે.



### અમાનવીય વર્તન, ભયનું વાતાવરણ

અમેરિકાની આ નવી દેશનિકાલ નીતિમાં માનવીય સંવેદનાઓ જાણે નેવે મૂકી દેવામાં આવી છે. પકડાયેલા ભારતીય નાગરિકોને વિશેષ કાર્ગો વિમાનમાં અપમાનજનક સ્થિતિમાં બેસાડવામાં આવ્યા હતા. માત્ર પુરુષો જ નહીં, પરંતુ મહિલાઓ જોડે પણ આવો જ ક્રૂર વર્તાવ કરવામાં આવ્યો હતો. ટ્રમ્પ સરકાર દ્વારા ભારતીયોની ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે. ગેરકાયદેસર વસતા નાગરિકોને શોધવા માટે ખાસ જેલો ઊભી કરવામાં આવી છે, જ્યાં તેમને પૂરીને ક્રમશઃ ભારત મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીને કારણે અમેરિકામાં વસતા ભારતીય સમુદાયમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

બીજી તરફ, સુરક્ષા એજન્સીઓ માટે એક મહત્વની સફળતાના સમાચાર પણ મળી રહ્યા છે. ૨૦૦૮ના મુંબઈ હુમલાના ષડયંત્રમાં સંડોવાયેલા આતંકી તવ્હહુર રાણાને અમેરિકાએ ભારતને સોંપી દીધો છે. પાકિસ્તાન આર્મીના ભૂતપૂર્વ ડોક્ટર રાણાએ લશ્કર-એ-તૈઈબાને મદદ કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. ટ્રમ્પે સત્તા પર આવતા જ ભારતની વર્ષો જૂની માંગ સ્વીકારી લીધી છે. હાલમાં રાણાને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા પૂછપરછ માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. આ પ્રત્યાર્પણથી ૨૬/૧૧ના હુમલાના અનેક વણઉકેલ્યા રહસ્યો બહાર આવવાની શક્યતા છે.

દેશની રાજધાની દિલ્હીમાં પણ સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઉભા થયા છે. ગત ૧૦ નવેમ્બરના રોજ લાલ કિલ્લા નજીક થયેલા ભયાનક કાર બ્લાસ્ટમાં ૧૫ નિર્દોષ નાગરિકોના મોત થયા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલાનો મુખ્ય સૂત્રધાર ડોક્ટર ઉમર-ઉન-નાબી હોવાનું બહાર આવ્યું છે. ઉચ્ચ શિક્ષિત ડોક્ટરોનું કટ્ટરપંથીમાં રૂપાંતર થવું તે સુરક્ષા એજન્સીઓ માટે ચિંતાનો વિષય છે. તપાસ દરમિયાન જૈશ-એ-મુહમ્મદ સાથેની લિંક અને ૩ ટન વિસ્ફોટકોનો જથ્થો પકડાતા 'વ્હાઈટ કોલર ટેરરિઝમ'નો નવો પડકાર સામે આવ્યો છે.

દિલ્હી હાઈકોર્ટના જજ યશવંત વર્માના નિવાસસ્થાને લાગેલી આગે ભ્રષ્ટાચારના મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. અગ્નિશામક દળને તપાસ દરમિયાન તેમના સ્ટ્રોંગ રૂમમાંથી ૧૫ કરોડ રૂપિયાની રોકડ રકમ મળી આવી છે. જોકે, કાયદાકીય ગૂંચને કારણે તેમની હકાલપટ્ટી થઈ શકી નથી. બીજી તરફ, એવિએશન સેક્ટરમાં ઈન્ડિગો એરલાઈન્સની સેવાઓ ખોરવાતા દેશવ્યાપી અંધાધૂંધી સર્જાઈ છે. પાયલોટની અછતના કારણે નવેમ્બર અને ડિસેમ્બરમાં હજારો ફ્લાઈટ્સ રદ થતા મુસાફરોની હાલત કફોડી બની હતી, જેના કારણે સરકારે નિયમનકારી હસ્તક્ષેપ કરવો પડ્યો હતો.

### સામાજિક અને સાંસ્કૃતિક આઘાત

મહારાષ્ટ્રમાં મરાઠા અનામત આંદોલનને કારણે સરકારને ઝૂકવું પડ્યું છે અને હવે અનામતની મર્યાદા ૬૨ ટકાએ પહોંચી છે. આ દરમિયાન સંગીત જગત માટે આસામથી દુખદ સમાચાર આવ્યા છે. લોકપ્રિય ગાયક ઝૂબીન ગર્ગનું સિંગાપુરમાં સ્કુબા ડાઈવિંગ દરમિયાન અકસ્માતે અવસાન થયું છે. તેમના અંતિમ દર્શન માટે ૧૫ લાખથી વધુ ચાહકો ઉમટી પડ્યા હતા, જે તેમની લોકપ્રિયતાની સાક્ષી પૂરે છે.

આર્થિક હિતો માટે બાંગ્લાદેશના સૂર બદલાયા છે

# ભારત સાથે સંબંધો સુધારવા મોહમ્મદ યુનુસના સૂર બદલાયા



(એજન્સી) ઢાકા । તા. 24

બાંગ્લાદેશમાં લાંબા સમયથી ચાલી રહેલી હિંસા, લઘુમતી હિન્દુઓ પરના હુમલા અને ભારત-વિરોધી ઉગ્ર જુવાળ વચ્ચે હવે પડોશી દેશની સાન ઠેકાણે આવી હોય તેમ જણાય છે. ભારત તરફથી મળેલા સખત રાજદ્વારી પ્રતિસાદ અને વધતા આર્થિક દબાણના કારણે હવે બાંગ્લાદેશની વચગાળાની સરકારના સૂર એકાએક બદલાયા છે. ભારત સાથે સંબંધો સુધારવા બાંગ્લાદેશ મજબૂર બન્યું હોય તેવા સંકેતો આપતા મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસના વહીવટીતંત્રે સ્વીકાર્યું છે કે તેઓ નવી દિલ્હી સાથેના તણાવપૂર્ણ સંબંધોને થાળે પાડવા માટે સક્રિય પ્રયાસો કરી રહ્યા છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બાંગ્લાદેશ આર્થિક રીતે પાયમાલીના આરે ઉભું છે.

બાંગ્લાદેશની વચગાળાની સરકારના નાણાકીય સલાહકાર સલેહુદ્દીન અહેમદે પત્રકારો સાથેની વાતચીતમાં સ્પષ્ટ કર્યું છે કે તેમનું શાસન હવે આર્થિક હિતોને રાજકીય નિવેદનોથી અલગ રાખવા માંગે છે. તેમણે સ્વીકાર્યું કે ભારત સાથેના મજબૂત આર્થિક સંબંધો બાંગ્લાદેશ માટે અનિવાર્ય છે. સલેહુદ્દીને જણાવ્યું કે મુખ્ય સલાહકાર પ્રોફેસર મોહમ્મદ યુનુસ પોતે ભારત સાથેના સંબંધોમાં સુધારો લાવવા માટે પડદા પાછળ કામ કરી રહ્યા છે. જોકે, તેમણે ભારતના ઉચ્ચ અધિકારીઓ સાથે સીધી વાતચીત કરી હોવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ સ્વીકાર્યું હતું કે આ વિષય સાથે સંકળાયેલા વિવિધ પક્ષો સાથે ચર્ચાઓનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે. બાંગ્લાદેશની આર્થિક લાચારીનો પુરાવો એ વાત પરથી મળે છે કે હિંસા અને તણાવ હોવા છતાં તેમણે ભારત પાસેથી ૫૦,૦૦૦ ટન ચોખા ખરીદવાના પ્રસ્તાવને લીલી ઝંડી આપી દીધી છે. નાણાકીય સલાહકારે ભારપૂર્વક કહ્યું કે જો વિયેતનામ કે અન્ય દેશો કરતા ભારત પાસેથી આયાત સસ્તી પડતી હોય, તો આર્થિક દ્રષ્ટિએ ભારત જ શ્રેષ્ઠ વિકલ્પ છે.

# એપસ્ટિન ફાઈલો અંગે વિવાદો વચ્ચે વધુ 30,000 દસ્તાવેજો જાહેર કરાયા

(એજન્સી) વોશિંગ્ટન । તા. 24

અમેરિકામાં સગીરાઓ અને મહિલાઓને વેશ્યાલયમાં ધકેલવાના ગુનાઓ બદલ દોષિત જેફરી એપસ્ટિનના કેસો સાથે સંકળાયેલી ફાઈલોના સંદર્ભમાં ન્યાય વિભાગે મંગળવારે વધુ ૩૦,૦૦૦ પાનાના દસ્તાવેજો અને સેંકડો વીડિયો ક્લિપ જાહેર કરી હતી, જેમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જેફરી એપસ્ટિનના ખાનગી વિમાનના રેકોર્ડ પણ સામે આવ્યા છે. જોકે, અધિકારીઓએ પ્રમુખ ટ્રમ્પ સામે જેફરી એપસ્ટિનના કોઈપણ ગુનાઓમાં સંડોવણીના આક્ષેપો કર્યા નથી.

અમેરિકામાં જેફરી એપસ્ટિનની ફાઈલો જાહેર કરવા અંગે લાંબા સમય સુધી વિવાદ ચાલ્યા પછી અંતે ન્યાય વિભાગે શુક્રવારે એપસ્ટિન ફાઈલોનો સાત સેટનો ૩ લાખથી વધુ દસ્તાવેજોનો પહેલો જથ્થો જાહેર કર્યો હતો અને આગામી સમયમાં વધુ દસ્તાવેજો જાહેર કરાશે તેમ કહ્યું હતું. આ



સંદર્ભમાં ન્યાય મંત્રાલયે મંગળવારે વધુ ૩૦,૦૦૦ ફાઈલો જાહેર કરી છે, જેમાં મોટા પ્રમાણમાં ખાનગી માહિતીને બ્લેકઆઉટ કરાઈ છે. અનેક વીડિયો કથિત રીતે જેલની અંદર શૂટ કરાયા હતા. ન્યાય વિભાગે જાહેર કરેલા આ દસ્તાવેજોમાં સામેલ એક ઈ-મેલ જેની તારીખ ૭ જાન્યુઆરી ૨૦૨૦ છે, તેમાં દાવો કરાયો છે કે ડોનાલ્ડ ટ્રમ્પે એપસ્ટિનના ખાનગી જેટમાં ૧૯૯૩થી ૧૯૯૬ વચ્ચે આઠ વખત પ્રવાસ કર્યો હતો.

## બાંગ્લાદેશમાં મીડિયા પર હુમલા વધતા સંયુક્ત રાષ્ટ્રએ વ્યક્ત કરી ગંભીર ચિંતા

ઢાકા | બાંગ્લાદેશમાં છેલ્લા કેટલાક સમયથી અગ્રણી મીડિયા સંસ્થાઓ અને સાંસ્કૃતિક કેન્દ્રો પર થઈ રહેલા ટોળાશાહી હુમલાઓએ વૈશ્વિક સ્તરે ચિંતા જગાવી છે. સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાત આઈરીન ખાને આ ઘટનાઓની આકરી ટીકા કરતા વચગાળાની સરકારને તાત્કાલિક તપાસ કરવા અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, 'ધ ડેઈલી સ્ટાર' અને 'પ્રથમ આલો' જેવી પ્રતિષ્ઠિત અખબારી કચેરીઓમાં તોડફોડ અને આગચંપી જેવી ઘટનાઓ સામે આવી છે, જે અભિવ્યક્તિની સ્વતંત્રતા પર સીધો પ્રહાર હોવાનું માનવામાં આવે છે. હિંસાના વરવા દ્રશ્યો અને લક્ષિત હુમલા શરીફ ઓસ્માન હાદી નામના યુવા નેતાની જાહેરમાં હત્યા થયા બાદ દેશભરમાં ફાટી નીકળેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન પત્રકારો અને કલાકારોને નિશાન બનાવવામાં આવ્યા છે.

# રશિયાનો યુક્રેન પર ડ્રોન અને મિસાઈલ હુમલો ત્રણના મોત

### નાતાલ અગાઉ માનવીય સંકટ ઊભું થયું છે

(એજન્સી) કીવ । તા. 24

વિશ્વ જ્યારે નાતાલના પર્વની તૈયારીઓમાં વ્યસ્ત છે, ત્યારે રશિયાએ યુક્રેન પર ફરી એકવાર વિનાશક આક્રમણ કરીને માનવતાને શરમાવી દીધી છે. સોમવારની મધ્યરાત્રિથી શરૂ થયેલા રશિયાનો યુક્રેન પર ડ્રોન અને મિસાઈલ હુમલો મંગળવાર સુધી સતત જારી રહ્યો હતો. આ ભયાનક હુમલામાં રશિયાએ ૬૫૦થી વધુ ડ્રોન અને ત્રણ ડઝન મિસાઈલોનો વરસાદ કર્યો હતો. આ આકાશી આફતમાં એક ચાર વર્ષના નિર્દોષ બાળક સહિત કુલ ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હોવાના અહેવાલ છે. સત્તાવાર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રશિયાએ વ્યૂહાત્મક રીતે નાગરિક વસાહતો અને ઉર્જા મથકોને નિશાન બનાવ્યા છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ આ હુમલાની આકરી નિંદા કરતા જણાવ્યું હતું કે, રશિયાએ જાણીજોઈને ૧૩ અલગ-અલગ વિસ્તારોના ઘરો અને વીજળી ગ્રીડને નિશાન બનાવ્યા છે. યુક્રેનમાં અત્યારે હાડ થીજવતી ઠંડી પડી રહી છે, તેવા સમયે વીજ પુરવઠો ખોરવાઈ જવાથી લાખો લોકો મુશ્કેલીમાં મુકાયા છે. હીટિંગ સિસ્ટમ બંધ થઈ જવાથી વૃદ્ધો અને બાળકોની હાલત અત્યંત કફોડી બની છે. ઝેલેન્સ્કીએ ઉમેર્યું કે, રશિયન પ્રમુખ પુતિનનો ઈરાદો સ્પષ્ટપણે યુક્રેનને ઘૂંટણિયે લાવવાનો અને વિનાશ વેરવાનો છે. આ આશ્ચર્યજનક હુમલો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધ વિરામ માટે મંત્રણાના પ્રયાસો તેજ બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ શાંતિ કરાર માટે મોસ્કો અને કીવ બંને પર દબાણ વધારી રહ્યા છે.

સોદો | 135 અબજ રૂપિયામાં એરલાઇન વેચાઈ ગઈ છે, આરિફ હબીબ ગ્રુપે PIA ખરીદી લીધી છે

# પાકિસ્તાન ઇન્ટરનેશનલ એરલાઇન્સનું ખાનગીકરણ ૧૩૫ અબજમાં સોદો

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 24

આર્થિક પાયમાલી અને દેવાના ડુંગર નીચે દબાયેલા પાકિસ્તાને આખરે પોતાની શાન ગણાતી રાષ્ટ્રીય એરલાઈન કંપની, પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ (PIA) ને ખાનગી હાથોમાં સોંપી દીધી છે. લાંબા સમયથી ચાલી રહેલી અનિશ્ચિતતા બાદ મંગળવારે ઈસ્લામાબાદમાં યોજાયેલી હાઈ-વોલ્ટેજ હરાજીમાં પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સનું ખાનગીકરણ પૂર્ણ થયું હતું. પાકિસ્તાનની જ અગ્રણી ઈન્વેસ્ટમેન્ટ ફર્મ 'આરિફ હબીબ ગ્રુપ' ૧૩૫ અબજ રૂપિયાની માતબર બોલી લગાવીને આ સરકારી કંપનીના નવા માલિક તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાન શાહબાઝ શરીફે આ સોદાને પાકિસ્તાનના ઈતિહાસનો સૌથી મોટો આર્થિક વ્યવહાર ગણાવ્યો છે.

ઈસ્લામાબાદમાં યોજાયેલી આ હરાજી પ્રક્રિયાને સંપૂર્ણપણે પારદર્શક રાખવા માટે સરકાર દ્વારા તેનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સનું ખાનગીકરણ કરવા માટે



મેદાનમાં ત્રણ મુખ્ય બિડર્સ હતા, જેમાં લકી સિમેન્ટ, એર બ્લૂ અને આરિફ હબીબ ગ્રુપ વચ્ચે જંગ જામ્યો હતો. સરકારે આ એરલાઈન માટે ૧૦૦ અબજ રૂપિયાની બેઝ પ્રાઈસ નક્કી કરી હતી, પરંતુ આરિફ હબીબ ગ્રુપે ૩૫ અબજ રૂપિયા વધુ એટલે કે કુલ ૧૩૫ અબજની બોલી લગાવીને બાજી મારી લીધી હતી.

આ સોદો માત્ર માલિકી બદલવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ એરલાઈનના પુનરુત્થાન માટે સરકારે કડક શરતો મૂકી છે. અત્યારે સરકાર PIAનો ૭૫% હિસ્સો વેચી રહી છે, જ્યારે બાકીનો ૨૫% હિસ્સો ખરીદવા માટે નવા માલિક પાસે ૯૦ દિવસનો સમય રહેશે. મીડિયા અહેવાલ મુજબ, આરિફ હબીબ ગ્રુપે આગામી ૫ વર્ષમાં એરલાઈનના સંચાલન અને આધુનિકીકરણ માટે વધારાના ૮૦ અબજ રૂપિયાનું નવું રોકાણ કરવું પડશે. આશ્ચર્યજનક વાત એ છે કે હરાજીની રકમના ૯૨.૫% નાણાં ફરીથી એરલાઈનના વિકાસમાં જ વપરાશે, જ્યારે માત્ર ૭.૫% રકમ જ સરકારની તિજોરીમાં જશે. એક સમયે પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ દુનિયાની ટોચની એરલાઈન્સમાં સ્થાન પામતી હતી. અનેક દેશો પોતાની એરલાઈન શરૂ કરવા માટે PIA પાસેથી માર્ગદર્શન લેતા હતા. જોકે, વર્ષો સુધી ચાલેલા ભ્રષ્ટાચાર, રાજકીય દખલગીરી અને કુશાસનને કારણે એરલાઈન સતત ખોટમાં ચાલી રહી હતી. શાહબાઝ શરીફે સ્વીકાર્યું હતું કે, એરલાઈનને બચાવવા માટે ખાનગીકરણ સિવાય બીજો કોઈ માર્ગ બચ્યો નહોતો. અગાઉ યોગ્ય કિંમત ન મળવાને કારણે હરાજી રદ કરવી પડી હતી.

# અસીમ મુનીર અને પાક.નું પતન શફી બુરફતનો આકરો પ્રહાર

(એજન્સી) કરાચી/ઇસ્લામાબાદ । તા. 24

પાકિસ્તાનમાં લોકશાહીના નામે સૈન્ય શાસન ચલાવી રહેલા અને પોતાની મેળે જ 'ફીલ્ડ માર્શલ' બની ગયેલા જનરલ અસીમ મુનીર અત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ટીકાઓનો સામનો કરી રહ્યા છે. જિયે સિંધ મુત્તહિદા મહાજ (JSMM) ના ચેરમેન અને જાણીતા સિંધી નેતા શફી બુરફતે જનરલ મુનીર પર પાયાના પ્રહારો કરતા જણાવ્યું છે કે, અસીમ મુનીર અને પાકિસ્તાનનું પતન હવે એકબીજાના પર્યાય બની ગયા છે. બુરફતે મુનીરના કદ વધારવાને સૈન્યની બહાદુરી નહીં, પરંતુ પાકિસ્તાની સંસ્થાઓના સંપૂર્ણ રકાસનું પ્રતીક ગણાવ્યું છે. આ હુમલાએ ઈસ્લામાબાદના સત્તાવાર ગલિયારાઓમાં ખળભળાટ મચાવી દીધો છે.

શફી બુરફતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે, જનરલ મુનીરે હજુ સુધી કોઈ આંતરરાષ્ટ્રીય યુદ્ધ લડ્યું નથી કે દેશમાં પણ કોઈ મોટી જંગ જીતી નથી. તેમ છતાં તેઓ સૌથી ઊંચા પદ પર બેસી ગયા છે. તેમણે ઉમેર્યું કે, જ્યારે કોઈ વ્યક્તિ પોતાની યોગ્યતા વિના માત્ર દબાણ કે જબરજસ્તીથી પદ અને ઉપાધિઓ મેળવે છે, ત્યારે તે તેની માનસિક અસલામતી દર્શાવે છે. મોટા પદ અને ધાર્મિક પ્રતીકો પ્રત્યેનો તેમનો લગાવ સાબિત કરે છે કે તેમનો આત્મવિશ્વાસ નિર્બળ છે અને તેઓ માત્ર સત્તાના જોરે જ પોતાનું મહત્વ સાબિત કરવા માંગે છે. ઈતિહાસ સાક્ષી છે કે આવા લોકો દેશ રચી શકતા નથી, પરંતુ માત્ર સંસ્થાઓને તબાહ કરે છે.

જનરલ મુનીરે તાજેતરમાં આપેલા નિવેદન, જેમાં તેમણે હિન્દુ અને મુસ્લિમની અલગ ધાર્મિક માન્યતાઓને આધારે બે અલગ રાષ્ટ્રની વાત કરી હતી, તેના પર બુરફતે આકરા પ્રહાર કર્યા છે.

SIR અભિયાન હેઠળ મતદાર યાદીને 'ક્લીન' કરવાની મોટી કાર્યવાહી

# ચૂંટણી પંચ મતદાર યાદી સુધારણા: 3 રાજ્યો અને 1 UT માંથી 95 લાખ મતદારોના નામ કપાયા

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ભારતના ચૂંટણી પંચ (ECI) દ્વારા દેશની લોકશાહી પ્રક્રિયાને વધુ સચોટ અને પારદર્શક બનાવવા માટે હાથ ધરવામાં આવેલા 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) અભિયાન હેઠળ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મંગળવારે પંચ દ્વારા મધ્યપ્રદેશ, છત્તીસગઢ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ અંદમાન-નિકોબારની ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. આ સુધારણા પ્રક્રિયામાં આશરે 95 લાખ જેટલા મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.



ચૂંટણી પંચના ડેટા અનુસાર, મધ્યપ્રદેશમાં સૌથી વધુ 42.74 લાખ નામોને યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. છત્તીસગઢમાં 27.34 લાખ, કેરળમાં 24.08 લાખ અને અંદમાન-નિકોબારમાં 64,000 નામો દૂર કરાયા છે. પંચના જણાવ્યા મુજબ, જે મતદારોના અવસાન થયા હોય, જેઓ લાંબા સમયથી સ્થળાંતરિત થયા હોય અથવા જેમના નામ એકથી વધુ જગ્યાએ નોંધાયેલા (ડુપ્લીકેટ) હોય, તેવા નામોને ગાળીને યાદીને અદ્યતન બનાવવામાં આવી છે. જે મતદારોના નામ આ ડ્રાફ્ટ લિસ્ટમાંથી દૂર થયા છે, તેઓને પંચે ફરીથી નામ નોંધાવવાની તક આપી છે. 23 ડિસેમ્બર, 2025થી 22 જાન્યુઆરી, 2026 સુધીનો સમયગાળો દાવા અને વાંધા રજૂ કરવા માટે નક્કી કરવામાં આવ્યો છે. જો કોઈ પાત્ર મતદારનું નામ ભૂલથી કપાઈ ગયું હોય, તો તેઓ ફોર્મ ભરીને ફરીથી અરજી કરી શકે છે. આ તમામ વાંધાઓના નિરાકરણ બાદ, 14 ફેબ્રુઆરી, 2026ના રોજ આખરી (અંતિમ) મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.ચૂંટણી પંચે તમામ નાગરિકોને અનુરોધ કર્યો છે કે તેઓ સમયસર પોતાની વિગતો તપાસી લે. ખાસ કરીને નવા યુવા મતદારો જેમની ઉંમર 18 વર્ષ થઈ ગઈ છે, તેઓ પણ આ સમયગાળા દરમિયાન નવી નોંધણી કરાવી શકે છે. પંચનું લક્ષ્ય છે કે આગામી ચૂંટણીઓ પહેલાં એક પણ લાયક મતદાર મતાધિકારથી વંચિત ન રહી જાય અને યાદીમાં કોઈ પણ ક્ષતિ ન રહે.

બેંગલુરુમાં હચમચાવતી ઘટના

## સોફ્ટવેર એન્જિનિયર પતિએ બેન્કમાં કામ કરતી પત્નીને 4 ગોળીઓ ધરબી

(એજન્સી) બેંગલુરુ | તા.24

બેંગ્લુરુમાંથી એક હચમચાવતી મૂકતી ઘટના સામે આવી છે. અહીં મંગળવારે સાંજે એક 40 વર્ષીય સોફ્ટવેર એન્જિનિયરે તેની અલગ રહેતી પત્નીને ગોળી મારી દીધી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું. ત્યારબાદ એન્જિનિયરે ખુદ પોલીસ સ્ટેશનમાં જઈને સરેન્ડર કર્યું છે. એક પોલીસ અધિકારીએ આ માહિતી આપી છે. પોલીસ અધિકારીના જણાવ્યું કે, 'પીડિતા ભુવનેશ્વરી (39) યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની બસવેશ્વરનગર બ્રાન્ચમાં આસિસ્ટન્ટ મેનેજર હતી. તે કામ પરથી ઘરે પરત ફરી રહી હતી ત્યારે આરોપી બાલામુરુગને તેને સાંજે 6:30 થી 7:00 વાગ્યાની વચ્ચે મગાડી રોડ નજીક અટકાવી હતી. ત્યારબાદ તેણે નજીકથી પિસ્તોલથી ફાયરિંગ કર્યું અને 4 ગોળીઓ ધરબી દીધી. ત્યારબાદ તેને શાનબાગ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી પરંતુ હોસ્પિટલમાં પહોંચતા જ તેને મૃત જાહેર કરવામાં આવી.' 2011માં લગ્ન કરનારા અને બે બાળકોના માતા-પિતા આ દંપતી લગ્નજીવનમાં અણબનાવ બાદ છેલ્લા 18 મહિનાથી અલગ રહેતું હતું. પોલીસે જણાવ્યું કે, 'આરોપીને તેની પત્નીના ચારિત્ર્ય પર શંકા હતી. તેનાથી દૂર રહેવાના પ્રયાસમાં ભુવનેશ્વરી છ મહિના પહેલા વ્હાઈટફિલ્ડથી રાજાજીનગર શિફ્ટ થઈ ગઈ હતી. પોલીસ લિમિટ હેઠળ આવતા ચોલુરપાલ્યામાં રહેવા જતો રહ્યો.

ન્યુઝ બ્રિફ

## દિલ્હીમાં એઆઈ એજન્ટ 'એઈલા' વૈજ્ઞાનિકોની જેમ લેબમાં પ્રયોગ કરશે



નવી દિલ્હી: આઈઆઈટી દિલ્હીના સંશોધકોએ એક એઆઈ એજન્ટ બનાવ્યું છે, જે જાતે લેબમાં પ્રયોગ કરી શકે છે અને પરિણામ પણ જોઈ શકે છે. આ એઆઈ એજન્ટનું નામ એઈલા રખાયું છે. એઈલાએ એટોમિક માઈક્રોસ્કોપ ચલાવવાનું શીખી લીધું છે. આ એક એવું જટીલ અને સંવેદનશીલ ઉપકરણ છે, જે ખૂબ જ નાના સ્તર પર પદાર્થોનો અભ્યાસ કરે છે. પહેલા માઈક્રોસ્કોપના સેટિંગમાં ફેરફાર કરવામાં આખો દિવસ નીકળી જતો હતો, પરંતુ આ કામ હવે ૭થી ૧૦ મિનિટમાં થઈ જાય છે, જેનાથી સંશોધનનું કામ ઝડપી થઈ ગયું છે. ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) દિલ્હીના સંશોધકોએ ડેનમાર્ક અને જર્મની સાથેના સહયોગમાં માનવીય દખલગીરી વિના ખરા વૈજ્ઞાનિક પ્રયોગો યોજવા સક્ષમ ઓટોનોમસ એઆઈ સીસ્ટમ વિકસાવીને મહત્વનું બ્રેકથ્રુ હાંસલ કર્યું છે. નેચર કોમ્યુનિકેશન્સ પેપરમાં એક અભ્યાસમાં રજૂ કરાયો છે. મુખ્યત્વે લેખન, ડાટા વિશ્લેષણ અથવા સવાલોના જવાબમાં સહાય કરતા ચેટજીપીટી જેવા પરંપરાગત એઆઈ સાધનોથી વિપરીત એઈલાએ એક કદમ આગળ વધીને પ્રયોગશાળામાં કામ કરશે. પ્રોજેક્ટમાં સામેલ પીએચડી સ્કોલર ઈન્દ્રજીત મંડલના જણાવ્યા અનુસાર હાઈ રેઝોલ્યુશન તસવીરો માટે માઈક્રોસ્કોપ સેટિંગમાં ફેરફાર જેવા કામમાં આખો દિવસ લાગતો હતો તે કામ હવે માત્ર સાતથી દસ મિનિટમાં થઈ જાય છે.

## મ્યુઝિક એપ સ્પોટિફાઈની 300 TBની મ્યુઝિક ફાઈલ્સની ચોરી કરાઈ

નવી દિલ્હી: સુપ્રસિદ્ધ મ્યુઝિક એપ સ્પોટીફાઈ બહુ મોટી ચોરીનો શિકાર થઈ છે. આ ચોરી પાછી જેવી તેવી નથી, ૩૦૦ ટીબી મ્યુઝિક ફાઈલ્સની ચોરી છે. અન્ના આર્કાઈવ નામના ગ્રુપે આટલા જંગી પ્રમાણમાં ગીતોની ચોરી કરીને તેને ટોરેન્ટ પર નાખી દીધી છે, જે ફ્રી મોબાઈલ એપ છે. ૩૦૦ ટીબીમાં કુલ ૮.૬ કરોડ મ્યુઝિક ફાઈલ્સની ચોરી કરવામાં આવી હોવાનું કહેવાય છે. કંપનીનું કહેવું છે કે તે આ બાબતની તપાસ કરી રહી છે. જ્યારે આ સુરક્ષા ભંગ કરનારા ગ્રુપનું કહેવું છે કે આવું તેઓએ ગીતોને સંગીત શોખીનો સુધી પહોંચાડવા કર્યુ છે. હવે તેને ગેરકાયદેસર રીતે ટોરેન્ટ દ્વારા ફેલાવવામાં આવી રહ્યા છે. આ કેસ ફક્ત મ્યુઝિક ચોરી પૂરતો જ સીમિત નથી. તેણે મ્યુઝિકની જાળવણી, કલાકારોની કમાણી અને ડિજિટલ પ્લેટફોર્મ પર સલામતી જેવા અનેક સવાલ ઊભા કર્યા છે. આ મામલે આ મ્યુઝિક ફાઈલ્સની ચોરી કરનારા અન્ના આર્કાઈવ્સનું કહેવું છે કે તેઓ ફક્ત સંગીતને સહજ રીતે વહેવા દેવા માંગે છે. તેના આધારે કંઈ નફો કમાવવા માંગતા નથી.

બનારસ યુનિ.માં વિચિત્ર ઘટના

## મૃત માની પરિવારને પેન્શન શરૂ કરાયું, કર્મચારી 12 વર્ષે જીવિત નિકળ્યો

વારાણસી: બનારસ હિન્દુ યુનિવર્સિટી એટલે કે બીએચયુમાં એક જીવિત કર્મચારીને મૃત માનીને પરિવારને પેન્શન આપવાનું શરૂ કરી દેવાયું હતું. જોકે ૧૨ વર્ષ બાદ આ કર્મચારી અચાનક યુનિ. પ્રશાસન સમક્ષ હાજર થયો અને પરિવારને મળતું પેન્શન અટકાવવાની માગ કરી હતી. જેને પગલે આ મામલામાં આગામી પગલું શું લેવુ તેને લઈને પ્રશાસન મુંજવણમાં મુકાયુ છે. રમાશંકર રામ ટાઈપિસ્ટ અને કેશબુક વગેરેનું કામ કરી ચુક્યા હતા બાદમાં તેમને હોસ્ટેલમાં વરીષ્ઠ સહાયક તરીકે નિમવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૩માં રમાશંકર અચાનક જ ગૂમ થઇ ગયા હતા. જેને પગલે બાદમાં પરિવાર દ્વારા પણ તેમના ગૂમ થવાની પોલીસમાં ફરિયાદ આપી હતી. બાદમાં નવેમ્બર ૨૦૨૫ના રોજ એટલે કે ૧૨ વર્ષ બાદ રમાશંકર રામ અચાનક જ પરત ફર્યા હતા. રમાશંકરે યુનિ. પ્રશાસનને જણાવ્યું હતું કે ૨૦૦૭ બાદ મારુ માનસિક સંતુલન ખરાબ થઇ ગયું હતું. સાથે જ લકવો પણ થયો હતો.

## 'આટલું પ્રદૂષણ છતાં એર પ્યોરિફાયર પર 18% ટેક્સ શા માટે?' કેન્દ્રને હાઈકોર્ટની લપડાક

નવી દિલ્હી : દિલ્હીમાં વાયુ પ્રદૂષણની સમસ્યા ભયંકર હદે બગડેલી છે, એવા માહોલમાં પણ સરકાર દ્વારા એર પ્યોરિફાયર પર 18% GST વસૂલાતો હોવાથી દિલ્હી હાઈકોર્ટે આ મુદ્દે સરકારને ઠપકો આપીને GST દર ઓછો કરવા કહ્યું છે. કોર્ટે કેન્દ્ર સરકારને સવાલ પૂછ્યો છે કે, 'આવી કટોકટીભરી સ્થિતિમાં પણ લોકોને સ્વચ્છ હવા આપી શકે એવા સાધનો પર આટલો ઊંચો ટેક્સ શા માટે રાખવામાં આવ્યો છે?'પ્રદૂષણથી લોકોને થતી હાનિની ગંભીરતા સમજાવતા કોર્ટે કહ્યું હતું કે, 'આપણે દિવસમાં લગભગ 21,000 વખત શ્વાસ લઈએ છીએ.

પોલીસે કર્યો લાઠીચાર્જ

## આસામમાં ફરી હિંસા, 2 મોત, 38 પોલીસકર્મીઓ સહિત 45 ઘાયલ, 2 જિલ્લામાં ઈન્ટરનેટ બંધ

આસામ : આસામના પહાડી જિલ્લા કાર્બી આંગલોંગ અને પશ્ચિમ કાર્બી આંગલોંગમાં દબાણ ખાલી કરાવવાના મામલે ફરી એકવાર તણાવ વધ્યો છે. અશાંત કાર્બી આંગલોંગ જિલ્લામાં વિરોધીઓના બે જૂથો વચ્ચે અથડામણ બાદ હિંસા ફાટી નીકળી હતી, જેમાં ઓછામાં ઓછા બે લોકોના મોત થયા હતા. જ્યારે 38 પોલીસકર્મીઓ સહિત 45 અન્ય ઘાયલ થયા હતા. હિંસક અથડામણો બાદ આસામ સરકારે સુરક્ષા કારણોસર બંને જિલ્લામાં ઈન્ટરનેટ સેવાઓ અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ખાલી કરાવવાના મુદ્દાને લઈને બંને જિલ્લામાં ફરી હિંસા ફાટી નીકળી હોવાથી સરકારે આ પગલું ભર્યું છે.આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, 'હું પશ્ચિમ કાર્બી આંગલોંગમાં પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું. આજની અશાંતિમાં બે લોકોના મોત ખૂબ જ દુઃખદ છે. શાંતિ જાળવવા માટે આવતીકાલે ખેરાનીમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવશે. આ મુદ્દા પર સ્થાનિક સંગઠનો અને બહારના જૂથો વચ્ચે લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે.

મહારાષ્ટ્રમાં NDA માં મડાગાંઠ યથાવત્!

# ભાજપની ઓફર સામે શિંદે સેનાએ બતાવ્યા 'તેવર'

(એજન્સી) મુંબઈ | તા.24

મુંબઈ મહા નગરપાલિકા (BMC)ની આગામી ચૂંટણીને લઈને મહારાષ્ટ્રના શાસક ગઠબંધન 'મહાયુતિ'માં બેઠક વહેંચણીને લઈને મોટો ગજગ્રાહ શરૂ થયો છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને ભાજપ વચ્ચે બેઠકોની સંખ્યાને લઈને મડાગાંઠ સર્જાઈ છે, જેના કારણે ગઠબંધનના ભવિષ્ય પર સવાલો ઊભા થયા છે.BMCની કુલ 227 બેઠકો માટે ભાજપે એક ફોર્મ્યુલા રજૂ કરી છે, જે મુજબ ભાજપ પોતે 150 બેઠકો પર લડવા માંગે છે, જ્યારે શિંદે જૂથની શિવસેનાને 50 અને અજિત પવારની NCPને 27 બેઠકો આપવાનો પ્રસ્તાવ હતો. જોકે, એકનાથ શિંદેએ ભાજપના આ 50 બેઠકોના પ્રસ્તાવને



સ્પષ્ટપણે નકારી દીધો હતો.શિંદે જૂથનું કહેવું છે કે મુંબઈમાં શિવસેના મુખ્ય પક્ષ હોવાથી તેમને ઓછામાં ઓછી 80થી 90 બેઠકો મળવી જોઈએ. જોકે ભાજપ જ્યારે 90 બેઠક આપવા તૈયાર થયો તો હવે એકનાથ શિંદેની પાર્ટી તરફથી 112 બેઠકોની માગણી કરાઈ રહી હોવાની ચર્ચા છે. જેના લીધે એનડીએના બંને સાથી પક્ષો વચ્ચે મડાગાંઠની સ્થિતિ સર્જાઈ છે. એકનાથ શિંદેએ ભાજપના નેતૃત્વ સમક્ષ દલીલ કરી છે કે તેમની પાસે લગભગ 100થી વધુ મજબૂત અને જીતી શકે તેવા ઉમેદવારો છે, જેમાં ઘણાં પૂર્વ કોર્પોરેટરોનો પણ સમાવેશ થાય છે. તેમણે ચેતવણી આપી છે કે જો તેમને ઓછી બેઠકો ફાળવવામાં આવશે તો BMC ચૂંટણી લડવાની આશાએ શિવસેનામાં જોડાયેલા નેતાઓને સમાવવા મુશ્કેલ બનશે. આનાથી પાર્ટીમાં અસંતોષ ફેલાઈ શકે છે અને નારાજ ઉમેદવારો ઉદ્ધવ ઠાકરે જૂથમાં પાછા જઈ શકે છે, જે મહાયુતિ માટે નુકસાનકારક સાબિત થશે. સાથે જ, આનાથી મરાઠી મતદારોમાં પણ ખોટો સંદેશ જશે, જે BMC ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. બીજી તરફ, ભાજપ પણ પોતાની વાત પર અડગ છે. પાર્ટીના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું કે શિવસેનાને 80 બેઠકો આપવી શક્ય નથી, પરંતુ વધુમાં વધુ 60 બેઠકોનો પ્રસ્તાવ મૂકી શકાય છે.

## UPમાં 52 બ્રાહ્મણ ધારાસભ્યોની બંધ બારણે બેઠકથી રાજકારણ ગરમાયું

મિર્ઝાપુર | ઉત્તર પ્રદેશ વિધાનસભાનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે અને તમામ પક્ષોના ધારાસભ્યો રાજધાની લખનૌમાં છે. ભાજપના ધારાસભ્યો પણ લખનૌમાં છે અને હવે શિયાળાનીઋતુમાંપણબ્રાહ્મણધારાસભ્યોનાએકત્રીકરણથી રાજકીય તાપમાન વધી ગયું છે. મંગળવારે સાંજે, ભાજપ અને અન્ય પાર્ટીના 52 બ્રાહ્મણ ધારાસભ્યો અને વિધાન પરિષદના સભ્યો લખનૌમાં એકઠા થયા હતા અને બંધ રૂમમાં મળ્યા હતા. ભાજપ ધારાસભ્યો સાથે અન્ય પાર્ટીના ધારાસભ્યોએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. બ્રાહ્મણ ધારાસભ્યો અને MLCsનો મેળાવડો કુશીનગરના ધારાસભ્ય પંચાનંદ પાઠકના નિવાસસ્થાને યોજાયો હતો.

# 'તો અમને જેલમાં નાખી દો..' દુષ્કર્મના આરોપી ભાજપના પૂર્વ ધારાસભ્યને જામીન મળતાં પીડિતાની બહેનનું દર્દ છલકાયું

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ઉન્નાવ દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા પૂર્વ ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગરની સજા દિલ્હી હાઈકોર્ટે મોકૂફ રાખી જામીન મંજૂર કર્યા છે. આ સમાચાર બહાર આવતા જ પીડિતાની બહેનનું દર્દ છલકાઈ ગયું હતું. તેણે ભયભીત થઈને કહ્યું કે, 'સેંગરે પહેલા મારા મોટા પપ્પાને માર્યા, પછી મારા પિતાની હત્યા કરાવી અને મારી બહેન સાથે અત્યાચાર કર્યો. હવે તે બહાર આવશે તો મને અને મારા આખા પરિવારને મારી નાખશે.'પીડિતાની બહેને રડતા રડતા પોતાની સુરક્ષા અંગે સવાલો ઉઠાવ્યા હતા. તેણે કહ્યું કે, 'અમે પહેલા જ ઘણું બધું ગુમાવી ચૂક્યા છીએ. જો તેને(સેંગરને)



બહાર જ રાખવો હોય તો અમને જેલમાં પૂરી દો, જેથી ઓછામાં ઓછું અમે જીવતા તો રહી શકીએ. ઘરમાં નાના બાળકો છે અને દરેક પળ એવો ડર લાગે છે કે ક્યાંક કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટી જાય.'પરિવારનો આરોપ છે કે કુલદીપ સેંગરના માણસો હજુ પણ ખુલ્લેઆમ ધમકીઓ આપી રહ્યા છે અને કહે છે કે, 'હવે સેંગર પાછો આવી રહ્યો છે, તમે અમારું શું કરી લેશો? અમે બધાને ખતમ કરી નાખીશું.' જામીનના આદેશ બાદ આ ધમકીઓનું પ્રમાણ વધી ગયું છે, જેના કારણે પરિવાર ભારે દહેશતમાં છે.દિલ્હી હાઈકોર્ટના આ નિર્ણય સામે પીડિતા, તેની માતા અને સામાજિક કાર્યકર યોગિતા ભાયનાએ ઈન્ડિયા ગેટ પાસે શાંતિપૂર્ણ ધરણા કર્યા હતા. પીડિતાની માતાએ જણાવ્યું કે વર્ષોના સંઘર્ષ બાદ જે ન્યાય મળ્યો હતો, તે હવે છીનવાઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. જોકે, દિલ્હી પોલીસે તુરંત જ તેમને પ્રદર્શન સ્થળ પરથી હટાવી દીધા હતા.

દિલ્હી હાઈકોર્ટે કુલદીપ સિંહ સેંગરની સજા મોકૂફ રાખતા તેને 15 લાખ રૂપિયાના અંગત લેખિત બાંહેધરી પત્ર પર અને એટલી જ રકમના જામીનદારની શરતે જામીન મંજૂર કર્યા છે. જોકે, અદાલતે આ જામીન સાથે કેટલીક અત્યંત કડક શરતો પણ જોડી છે, જેથી પીડિતા અને તેના પરિવારની સુરક્ષા જળવાઈ રહે. કોર્ટના આદેશ મુજબ, સેંગર પીડિતા અથવા તેના પરિવારના રહેઠાણના 5 કિલોમીટરના વિસ્તારમાં જઈ શકશે નહીં અને જામીનની સમગ્ર અવધિ દરમિયાન તેણે દિલ્હીમાં જ રહેવું પડશે. આ ઉપરાંત, તેને દર સોમવારે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી અનિવાર્ય રહેશે.

જર્મનીમાં રાહુલ ગાંધીનું વિવાદાસ્પદ નિવેદન

## ભારતમાં લોકશાહી પર હુમલો ઈડી-સીબીઆઈ સરકારનું શસ્ત્ર

નવી દિલ્હી: કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએભારતમાં ચૂંટણીની નિષ્પક્ષતાને લઈને ફરીથી સવાલ ઉઠાવ્યા છે. તેણે દાવો કર્યો છે કે સંસ્થાકીય માળખા પર સંપૂર્ણપણે ભાજપનો કબ્જો થઈ ગયો છે, પરંતુ વિપક્ષે તેનો સામનો કરવા માટે કોઈ રસ્તો કાઢવો પડશે. જર્મનીની રાજધાની બર્લિનની હાર્ટી સ્કૂલમાં આયોજિત સંવાદન કાર્યક્રમમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે જાસૂસી સંસ્થાઓ, સીબીઆઈ અને ઈડીનું શસ્ત્રોમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. રાહુલ ગાંધીએ બર્લિનમાં આયોજિત કાર્યક્રમ પોલિટિક્સ ઈઝ ધ આર્ટ ઓફ લિસનિંગનો એક વિડીયો સોમવારે પોતાની યુ ટ્યુબ ચેનલ પર અપલોડ કર્યો. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં ચૂંટણીની નિષ્પક્ષતાને લઈને સવાલ ઉઠી રહ્યા છે. આપણા દેશના લોકતાંત્રિક માળખા પર ચારેય બાજુથી હુમલો થઈ રહ્યા છે. તેમણે તે વાતનો ઉલ્લેખ કર્યો કે હરિયાણાની મતદારયાદીમાં બ્રાઝિલની મોડેલનું નામ ૨૨ જગ્યા પર હતું.

ભારત સરકાર દ્વારા સ્ટાઈપેન્ડ-આધારિત ઈન્ટર્નશિપ

સી-ડેક, સીઈઆરટી-આઈએન, સીએમઈટી, ઈઆરએનઈટી, એનઆઈએલઆઈટી, સમીર અને એસટીક્યુસી (પેન ઈન્ડિયા)માં કાર્ય આધારિત શિક્ષણ કાર્યક્રમ હેઠળ

ટેકનોલોજી ક્ષેત્ર
એઆઈ, એમએલ, બીડીએ, મશીન વિઝન, આરપીએ, એઆર/વીઆર, બ્લોક ચેઈન, સીપીયુ ડિઝાઈન, વાયરલેસ નેટવર્ક્સ, આઈઓટી, એજ કમ્પ્યુટિંગ અને ક્લાઉડ કમ્પ્યુટિંગ, સાયબર સુરક્ષા અને સાયબર ફોરેન્સિક્સ, હેલ્થ ઈન્ફોર્મેટિક્સ, સોફ્ટવેર ડિફાઈન્ડ રેડિયો, સિલિકોન ફોટોનિક્સ, સ્માર્ટ સિટી, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, સામગ્રી: ઈલેક્ટ્રોનિક પેકેજિંગ, બેટરીઓ, એડિટિવ મેન્યુફેક્ચરિંગ, નવીનીકરણીય ઉર્જા અને અન્ય તકનીકી ક્ષેત્રો.

ભારત સરકાર, મેઈટી દ્વારા નાણાકીય સહાયતા પ્રાપ્ત
મેઈટી, ભારત સરકારની અગ્રણી સંસ્થાઓમાં વિશિષ્ટ તકનીકો પર ધ્યાન કેન્દ્રિત કરતી વાસ્તવિક દુનિયાની અત્યાધુનિક રાષ્ટ્રીય પરિયોજનાઓ પર કામ કરીને પ્રત્યક્ષ વ્યવહારિક અનુભવ, તકનીકી જ્ઞાન, વિશ્લેષણાત્મક વિચારસરણી, વાસ્તવિક સમય પર કામ, સમસ્યા નિવારણ, તર્ક, અને વિચાર કૌશલ્ય વગેરેને વધારવાની તક અહીં છે.

ભાગ લેનાર સંસ્થાઓ

જાન્યુઆરી 2026 બેચ માટે નોંધણી
સમયગાળો: 6 મહિના
સ્ટાઈપેન્ડ - રૂ. 10,000/મહિને
અંતિમ તારીખ: 12 જાન્યુઆરી, 2026

પાત્રતા
- બી.ટેક./બી.ઈ./એમસીએ/એમ.એસસી. છેલ્લા 3 વર્ષમાં પાસ કરેલ હોય (સંબંધિત વિષયોમાં)
- બી.ટેક./બી.ઈ./એમસીએ/એમ.એસસી.ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ
- એસસી, એસટી અને ઈડબ્લ્યુએસ શ્રેણીના વિદ્યાર્થીઓ
- મહિલા વિદ્યાર્થીઓ

ખાલી જગ્યાઓ: 442

અત્યારે જ અરજી કરો: https://internship.aicte-india.org/ernet.php અથવા https://wblp.in/wbl-Opportunities મુલાકાત લો

સી-ડેક CDAC પ્રગત સંગણન વિકાસ કેન્દ્ર (સી-ડેક), મોહાલી
ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય, ભારત સરકારની એક વૈજ્ઞાનિક સોસાયટી એ-34 ઈન્ડસ્ટ્રિયલ એરિયા, ફેઝ 8, મોહાલી, પંજાબ, ભારત. ફેક્સ: +91-172-2237050-51 | www.cdac.in

CBC06134/11/0001/2526
wblp@cdac.in

કબજા નોટિસ

જેમ કે, **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ 'સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002' હેઠળ અને કલમ 13 (12) સાથે વંચાણે લેતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ લોનધારકો/સહ-લોનધારકોને **માંગણી નોટિસ** પાઠવી હતી. આ નોટિસમાં જણાવ્યા મુજબ, જે તે લોનધારકોને નોટિસ મળ્યાના **60 દિવસ**ની અંદર તેમની સામે દર્શાવેલી રકમ, વ્યાજ, આનુષંગિક ખર્ચ અને ચાર્જિસ ચૂકવી દેવા માટે જણાવવામાં આવ્યું હતું.

| ક્ર. નં. | લોન નંબર | લોનધારક / સહ-લોનધારક / જામીનદાર / ગિરવી રાખનાર | 13(2) નોટિસ તારીખ / બાકી રકમ (રૂ. માં) | કબજાની તારીખ, સમય અને પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | 31480430000490 & 31489410001172 | 1) ભૂપતભાઈ મધુભાઈ ભોજેયા, 2) ભોજેયા જોશનાબેન ભૂપતભાઈ | 13/10/2025, રૂ. 5,81,188/- (અંકે પાંચ લાખ એક્યાશી હજાર એકસો ઈઠ્યાસી પૂરા) 09/10/2025ના રોજ મુજબ | તારીખ: 23/12/2025 સમય: 01:56 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સરવા ગ્રામ પંચાયતની હદમાં બોટાદ જિલ્લાના બોટાદના તા. બોટાદ ગામની ગામતાલ જમીન પર સરવા ગ્રામ પંચાયત આકર્ણી પત્રક અનુક્રમ નં. ૦૧ અને મિલ્કત નં. ૧૫૨૭ ધરાવતા ૧૮૭.૦૦ ચો.મી. જમીન ધરાવતા મકાનની મિલકત. **પૂર્વ:** આ બાજુનો રસ્તો, **પશ્ચિમ:** આ બાજુનો ખુલ્લો પ્લોટ, **ઉત્તર:** આ બાજુનો ખુલ્લો પ્લોટ, **દક્ષિણ:** આ બાજુનો ખુલ્લો પ્લોટ. | | | |
| 2 | 30719610000877 | 1) બોલિયા વિજય ભાલાભાઈ, 2) બોલિયા બેનાબેન ભાલાભાઈ | 18/10/2025, રૂ. 13,36,020/- (અંકે તેર લાખ છત્રીસ હજાર વીસ પૂરા) 15/10/2025ના રોજ મુજબ | તારીખ: 23/12/2025 સમય: 02:40 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સુધારેલા મુજબ પ્લોટ નં.A-297 ધરાવતો સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ સ્થળ મુજબ પ્લાન અને પ્લોટ નં.૩૩૭, ૧૪X૪૫ એટલે કે ૬૩૦.૦૦ ચોરસ ફુટ, એટલે કે ૫૮.૫૨ ચોરસ મીટર બાંધકામો ધરાવતો, ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર કુલ ૧૧૭.૦૪ ચોરસ મીટર, અવિભાજિત શે સાથે બિલ્ટ-અપ વિસ્તાર લગભગ ૧૦.૦૦ ચોરસ મીટર, કુલ ૬૮.૫૨ ચોરસ મીટર, "પરમધન સોસાયટી" માં, જે સર્વે નં.૩૯૯, બ્લોક નં.૩૫૨, મોજે ગામ કામરેજ, સબ-ડિસ્ટ્રિક્ટ કામરેજ, જિલ્લો સુરત ખાતે આવેલી બિન-ખેતી જમીન પર સ્થિત છે. **સીમાઓ: પૂર્વ:** સોસાયટી રોડ, **પશ્ચિમ:** પ્લોટ નં.૩૨૧, **ઉત્તર:** પ્લોટ નં.૩૩૫, **દક્ષિણ:** પ્લોટ નં.૩૩૭. | | | |
| 3 | 30559610000304 | 1) સરફરાજ, 2) શહેજાદી મોહમ્મદ કામિલ ખાતૂન | 14/10/2025, રૂ. 10,94,105/- (અંકે દસ લાખ ચોરાણું હજાર એકસો પાંચ પૂરા) 12/10/2025ના રોજ મુજબ | તારીખ: 23/12/2025 સમય: 02:55 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** જેતપુર જિલ્લાના રાજકોટ જિલ્લાના જેતપુર નિવાસ સ્થાન નં. ૨૯ (પી) 3 અને 30 (પી) 3 ખાતે આવેલા "શ્રીજી પાર્ક" નામના વિસ્તારમાં પ્લોટ નં. ૦૫ (પી) ની ઉત્તર બાજુ ૩૭-૨૩ ચો.મી. ખુલ્લી જમીનની સ્થાવર મિલકત. **મિલકતની સીમાઓ: ઉત્તર બાજુ:** પ્લોટ નં. ૫ (પી) ની મિલકત, **દક્ષિણ બાજુ:** પ્લોટ નં. ૫ (પી) ની જમીન, **પૂર્વ બાજુ:** આર. એસ. નં. 30 (પી) ની જમીન, **પશ્ચિમ બાજુ:** ૭-૫૦ મીટર પહોળા રસ્તા. | | | |
| 4 | 31999420001111, 31999410000298, 31999800000238 | 1) મકવાણા કરણકુમાર ગણપતભાઈ, 2) મકવાણા મયુરભાઈ ગણપતભાઈ | 18/10/2025, રૂ. 15,84,474/- (અંકે પંદર લાખ ચોર્યાસી હજાર ચારસો ચુમોતેર પૂરા) 15/10/2025ના રોજ મુજબ | તારીખ: 23/12/2025 સમય: 12:12 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** મિલકત જેમાં R.S. નં. 1172P55, પ્લોટ નં. 9. પશ્ચિમ બાજુ 49.50 ચો.મી. ઘર નં. 1/255/E/EA/! વાગડિયા વાસ, મોદી સ્ટેટ ભારવાવ પાસે ગોધરા, તા. ગોધરા, જિ. પંચમહાલ ગુજરાત. **સીમાઓ: પૂર્વ:** 6.00 મીટર રોડ, **પશ્ચિમ:** પ્લોટ નં. 24, **ઉત્તર:** પ્લોટ નં. 9 લેન્ડ, **દક્ષિણ:** R.S. નં. 1172 પૈકી. | | | |
| 5 | 31969420000602 & 31969420000855 | 1) શૈલેષકુમાર લલિતકુમાર ઠક્કર, 2) ભાવનાબેન શૈલેષકુમાર ઠક્કર | 14/10/2025, રૂ. 16,34,797/- (અંકે સોળ લાખ ચોત્રીસ હજાર સાતસો સત્તાણું પૂરા) 12/10/2025ના રોજ મુજબ | તારીખ: 23/12/2025 સમય: 02:55 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર તાલુકા પાલનપુર ખાતે આવેલા બધા ટુકડાઓ અને પાર્સલ મહેસૂલ સર્વે નં. 808+812/6 પાયકી, પ્લોટ નં. 133 જમીન 100.00 ચોરસ મીટર માપતી **સીમાઓ: પૂર્વ:** 7.50 મીટર રોડ, **પશ્ચિમ:** આર.એસ. નં. 808/3/1, **ઉત્તર:** પ્લોટ નં. 132, **દક્ષિણ:** પ્લોટ નં. 134. | | | |
| 6 | 30719610000302 | 1) ભૂપતભાઈ નરશીભાઈ કળસરીયા, 2) રમીલાબેન ભૂપતભાઈ કળસરીયા | 18/10/2025, રૂ. 17,99,495/- (અંકે સત્તર લાખ નવાણું હજાર ચારસો પંચાણું પૂરા) 15/10/2025ના રોજ મુજબ | તારીખ: 23/12/2025 સમય: 04:03 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ, જેમાં ફ્લેટ નં. ૫૦૩, ૮૭૦.૨૮ ચોરસ ફુટ, સુપર બિલ્ટ અપ એરિયા અને ૫૭૦.૦૦ ચોરસ ફુટ, એટલે કે ૫૨.૯૫ ચોરસ મીટર, બિલ્ટ અપ એરિયા, "રાધે કૃષ્ણ એપાર્ટમેન્ટ" ના બિલ્ડીંગ-બી ના ૫મા માળે, સુરત શહેર (કતારગામ) જિલ્લો સુરતના સિટી સર્વે વોર્ડ સિંઘણપોરના શીટ નં. ૨૨ ચલતા નં. ૧૨૪ અને ટીકા નં. ૨૩, ચલતા નં. ૨ અને 3 ધરાવતી જમીન પર સ્થિત છે અને **નીચે મુજબ સીમા ધરાવે છે: પૂર્વ:** સંલગ્ન મિલકત, **પશ્ચિમ:** નેન્સી રહેઠાણ, **ઉત્તર:** સંલગ્ન મિલકત, **દક્ષિણ:** માર્ગ અને સંલગ્ન મિલકત. | | | |
| 7 | 36499430000566 & 36499410000534 | 1) હંસોરા હરિલાલ જયંતિલાલ, 2) હંસોરા કિરણબેન હરિલાલ | 14/10/2025, રૂ. 13,18,607/- (અંકે તેર લાખ અઢાર હજાર છસો સાત પૂરા) 12/10/2025ના રોજ મુજબ | તારીખ: 23/12/2025 સમય: 04:00 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** ઉપલેટા રેવન્યુ સર્વે નંબર 103P2P1 અને 2, તા. ઉપલેટા અને જિ. રાજકોટ ખાતે તુલસી પાર્ક તરીકે ઓળખાતા પ્લોટ નં. 55 જમીન 88-61 ચો.મી. પર રહેણાંક મકાન. **સીમાઓ: ઉત્તર:** પ્લોટ નં. 54, **દક્ષિણ:** પ્લોટ નં. 56, **પૂર્વ:** 7-50 માઉન્ટ રોડ, **પશ્ચિમ:** પ્લોટ નં. 64. | | | |
| 8 | 45189430001750 & 45189410001069 | 1) સિરવાણી હરેશકુમાર ચેતનદાસ, 2) સિરવાણી નેહા હરેશ | 15/10/2025, રૂ. 11,29,637/- (અંકે અગિયાર લાખ ઓગણત્રીસ હજાર છસો સાડત્રીસ પૂરા) 13/10/2025ના રોજ મુજબ | તારીખ: 23/12/2025 સમય: 17:16 PM સાંકેતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સ્થાવર મિલકતનો બધો ટુકડો અને પાર્સલ જમીન ધરાવતો R.S. No.826 ટિક્કા નં. A-28/5, C.S. No.1 "અજંતા એપાર્ટમેન્ટ" તરીકે ઓળખાતો બીજો માળ, ફ્લેટ નં.C-12 સુપર બિલ્ટ અપ એરિયા 54.46.09 ચોરસ મીટરનો વિસ્તાર ધરાવે છે. **સીમાઓ: પૂર્વ:** આકાશ તરફ ખુલ્લું, **પશ્ચિમ:** ફ્લેટ નં.09, **ઉત્તર:** ખુલ્લું, **દક્ષિણ:** પેસેજ/સીડી. | | | |

જ્યારે, ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓએ બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, ત્યારે ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારોને અને સામાન્ય રીતે જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ ઉપરોક્ત તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વાંચેલા ઉપરોક્ત કાયદાની કલમ 13 (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપરોક્ત વર્ણવેલ મિલકતો/સુરક્ષિત સંપત્તિઓનો **કબજો લીધો** છે. ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરો અને ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે કોઈપણ વ્યવહાર **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**ના ચાર્જને આધીન રહેશે.

સ્થળ : અમદાવાદ
તારીખ : 25.12.2025

સહી/- અધિકૃત અધિકારી
જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ વતી

**જના સ્મોલ ફાઈનાન્સ બેંક** (શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)
રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને પ્રથમ માળ, સર્વે નં. 10/1, 11/2 અને 12/2B, ડોમલુર પાસે, કોરમંગલા ઈનર રિંગ રોડ, બેંગ્લોર-560071. પ્રાદેશિક શાખા ઓફિસ: 208 થી 213, બીજો માળ, શાંગ્રીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, 100 ફીટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-380015.

## ધૂરંધર ફિલ્મને લઈને હાઈકોર્ટનો પ્રાથમિક ઓપિનિયન

ગુજરાત હાઈકોર્ટમાં ગાંધીનગરથી બે અરજદારોએ તાજેતરમાં રિલીઝ થયેલી હિન્દી ફિલ્મ 'ધુરંધર'માં બલોચ સમુદાય સામે અશ્લીલ, અપમાનજનક અને અવમાનનાસ્પદ ભાષાનો ઉપયોગ કરીને બદનામ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરીને ફિલ્મમેકર આદિત્ય ધાર, જીયો સ્ટુડિયો, CBFC, બોલિવૂડ અભિનેતા સંજય દત્ત વગેરેને પક્ષકાર બનાવીને હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજદાર પૈકી એક ઉત્તર ગુજરાત બલોચ સમાજ ટ્રસ્ટના ઉપપ્રમુખ છે.અરજદારે સંજય દત્તના પાત્ર SP ચૌધરી અસલમ દ્વારા બોલાયેલા એક સંવાદ પર વાંધો ઉઠાવ્યો છે.

સિટી

# એક્સપ્રેસ

THURSDAY 25 DECEMBER-2025

AHMEDABAD

## ક્રિસમસની ઉજવણી સંસ્કૃતિને ઠેસ પહોંચાડે છે, અમે બંધ કરાવીશું

સ્કૂલોમાં થતી ક્રિસમસની ઉજવણી અને ક્રિસમસની રજાઓને લઈને વિરોધ કરવામાં આવી રહ્યો છે. ફેડરેશન ઓફ પેરેન્ટ્સ એસોસિએશન અને ભગવા સેના દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ફેડરેશન ઓફ પેરેન્ટ્સ એસોસિએશન દ્વારા શિક્ષણમંત્રી અને જિલ્લા શિક્ષણાધિકારીને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે કે, સ્કૂલોમાં ક્રિસમસની રજાઓ ન આપવામાં આવે અને જે સ્કૂલોમાં ક્રિસમસની ઉજવણી થઈ રહી છે તે બંધ કરવામાં આવે એવી માંગ કરવામાં આવી છે તેમજ જો ક્રિસમસની ઉજવણી સ્કૂલોમાં કરવામાં આવશે તો તે બંધ કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.



### રાજ્ય સરકારે ટ્રાન્સફર કરી 'વેઈટિંગ ઇન પોસ્ટિંગ'ની કેટેગરીમાં મૂક્યા, ના.મામલતદારની પણ સંડોવણી

# 1500 કરોડના જમીન કૌભાંડ મામલે સુરેન્દ્રનગર કલેક્ટર સામે એસીબીમાં FIR

(એજન્સી) અમદાવાદ I તા. 24

1500 કરોડના જમીન NA (બીન ખેતી)કરાવવાના કૌભાંડ મામલે EDએ 23 ડિસેમ્બર, 2025ના રોજ સુરેન્દ્રનગર કલેક્ટર અને અન્ય ઉચ્ચ અધિકારીઓના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. ત્યાર બાદ બપોરે આ કેસમાં એસીબી સુરેન્દ્રનગરમાં ઈડીના અધિકારીએ સુરેન્દ્રનગર કલેક્ટર રાજેન્દ્ર મહેન્દ્ર પટેલ, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, કલેક્ટર ઓફિસના ક્લાર્ક મયુર ગોહિલ અને કલેક્ટરના અંગત સચિવ જયરાજસિંહ ઝાલા સામે લાંચ-રૂશ્વત વિરોધી ધારા હેઠળ ગુનો નોંધાવ્યો હતો.EDની કાર્યવાહી બાદ રાજ્ય સરકારે કલેકટર રાજેન્દ્ર પટેલની ટ્રાન્સફર કરી 'વેઈટિંગ ઈન પોસ્ટિંગ'ની કેટેગરીમાં મૂક્યા છે. કલેક્ટરનો ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.યાજ્ઞિકને સોંપવામાં આવ્યો છે.

23 ડિસેમ્બરે દિલ્હી ખાતે આવેલી ઈડીની સ્પેશિયલ ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીને ત્યાં રેડ કરી હતી. આ રેડ દરમિયાન 67.50 લાખ રોકડ સહિત પૈસાની લેતીદેતીના વ્યવહારો, દસ્તાવેજો તેમજ મોબાઈલમાં આ અંગેના ડેટા મળી આવ્યા છે. જે કબ્જે લઈને ધરપકડ કરવામાં આવી હતી. આજે વહેલી સવારે સ્પેશિયલ ઈડીની કોર્ટના જજના નિવાસસ્થાને રજૂ કરવા આવ્યા હતા.



### ચંદ્રસિંહના મોબાઈલમાંથી પૈસાની લેતીદેતીના વ્યવહારો મળ્યા

અમદાવાદ ગ્રામ્ય કોર્ટ સ્થિત સ્પેશિયલ કોર્ટમાં ઈડીના સ્પેશિયલ વકીલ રાજેશ કાનાનીએ એવી રજૂઆત કરી હતી કે, એમની પાસેથી રોકડ રકમ મળી છે. તેમજ જમીન હેતુફેર કરવા માટે આવેલી અરજીઓમાં લાંચ લઈને કાર્યવાહી કરવામાં આવી હોવાના દસ્તાવેજો પણ મળ્યા છે. તેમજ મોબાઈલમાંથી પણ પૈસાની લેતીદેતીના હિસાબો સહિતની વગેરે વિગતો પ્રાપ્ત થઈ છે. તેની તપાસ કરવા આરોપી ચંદ્રસિંહ મોરીને 14 દિવસના રિમાન્ડ પર સોંપવાની રજૂઆત કરી હતી. ત્યાર બાદ કોર્ટે આરોપીને 1 જાન્યુઆરી સુધીના રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો હતો.

### અરજી વિલંબિત ન થાય તે માટે સ્પીડમનીથી રૂપિયા લઈ ખંડણીનું રેકેટ

સુરેન્દ્રનગર કલેક્ટર ઓફિસમાં ચાલતા આ સિસ્ટેમેટિક NA કૌભાંડની મોડસ ઓપરેન્ડી પણ ભલભલાને ચોંકાવી દે એવી છે.
જમીન NA કરાવવા મામલે EDની તપાસમાં ખુલાસો થયો છે કે, વચેટિયાઓ અને એજન્ટો મારફતે જમીન NA કરાવામાં આવતી હતી.
જમીન NA કરાવવામાં સુરેન્દ્રનગર કલેકટર ઓફિસના કર્મચારીઓની મોટા પાયે સંડોવણી હોવાનું સામે આવ્યું છે.
આયોજનબદ્ધ રીતે ખંડણી અને ગેરકાયદેસર રીતે લાભ કરાવીને NA કૌભાંડ ચલાવવામાં આવ્યું હતું. આ કૌભાંડ CLU(ચેન્જ ઓફ લેન્ડ યુઝ) એટલે કે હેતુફેર અંતર્ગત થયેલી અરજીઓને લઈ આચરવામાં આવતું હતું. નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી પાસે જમીન NA બાબતે પાવર હતા અને તેનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.
આયોજનબદ્ધ રીતે જમીન NA કરી આપવા બાબતમાં રૂપિયા લેવામાં આવતા હતા.
આ રૂપિયા સ્પીડ મનીના માધ્યમથી અરજી વિલંબિત રાખ્યા સિવાય કામ કરી આપવામાં આવતું હતું.

**કલેક્ટરના બંગલોમાંથી 100 ફાઈલ જપ્ત :** દરોડા દરમિયાન તપાસમાં ખુલ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર જે ફાઈલનો વહિવટ કરવાનો હોય તે ઘરે લઈ જતા હતા. જેથી તેમના બંગલામાંથી 100 ફાઈલો જપ્ત કરવામાં આવી હતી, જેને લઈ કલેક્ટર પણ શંકાના દાયરામાં છે.

## 'સેલિબ્રિટી' હોવાનો નશો ઉતર્યો, જાહેર રસ્તો રોકી ફટાકડા ફોડનાર ઉદ્યોગપતિની ધરપકડ

(એજન્સી) સુરત I તા. 24

ડાયમંડ સિટીમાં કાયદો અને વ્યવસ્થાને ઠેંગે બતાવી પુત્રના જન્મદિવસની ઉજવણી કરનાર ઉદ્યોગપતિ દીપક ઈઝારદાર સામે આખરે પોલીસનો સકંજો કસાયો છે. જાહેર રસ્તા પર ટ્રાફિક રોકીને આતશબાજી કરનાર અને વાહનચાલકોને ડરાવનાર આ બિઝનેસમેનની ડુમસ પોલીસે ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું છે.

સુરતના ડુમસ વિસ્તારના ઉદ્યોગપતિ દીપક ઈઝારદારે પોતાના પુત્રના જન્મદિન નિમિત્તે કથાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ બાદ, તેમણે અને તેમના બાઉન્સરોએ જાહેર માર્ગ પર ટ્રાફિક રોકી દીધો હતો અને રસ્તાની વચ્ચે ફટાકડા ફોડ્યા હતા. આ દરમિયાન રસ્તા પરથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

જ્યારે મીડિયા અને સોશિયલ મીડિયા પર આ મુદ્દે સવાલો ઉઠ્યા, ત્યારે દીપક ઈઝારદારે બચાવમાં કહ્યું કે, 'હું એક સેલિબ્રિટી છું, તેથી મને ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે. જો મેં 5 મિનિટ રસ્તો રોકીને ફટાકડા ફોડ્યા તો તેમાં કયો મોટો ગુનો કરી નાખ્યો?' એટલું જ નહીં, જ્યારે એક કાર ચાલકે હોર્ન વગાડી રસ્તો માંગ્યો ત્યારે ઉદ્યોગપતિએ તેની પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે દલીલ કરી હતી કે, 'મેં કાર ચાલકને એટલે રોક્યો હતો કારણ કે જો પેટ્રોલ આગ પકડી લેત તો કારમાં સવાર લોકોના જીવ જોખમમાં મુકાઈ શકત.'

## ન્યુઝ બ્રિફ

### ■ અમદાવાદના બાપુનગરમાં હત્યા-આપઘાતની ચોંકાવનારી ઘટના

અમદાવાદ | અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા બાપુનગરમાં રવિવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા એક દંપતી વચ્ચે થયેલા ઝઘડાએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઉશ્કેરાયેલા પતિએ પોતાની પત્નીની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કર્યા બાદ પોતે પણ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. બાપુનગરના ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા આ દંપતીના લગ્નને ચાર વર્ષ થયા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, કોઈ પારિવારિક કારણોસર દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

### ■ 2021માં સરકારે મંજુર કરેલી પાર્કિંગ પોલીસીનો અમલના કરાયો

અમદાવાદ | અમદાવાદની હાલની ટ્રાફિક સમસ્યા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન જ જવાબદાર છે.વર્ષ-૨૦૨૧માં ગુજરાત સરકારે અમદાવાદ માટે મંજુર કરેલી પાર્કિંગ પોલીસીનો અમલ હવે ચાર વર્ષે ગુજરાત હાઈકોર્ટના આદેશને પગલે કરાવવા તંત્ર હરકતમાં આવ્યુ છે. પાર્કિંગ સ્પેસ નહી મળવાના કારણે કોર્પોરેશનના જ વાહનો અલગ અલગ રોડ ઉપર પાર્ક કરાય છે. આમ છતાં શહેરીજનો જો તેમના વાહનો રોડ ઉપર પાર્ક કરે તો તેને લોક મારી દેવાય છે કે દંડ કરાય છે.ડાહી સાસરે ના જાય એ કહેવત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રે સાચી સાબિત કરી છે.

### ■ 20 દિવસથી બંધ અમદાવાદનો સુભાષબ્રિજ તોડી પડાશે?

અમદાવાદ | અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા અને શહેરના પ્રવેશદ્વાર સમાન સૌથી વ્યસ્ત સુભાષ બ્રિજને આખરે તોડી પાડવાના નિર્ણય અંગે અટકળો ચાલી રહી છે. 50 વર્ષથી વધુ જૂના આ બ્રિજના સ્ટ્રક્ચરમાં તાજેતરમાં ગંભીર ખામીઓ સર્જાયા બાદ વિવિધ નિષ્ણાત સંસ્થાઓના અભિપ્રાયને આધારે આ આખરી નિર્ણય લેવામાં આવશે. ગત 4 ડિસેમ્બરે સાંજે સુભાષ બ્રિજમાં તિરાડો પડવાની અને એક સ્પાનનો ભાગ બેસી જવાની ઘટના સામે આવી હતી. તંત્ર દ્વારા તાત્કાલિક બ્રિજ બંધ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી. AMC એ બ્રિજની મજબૂતાઈ ચકાસવા માટે IIT રૂડકી, IIT મુંબઈ, SVNIT જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ એજન્સીઓની મદદ લીધી હતી.

### વડોદરામાં પાણીની સમસ્યા ભૂતકાળ બનશે, મહીસાગર નદી પાણી લાઈન નવી બનશે

# પોઈચા ફ્રેન્ચવેલ માટે એકસો સાત કરોડના ખર્ચે નવી લાઈન નખાશે

(એજન્સી) વડોદરા I તા. 24

વડોદરા શહેરના નાગરિકોને પીવાના શુદ્ધ પાણી માટે હવે વલખાં મારવા નહીં પડે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા મહીસાગર નદીમાં આવેલા પોઈચા ફ્રેન્ચવેલથી શહેર સુધીની હયાત પાણીની લાઈનો બદલવા માટે રૂ. ૧૦૭ કરોડના ખર્ચનું મોટું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ દ્વારા ખાસ કરીને ચોમાસા દરમિયાન સર્જાતી ડહોળા પાણીની સમસ્યા અને પાણીના ઓછા પ્રેસરની ફરિયાદનો કાયમી ઉકેલ લાવવા માટે પાલિકાએ કમર કસી છે.

### ચોમાસામાં ડહોળા પાણીની પીડાનો આવશે અંત

પાલિકાની પાણી પુરવઠા શાખા હસ્તકના ફાજલપુર, રાયકા, દોડકા અને પોઈચા ફ્રેન્ચવેલ દ્વારા શહેરનો ૫૫ ટકા પાણીનો જથ્થો પૂરો પાડવામાં આવે છે. જોકે, રાયકા ફ્રેન્ચવેલ ખાતે ચોમાસામાં સીલ્ટીંગ થવાને કારણે પાણીની આવક ઘટી જતી હતી. આ સમસ્યા નિવારવા



માટે રાયકા પાસે ૧૫૦ એમએલડીનો નવો ઈન્ટેકવેલ અને ૭૫ એમએલડીનો નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP) બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. આ સમગ્ર આયોજનનો કુલ ડીટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ રૂ. ૨૫૮ કરોડથી વધુનો મંજૂર કરાયો છે.

### એરપોર્ટ સર્કલ સુધી એમ.એસ. લાઈન નાખવામાં આવશે

આયોજનના ભાગરૂપે, પોઈચા ફ્રેન્ચવેલથી એરપોર્ટ સર્કલ સુધી અને રાયકા ટ્રીટમેન્ટ પ્લાન્ટથી હયાત ૧૩૫૪ મી.મી. વ્યાસની લાઈન સુધી નવી એમ.એસ. ટ્રાન્સમીશન લાઈન નાખવા માટે રૂ. ૧૦૭.૨૯ કરોડનું ટેન્ડર મંજૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, ઈજારદાર મે. ક્લાસીક નેટવર્ક પ્રા. લી. દ્વારા આપવામાં આવેલા ભાવપત્રકને મંજૂરી મેળવવા માટે હવે સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

### સમગ્ર વર્ષ દરમિયાન પૂરતું પાણી મળશે

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ નવી પાઈપલાઈન અને ઈન્ટેકવેલના નિર્માણથી વડોદરાના પૂર્વ અને ઉત્તર વિસ્તારના રહીશોને સમગ્ર વર્ષ દરમિયાન પૂરતું પીવાલાયક પાણી મળી રહેશે. તથ્યો મુજબ, પાલિકા આ પ્રોજેક્ટ દ્વારા પાણીના સ્ત્રોતને વધુ મજબૂત બનાવી રહી છે, જેથી ભવિષ્યમાં વસ્તી વધારાની સાથે પાણીની વધતી માંગને પહોંચી શકાય. સ્થાયી સમિતિની મંજૂરી બાદ આ લાઈન નાખવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવશે.

## પોર નજીક બામણ ગામ પાસેની ટેકનોબીટ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.કંપનીમાં શોર્ટ સર્કિટથી આગ લાગી

વડોદરા | પોર નજીક આવેલા બામણ ગામમાં આવેલી એક ઈન્ડસ્ટ્રીયલ કંપનીમાં અચાનક આગ લાગી હોવાનિ ઘટના સામે આવી છે. બીટુમીન મેન્યુફેક્ચરિંગ કરતી કંપનીમાં શોર્ટ સર્કિટના કારણે આગ ફાટી નીકળી હોવાનું જાણવામાં મળ્યું છે. જોકે સદનસીબે આગ લાગી હોવાની ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી.

આગની જાણ થતાં જ વડોદરા અને કરજણ ફાયર સ્ટેશનને તાત્કાલિક કોલ મળ્યો હતો. જેથી ફાયર બ્રિગેડની ટીમો લાય બંબા સાથે ઘટનાસ્થળે પહોંચી તાત્કાલિક દોડી આવી હતી. પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સમયસર કાબુ મેળવી લેતા કાર્યવાહી થવાથી મોટો અકસ્માત ટળી ગયો હતો.આ આગની ઘટનામાં કોઈ કર્મચારી દાઝ્યા કે જાનહાની પહોંચી ન હતી. ઉલ્લેખનીય વડોદરા ફાયર કંટ્રોલરૂમ તરફથી જીઆઈડીસી ફાયર સ્ટેશનની અંદર કોલ મળ્યો હતો કે બામણ ગામમાં આવેલી કંપનીમાં જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે આવી ગઈ હતી અને આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો અને સંપૂર્ણ કાબુમાં લીધી છે. આગના કારણે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

અમદાવાદ સાયબર ઠગાઈ | વીમા પોલિસી છેતરપિંડી નરોડામાં બની

# વેપારીએ ૨૩ લાખ ગુમાવ્યા બંધ પોલિસી ચાલુ કરાવવી ભારે પડી

(એજન્સી) અમદાવાદ I તા. 24

અમદાવાદ શહેરમાં સાયબર અપરાધીઓ અવનવા નુસ્ખાઓ અપનાવીને નિર્દોષ નાગરિકોને શિકાર બનાવી રહ્યા છે. શહેરના નરોડા વિસ્તારમાં રહેતા અને ગ્રાઈન્ડિંગ પોલિશિંગનો વ્યવસાય કરતા એક વેપારી સાથે વીમા પોલિસી ચાલુ કરાવવાના બહાને ૨૩.૦૮ લાખ રૂપિયાની છેતરપિંડી આચરાઈ હોવાની સનસનીખેજ ઘટના સામે આવી છે. આ ગઠિયાઓએ છેલ્લા ત્રણ વર્ષમાં ટુકડે-ટુકડે ૨૧૯ વખત ટ્રાન્જેક્શન કરાવીને વેપારીની જીવનભરની મૂડી સાફ કરી નાખી છે.

### દસ લાખના વળતરની લાલચ પડી ભારે

નરોડા જીઆઈડીસીમાં વ્યવસાય કરતા અમરસિંહ વાઘેલાએ વર્ષ ૨૦૧૯માં એક ખાનગી વીમા કંપનીની પોલિસી લીધી હતી. જોકે, કોરોનાકાળમાં આર્થિક તંગીને કારણે તેઓ હપ્તા ભરી શક્યા નહોતા, જેથી પોલિસી બંધ થઈ ગઈ હતી. ઓગસ્ટ ૨૦૨૨માં હિમાંશુ રાજપૂત નામના ગઠિયાએ વેપારીને ફોન કરીને પોતે વીમા કંપનીનો પ્રતિનિધિ હોવાની ઓળખ આપી હતી. ઠગે એવી લાલચ આપી હતી કે જો તેઓ બાકી પ્રીમિયમ અને દંડ પેટે ૫૬,૦૦૦ રૂપિયા ભરે, તો તેમને ૨૦૨૫ સુધીમાં ૧૦ લાખનું મોટું વળતર મળી શકે તેમ છે.

### 219 વખત ટ્રાન્જેક્શન કરાવી 23 લાખ પડાવ્યા

સાયબર ઠગોએ વેપારીનો વિશ્વાસ જીતવા માટે શરૂઆતમાં માત્ર ૧ રૂપિયો યુપીઆઈ (UPI) દ્વારા ટ્રાન્સફર કરાવ્યો હતો. ત્યારબાદ, વિવિધ ટેકનિકલ કારણો અને ચાર્જિસના બહાને વેપારી પાસેથી કોઈ પણ જાતની રસીદ આપ્યા વગર ૨૧૯ વખત નાણાં પડાવ્યા હતા. ત્રણ વર્ષના લાંબા ગાળામાં ગઠિયાઓએ કુલ ૨૩,૦૮,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. જ્યારે વેપારીએ વળતરની માંગણી કરી ત્યારે ગઠિયાઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું, જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો વેપારીને અહેસાસ થયો હતો.



### સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ અને તપાસ

ભોગ બનનાર અમરસિંહ વાઘેલાએ તાત્કાલિક અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કરીને ૪ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસે બેંક એકાઉન્ટ ડિટેલ્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આંતરરાજ્ય ગેંગની સંડોવણી હોવાની આશંકા વ્યક્ત કરી છે. તથ્યો મુજબ, સાયબર પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ નાણાં કયા ખાતાઓમાં ટ્રાન્સફર થયા છે.

# અમદાવાદ-ઢસા રોડ પર ટ્રક અને કાર વચ્ચે ભીષણ અકસ્માત, બે યુવકના મોત, એક ગંભીર

### અકસ્માતનો ધડાકો સાંભળી આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા

(એજન્સી) અમદાવાદ I તા. 24

ગઢડા તાલુકાના ઢસા-અમદાવાદ હાઈવે પર મંગળવારે મધરાતે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બે યુવકોનું મોત નીપજ્યું છે. પૂરપાટ ઝડપે દોડતી ટ્રકે સામેથી આવતી સ્વિફ્ટ કારને અડફેટે લેતા કારનું પડીકું વળી ગયું હતું અને તેમાં સવાર અમદાવાદના બે યુવકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય એક યુવકને ગંભીર ઈજા થતા હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.અમદાવાદ પાસિંગની સ્વિફ્ટ કારમાં ત્રણ યુવકો સવાર થઈને ઢસાથી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન, મધરાતે ઢસા નજીક ગઢડા રોડ પર સામેથી આવતી ટ્રક સાથે કારની જોરદાર ટક્કર થઈ હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતનો ધડાકો સાંભળી આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. જોકે, કારમાં સવાર બે યુવકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જેમની ઓળખ 37 વર્ષીય હાર્દિક ઠક્કર અને 39 વર્ષીય જીમીત રાજાણી તરીકે થઈ છે. કારમાં સવાર ત્રીજા યુવક, પુનિત ઠક્કરને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ત્રણેય યુવકો અમદાવાદના હોવાનું સામે આવ્યું છે.

કોલેજથી આત્મહત્યા સુધીની એક-એક વાત

# કાકા સાથે આપઘાત કરનારી ભત્રીજી સગીર

(એજન્સી) અમદાવાદ I તા. 24

કાકીને પ્રેમસંબંધની જાણ થતાંની સાથે રહેવા નહીં મળે એમ વિચારી કાકા-ભત્રીજીએ આપઘાત કરવાનું નક્કી કર્યું. અમદાવાદના એરપોર્ટ વિસ્તારમાં આવેલી 'ડેઈલી સ્ટે' હોટલમાં એક પ્રેમી યુગલે 17 ડિસેમ્બરે હાથની નસ કાપીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જેમાં યુવકનું મોત થયું છે, જ્યારે યુવતીનો બચાવ થયો છે. આ કેસમાં કિશોરીની પૂછપરછમાં કેટલીક ચોંકાવનારી વિગતો સામે આવી છે. યુવતી સગીર વયની છે. અગાઉ કાકા-ભત્રીજીએ કેનાલમાં ઝંપલાવીને આપઘાત કરવાનો નિર્ણય કર્યો હતો. આ માટે બે વખત ગયાં હતાં, પરંતુ વાહનોની સતત અવરજવર હોવાથી વિચાર પડતો મૂક્યો હતો. તેના બીજા દિવસે જ સવારે હોટલમાં હાથમાં બ્લેડ મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. અમદાવાદની ડેઈલી સ્ટે હોટલમાં 16મી ડિસેમ્બરના રોજ રાત્રિના નવેક વાગ્યે એક યુવક-યુવતીએ રાત્રિ રોકાણ માટે રૂમ નં.305 ભાડે રાખ્યો હતો. સવારે 10 વાગ્યે ચેકઆઉટ કરવાનું હતું, પરંતુ ચેકઆઉટનો સમય થયો છતાં રૂમ ખાલી નહીં કરતાં મેનેજરે રૂમનો ડોરબેલ વગાડયો હતો, પરંતુ રૂમમાંથી કોઈ જવાબ આવ્યો ન હતો.

### રિવરફ્રન્ટ ફ્લાવર શો આયોજન વિગત, પ્રાઈમ સ્લોટ એન્ટ્રી ફી જાહેર થઈ

# ફ્લાવર શોની મુલાકાત લેવી અમદાવાદીઓ થશે મોંઘી : ટિકિટના ભાવમાં ઝીંકાયો વધારો

(એજન્સી) અમદાવાદ I તા. 24

અમદાવાદ શહેરની શાન ગણાતા સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાનારા વાર્ષિક 'ફ્લાવર શો' ને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે ફ્લાવર શો ની મુલાકાત લેવી અમદાવાદીઓ માટે થોડી મોંઘી સાબિત થશે, કારણ કે તંત્ર દ્વારા ટિકિટના દરોમાં વધારો કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ સામાન્ય ટિકિટના ભાવમાં રૂ. ૧૦ નો વધારો ઝીંકાયો છે. જોકે, મુલાકાતીઓની સુવિધા માટે તંત્રએ 'પ્રાઈમ સ્લોટ' ની વ્યવસ્થા યથાવત રાખી છે.

### સામાન્ય અને રજાના દિવસોના નવા ભાવ

એએમસીના સત્તાવાર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વર્ષે ૧૨ વર્ષથી વધુ ઉંમરના મુલાકાતીઓ માટે સોમવારથી શુક્રવાર દરમિયાન ટિકિટનો દર રૂ. ૮૦ નક્કી કરવામાં આવ્યો છે.



જ્યારે શનિ-રવિ અને જાહેર રજાના દિવસોમાં ભીડને નિયંત્રિત કરવા માટે ટિકિટનો ભાવ રૂ. ૧૦૦ રાખવામાં આવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, કોર્પોરેશન દ્વારા ખર્ચ અને વ્યવસ્થાપનને ધ્યાનમાં રાખીને આ ભાવ વધારો કરવામાં આવ્યો છે. ગત વર્ષે જે ટિકિટના ભાવ ઓછા હતા, તેમાં આ વખતે સીધો દસ રૂપિયાનો ઉછાળો જોવા મળ્યો છે.

જે મુલાકાતીઓ ભીડભાડ વગર શાંતિથી ફૂલોની સુંદરતા માણવા માંગે છે, તેમના માટે એએમસીએ ખાસ 'પ્રાઈમ સ્લોટ' ની વ્યવસ્થા કરી છે. સવારે ૯ થી ૧૦ અને રાત્રે ૧૦ થી ૧૧ ના સમયગાળાને પ્રાઈમ સ્લોટ તરીકે જાહેર કરાયો છે, જેની ટિકિટનો દર રૂ. ૫૦૦ રાખવામાં આવ્યો છે. આ સ્લોટમાં મર્યાદિત સંખ્યામાં લોકોને પ્રવેશ આપીને તેમને વીઆઈપી અનુભવ પૂરો પાડવામાં આવશે. તથ્યો મુજબ, ગત વર્ષે આ પ્રયોગ સફળ રહેતા આ વર્ષે પણ તેને યથાવત રાખવામાં આવ્યો છે.

### બાળકો અને વિદ્યાર્થીઓ માટે વિશેષ રાહત

ફ્લાવર શોમાં બાળકોના ઉત્સાહને ધ્યાનમાં રાખીને ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે પ્રવેશ મફત રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, એએમસી સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓ માટે એન્ટ્રી ફ્રી રહેશે, જ્યારે અન્ય ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ માટે સોમવારથી શુક્રવાર દરમિયાન માત્ર રૂ. ૧૦ ના દરે ટિકિટ ફાળવવામાં આવશે. સૈનિકો અને દિવ્યાંગો માટે પણ ફ્લાવર શોમાં નિઃશુલ્ક પ્રવેશની જોગવાઈ કરવામાં આવી છે. લાખોની સંખ્યામાં ઉમટતા મુલાકાતીઓ માટે તંત્ર દ્વારા આ વખતે વિદેશી ફૂલો અને વિવિધ આકારોનું વિશેષ આકર્ષણ ઉભું કરવામાં આવ્યું છે.